કુમાર


સંસ્થાપક • રવિશંકર રાવળ

દિસેમ્બર ૩૩૬ ઈ. ૧૯૫૧



રાધાનાં રિસામણાં • શ્રીમતી રમા મુખરજી

તંત્રી • બચુભાઈ રાવત



અર્ધ્ય

કલાકાર · શ્રી યામિની રાય —— નાલંદા પબ્લિકેશન્સના સૌજન્યથી

આ અંકની કોથળી ઉપર

આપના ગ્રાહક-નંબરને છેડે '૧૨'નો અંક છાપેલો હોય તો

આ અંક સાથે આપનું લવાજમ પૂરું થાય છે

આ વર્ષે 'કુમાર' વિષે અમારે કાંઈ નથી કહેવું. કોઈ રડ્યાખડ્યા ગ્રાહકો જ એના બંધ થાય છે. અને એમાંયે 'એ નથી ગમ એમ કહીને બંધ થનારમાં તો, આકાશમાં ક્વચિત દેખાતા ધૂમકેતુ જેવા, જવલ્લે જ કોઈ નીકળે છે. બાકીના, આર્થિક સંજો કે એવાં કારણો દર્શાવીને. અને તે પણ એમ કહેતાં કહેતાં, કે 'કુમાર અમારો શિક્ષણ-સાથી છે', 'કુમારે અમારું જીવનઘડતર કર્યું છે' વગે

અમે એ જ મુદ્દા ઉપર અહીં કંઈક કહેવા માગીએ છીએ. જો 'કુમાર' આવડું ઉપયોગી નીવડ્યું હોય તો એને માટે (હ નવા વધારેલા લવાજમે) મહીને બાર આના—રોજની માત્ર પાંચ પાઈ આપણે નથી ખરચી શકતા? આપણું અંગત અર્થતંત્ર ઘણીવા 'ખાળે ડૂચા ને દરવાજા મોકળા' જેવું હોય છે. અણજાણરીતે રોજની પાંચ નહિ, પચીસ પાઈ આપણી વેડફાઈ જતી હોય છે. એને વિચાર કે એની ખોજ કરવા 'કુમાર'નું વાચન ન પ્રેરતું હોય એ કેમ મનાય?

અને આ વખતે તો બીજો પણ એક માનસશાસ્ત્રીય "હાઉ" કેટલાકને લાગશે; **લવાજમ વધી ગયું!** પણ કેટલું? 'હાઉ એ 'વધારા'નો છે: 'રકમ'નો નહિ. વધુ દલીલ નથી કરવી. આજની સ્થિતિમાં દાતણ એક પૈસાનાં દસને બદલે એક આનાનાં દસ મળત હોય, કે એક આનાવાળું શાક ચાર આને શેર મળતું હોય, તો પોણા આઠ રૂપિયામાં આ સવા રૂપિયાનો વધારો પ્રમાણમાં કેટલો છે અને તે પણ કેવા સંજોગોમાં? જે કાગળ લડાઈ પહેલાં સાડા ચાર આને રતલ મળતો હતો, અરે હજી છેક ગયે વરસે સાડા છ આને રતલ મળતો હતો તે આજે સાડા દસ આને રતલનો થઈ ગયો છે! લવાજમ અમારે લાચારીએ વધારવું પડ્યું છે. અમે ખરેખર મજબૂર છીએ

અને લાગણી તથા અનુકૂળતાવાળાઓ માટે પેલો રસ્તો હજી ખુલ્લો છે: એક નવો ગ્રાહક મોકલીને આપનું તથા તેનું 'કુમાર જૂના લવાજમે મેળવવાનો. બંનેના મળીને સાડા પંદર રૂપિયા મનીઑર્ડરથી મોકલવા. આ અંકમાં પૃ. ૪૨૩ ઉપર એની વિગત આપી છે

તો?—આપની અને અમારી બંનેની તકલીફ ઓછી કરવા આપનો નિર્ણય **આ નીચેના કાર્ડમાં ૧૫મી જાન્યુઆરી પહેલ જણાવવા કૃપા કરશો?** એમાં છ મુદ્દાઓ છે જેની સમજ એ કાર્ડની સામે આપી છે. એમાંથી જરૂરનો મુદ્દો રાખી બાકીના છેકી નાખશો

અને જો ગ્રાહક ન રહેવું હોય તોપણ કૃપા કરી તે મુદ્દો પણ ભરી મોકલશો તો ઘણો આભાર થશે, કે જેથી અમે વી.પી.કરવાન નાહકના ખર્ચમાં ન ઊતરીએ. એથી આપને માત્ર થોડી તકલીફ જ છે. પરંતુ નહિતર અમારું તો પોણા પાંચ આનાનું પોસ્ટેજ એળે જશે

છતાં, કોઈસંજોગોમાં ૧૫મી જાન્યુઆરી ૧૯૫૨ સુધીમાં આપનો નિર્ણય નહિ મળે તો, આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવાના છો એમ સમજીને, આવતો અંક વી. પી.થી મોકલીશું તે સ્વીકારી લેવા કૃપા કરશો.

નીચેના કાર્ડમાં આપનો ગ્રાહક-નંબર તો અવશ્ય ભરી મોકલશો. આ અંકની કોથળી ઉપર તે છે.

અહીંથી ફાડો અને આ કાર્ડ અવશ્ય ભરી મોકલો.

સામેના કાર્ડ વિષે સમજૂતી

લવાજમ: દેશમાં રૂા. ૯; (પરદેશમાં શિ. ૧૭) છે. તે મોકલવા જો–

(૧)મનીઑર્ડરકરશો તો ૩ આના થશે.

(૨)ચેક બે આનામાં બીડી શકશો.

(૩)પોસ્ટલ ઑર્ડર પણ બે આનામાં.

(૪)એજન્ટને ૩ આના ભરવા પડશે.

(૫)વી. પી. થી મંગાવતાં સૌથી વધુ ખર્ચ થશે: નવ આના. (૦–૯–૦)

અને ગ્રાહક ન રહેવું હોય તો પણ કૃપા કરીને તેમ જરૂર ભરી મોકલશો.

*

અને આપનો ગ્રાહક નંબર તો

અહીંથી ફાડી આ કાર્ડ અવશ્ય ભરી મોકલો.

વ્યવસ્થાપક 'કુમાર', અમદાવાદ. તા. ....

'કુમાર'ના ૧૯૫૨ના વર્ષના ગ્રાહક તરીકે મારું નામ ચાલુ રાખશો. મારો ગ્રા. ન. છે. એ માટેનું મારું લવાજમ [દેશમાં રૂા. ૯–૦–૦; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ. ૧૯

(૧) મની ઑર્ડરથી મોકલું છું.

(૨) ચેકથી મોકલું છું.

(૩) પોસ્ટલ ઑર્ડરથી મોકલું છું.

(૪) તમારા એજન્ટ .... મારફત મોક


(૫) મને આવતો અંક નીચેને સરનામે વી. પી. થી મોકલી લવાજમ વસૂલ

(૬) મારું નામ કમી કરશો.

(ઉપરના ૭ મુદ્દામાંથી જરૂરનો મુદ્દો રાખીને બાકીનો ભાગ છેકી નાખવો.)

નામ ....

કેલેન્ડર-૧૯૫૨



જાન્યુઆરી

ર.	૬ ૧૩ ૨૦ ૨૭
સો.	૭ ૧૪ ૨૧ ૨૮
મં.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
બુ.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
ગુ.	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧
શુ.	૪ ૧૧ ૧૮ ૨૫
શ.	૫ ૧૨ ૧૯ ૨૬

ફેબ્રુઆરી

ર.	૩ ૧૦ ૧૭ ૨૪
સો.	૪ ૧૧ ૧૮ ૨૫
મં.	૫ ૧૨ ૧૯ ૨૬
બુ.	૬ ૧૩ ૨૦ ૨૭
ગુ.	૭ ૧૪ ૨૧ ૨૮
શુ.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
શ.	૨ ૯ ૧૬ ૨૩

માર્ચ

ર.	૩૦ ૨ ૯ ૧૬ ૨૩
સો.	૩૧ ૩ ૧૦ ૧૭ ૨૪
મં.	૪ ૧૧ ૧૮ ૨૫
બુ.	૫ ૧૨ ૧૯ ૨૬
ગુ.	૬ ૧૩ ૨૦ ૨૭
શુ.	૭ ૧૪ ૨૧ ૨૮
શ.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯

એપ્રિલ

ર.	૬ ૧૩ ૨૦ ૨૭
સો.	૭ ૧૪ ૨૧ ૨૮
મં.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
બુ.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
ગુ.	૩ ૧૦ ૧૭ ૨૪
શુ.	૪ ૧૧ ૧૮ ૨૫
શ.	૫ ૧૨ ૧૯ ૨૬

મે

ર.	૪ ૧૧ ૧૮ ૨૫
સો.	૫ ૧૨ ૧૯ ૨૬
મં.	૬ ૧૩ ૨૦ ૨૭
બુ.	૭ ૧૪ ૨૧ ૨૮
ગુ.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
શુ.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
શ.	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧

જૂન

ર.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
સો.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
મં.	૩ ૧૦ ૧૭ ૨૪
બુ.	૪ ૧૧ ૧૮ ૨૫
ગુ.	૫ ૧૨ ૧૯ ૨૬
શુ.	૬ ૧૩ ૨૦ ૨૭
શ.	૭ ૧૪ ૨૧ ૨૮

જુલાઈ

ર.	૬ ૧૩ ૨૦ ૨૭
સો.	૭ ૧૪ ૨૧ ૨૮
મં.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
બુ.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
ગુ.	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧
શુ.	૪ ૧૧ ૧૮ ૨૫
શ.	૫ ૧૨ ૧૯ ૨૬

ઑગસ્ટ

ર.	૩૧ ૩ ૧૦ ૧૭ ૨૪
સો.	૪ ૧૧ ૧૮ ૨૫
મં.	૫ ૧૨ ૧૯ ૨૬
બુ.	૬ ૧૩ ૨૦ ૨૭
ગુ.	૭ ૧૪ ૨૧ ૨૮
શુ.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
શ	૨ ૯ ૧૬ ૨૩ ૩૦

સપ્ટેમ્બર

ર.	૭ ૧૪ ૨૧ ૨૮
સો.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
મં.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
બુ.	૩ ૧૦ ૧૭ ૨૪
ગુ.	૪ ૧૧ ૧૮ ૨૫
શુ.	૫ ૧૨ ૧૯ ૨૬
શ.	૬ ૧૩ ૨૦ ૨૭

ઑક્ટોબર

ર.	૫ ૧૨ ૧૯ ૨૬
સો.	૬ ૧૩ ૨૦ ૨૭
મં.	૭ ૧૪ ૨૧ ૨૮
બુ.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
ગુ.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
શુ.	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧
શ.	૪ ૧૧ ૧૮ ૨૫

નવેમ્બર

ર	૩૦ ૨ ૯ ૧૬ ૨૩
સો.	૩ ૧૦ ૧૭ ૨૪
મં.	૪ ૧૧ ૧૮ ૨૫
બુ.	૫ ૧૨ ૧૯ ૨૬
ગુ.	૬ ૧૩ ૨૦ ૨૭
શુ.	૭ ૧૪ ૨૧ ૨૮
શ.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯

ડિસેમ્બર

ર.	૭ ૧૪ ૨૧ ૨૮
સો.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
મં.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
બુ.	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧
ગુ.	૪ ૧૧ ૧૮ ૨૫
શુ.	૫ ૧૨ ૧૯ ૨૬
શ.	૬ ૧૩ ૨૦ ૨૭

અહીંથી ફાડી લઇને એક જાડા પૂઠા ઉપર ચોડી લેવું.

કુમારકાર્યાલય લિમિટેડ

૧૪૫૪ રાયપુર

AHMEDABAD


કુમાર

ડિસેમ્બર ૧૯૫૧

અંક ૩૩૬

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ, પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: બાર આના



Boys' Own Paper નામના ઇંગ્લંડના સામયિકના દાકતરી સલાહકાર ડૉ. ક્રિસ્ટોફર વૂડાર્ડે એના વાચકો માટે વિવિધ મર્દાની રમતો તથા હરીફાઈઓની તાલીમ દરમ્યાન શરીરને તૈયાર ને સ્ફૂર્તિમાન રાખવા માટે થોડી રોજિંદી કસરતો સૂચવી છે, તે સામાન્ય રોજિંદા આરોગ્યને માટે પણ ઉપયોગી જણાયાથી એ સામયિકના સૌજન્ય તથા આભાર સહ અહીં આપી છે તેની વિગતે સૂચનાઓ આ અંકમાં પૃ. ૪૩૧ ઉપર આપી છે.

હૃષીકેશને

· પૃથ્વી ·

વિલોકી કુરુવૃદ્ધ ભીષ્મ, ગુરુ દ્રોણ, દુર્યોધન,
જયદ્રથ, વિકર્ણ, કર્ણ, સમુપસ્થિત ક્ષેત્રમાં;
સુણી ગગરભેરી શંખ પખવાજ શીંગીતણા
મહા પ્રબલ સિંહનાદ કુરુવીરના ગાજતા:
અઘોરરવ પાઞ્ચજન્ય તવ દિવ્ય ફૂંક્યો તગે,
દળ્યાં તુમુલ ઘોષથી હૃદય ધાર્તરાષ્ટ્રો તણાં.
અને વિરલ પૂર તત્ક્ષણ જ સાહસોત્સાહનું
પ્રયુત્સુ બલવંત પાંડવકુલે વહ્યું વેગીલું.

અસંગ, અનભે, અડોલ હું ય કર્મક્ષેત્રે ઝૂરો!
નિરંતર ઝૂઝી રહું અફર સ્થૈર્ય ધૈર્યે મથી,
(ન રે, મધુર વેણુગાનતણી મૂર્છના યાચતો)
વીંધી યુગતણી કંઈ વનકતાર ને આવતા
પ્રચણ્ડ નભ પૃથ્વી ગુંબજ ગજાવતા, પ્રેરતા
અદમ્ય બલ, નવ્ય આશ, નવ પ્રાણ, એ ઘોષની
હું સૂક્ષ્મ હૃષીકેશ, એક લહરી જ યાચી રહ્યો.

મધુકર રાંદેરિયા

પછી મળીશ

· શિખરિણી ·

તને ચાહું છું, ને ચહીશ સખી, શ્વાસાંત લગીયે.
પરંતુ છે મારી તુજસમ ઘણી યે પ્રિયતમા.
બધીને હું ચાહું: નવ કદી રહું એકતરફી,
તને ચાહું એવી રિત ચહી રહું હું સકલને.

તને તો લાધી છે મિલનપળ મારી સહ ઘણી,
પરંતુ જો પેલી મુજ પ્રિયતમા કૈં સમયથી
નિહાળે છે મારો પથ, નવ નસીબે હજી લગી
પળો લાધી એને મુજ સહ સખી, સંવનનની.

હજારો હૈયાંમાં મુજ સ્મૃતિ ભરી છે, પલપલે
થતી લાગે એને દુઃખદ ભ્રમણા આગમનની;
તને ચાહું છું હું, પણ ચહું છું એને ય પ્રિય, હે!
તને ત્યાગું એના પીડિત ઉરનું સાંત્વન થવા.

બધા દર્શે, ’દર્શો યુગયુગથી રાહે નયનને
બિછાવી ઝંખે છે પલપલ પિયુ આગમનને.
મળી આવું એને પછી મળીશ તુંને ય કવિતે!

હરીન્દ્ર દવે

સામ્રાજ્ઞી છું હૃદયરાજ્યની માહરા હું,
દાસી થવા પણ પ્રિયે! તવ કેમ ચાહું?

ગીતા કાપડિયા



સંમિલન

· અનુષ્ટુપ ·

નાનકા માહરા ગેહે નાનકા ગોખલે પડયાં
અરીસો, દાંતિયો, શીશો તેલનો કૈંક વર્ષથી.
ઓચિંતાં એક દી આવ્યાં કાંસકી, કંકુની શીશી,
વાટકી તેલની નાની, બેસી તે ગોખલે ગયાં!
અને તે બેસતાંવેંત ઓતપ્રોત થઈ ગયાં,
નાનકા ગોખલે જાણે પહેલેથી નિવસ્યાં હતાં!

‘સરોદ’

જીવનના અદ્વૈતને સૂચવવા માટે કેવું અભિનવ-મધુર રૂપક; અને કેવું ઉચિત!

સૂર બિહાગ

પંછી, બાજે સૂર બિહાગ,
રાગ અહો અનુરાગ: પંછી૦

દશ દશ અંગુલિ પરસ રહી હો, દશ દશ વીણા તાર,
શત શત ગુંજી સૂર ઊઠે, શતશતઅંતરધબકાર: પંછી૦

ઘન બાદલ મેં ચમકે બિજલી, દિશા દિશા પલકાર,
સાગરની પ્રતિ લહરે લહરે, નૂતન કો ઠમકાર: પંછી૦

વન વન કુંજે કુંજે કુસુમો, ભ્રમર ભ્રમર ગુંજાર,
નયન નયનની પાંપણ પ્રગટયો નવલ વસંત બહાર: પંછી૦

મનમંદિરને ઉંબર ઉંબર દીપકતણી કતાર,
પલ પલ પ્રગટે પરમ પ્રીતનો અણથંભ્યો ઉદ્‌ગાર: પંછી૦

ગૂંથ્યા કેશ, નયનને આંજ્યાં, સોળ સજ્યા શણગાર,
રટત રટત રસના પથ લેતી પાર તણી યે પાર: પંછી૦

સુન્દરમ્

છે સ્નેહ એવી બસ એક આગ
જેનો ઉતારે નવ કોઈ વીમો!

પ્રબોધ જોશી

કવિતા(અનિયતકાલિક)ની કિંમત પરત્વે એક ગેરસમજૂત થતી લાગે છે: પોસ્ટેજ માફ છે તે એક જ અંકની ચાર નકલો મંગાવનાર માટે; ચાર જુદાજુદા અંક માટે નહિ. તેમ હોય તો તો ૧-૪-૦ મોકલવા જોઈએ; કેમકે એમાં દરેક અંકે જુદુંજુદું પોસ્ટેજ અમારે ખર્ચવું પડશે.


ભારતના કોઠામાંથી ઉત્પન્ન થએલી લોકકલાનાં જ કલાસ્વરૂપો અપનાવી તેના વ્યાકરણ ઉપર સાદાં રૂપરંગમાં નવા જ છંદ અને લય સાધતા કલાકાર



યામિની રાય

ફરી પાછી, આજથી અરધી સદી પહેલાં હતી એવી આપણી કળાની રિથતિ થતી જવાનો ભય ઊભો થયો છે. પશ્ચિમની 'મૉડર્નિસ્ટિક' પદ્ધતિઓથી આકર્ષાઈને તેનું અનુકરણ કરવા જતાં, થોડુંક આજની કળાશાળાઓની નીતિને કારણે, થોડુંક પશ્ચિમના અદ્યતન કલાસ્વામીઓની મહાન કૃતિઓની પ્રેરણાથી, ને મોટે ભાગે એમની ટેકનિકની લાલચમાં પડી જઈને, આપણે ત્યાં હમણાંહમણાં કલાકારો એવી કૃતિઓ કરતા થયા છે કે જે જાણે હિંદનાં નહિ પણ બીજા કોઈ પારકા પરદેશનાં લાગે. વાન ગૉઘ ને ગૉગાં, માનેત ને માતીસી, સિઝાં ને પિકાસો જેવા પશ્ચિમી કલાસ્વામીઓની કૃતિઓથી અંજાએલો, અને મૉડર્નિસ્ટ, સર-રિયાલિસ્ટ, ઇમ્પ્રેશનિસ્ટ, ક્યૂબિસ્ટ વગેરે જેવી ટેકનીકોનાં નામ પોપટની માફક જીભે પટપટાવતો આપણો 'અદ્યતન' કલાકાર, પોતે 'હિંદી' છે એ ભૂલી જતો લાગવા માંડ્યો છે. એ ચીતરે છે એ બીજું કાંઈક હશે પણ 'ભારતીય' તો નથી જ હોતું. કોઈ વાર તો લાગી જાય કે ચિત્રમાં તમે ફ્રાન્સનું કોઇક ખેતર, યુરોપના ટેબલ પરનાં સફરજન કે વિલાવતનો આદમી ચિત્રમાં જુઓ છો. એમાં ચોખ્ખી પરદેશી જ હવા લાગે,–હિંદની લાક્ષણિકતાનો રણકો નહિ. આપણું રંગભભકથી ઊજમાળું વાતાવરણ, ભારતીય નારીની લાવણ્યરેખા, સેંકડો વર્ષોના સંસ્કાર-સિંચનથી ઘડાએલા આપણા નમણા ઘાટ અને આકૃતિઓ, આપણી તળપદી જીવનપ્રણાલિ ને રીતરસમો, ને સદીઓથી લોકોનાં લોહીમાં રમતી આવેલી આપણી કથાગાથાઓનાં રંગદર્શી ને જીવનસ્પર્શી પ્રસંગ-ચિત્રો,–આ બધી એટલી ભરચક સંસ્કારસમૃદ્ધિ આપણે ત્યાં ધબકતી પડી છે કે ભાગ્યે જ આપણે બીજે નજર સુદ્ધાં કરવાની જરૂર પણ પડે. પણ અફસોસ, કે આપણે 'ટેકનીક'ની લાલચના માર્યા, કે નવું કરવાની લગનીમાં, ફરી પાછા અનુકરણના અંધકારમાં અટવાતા જઈએ છીએ.

સરકારી કલાશાળામાં શીખવાતી પરંપરાની તાદૃશ શૈલી, કે પુનરુત્થાન પછીની ભારતીય (બંગાળી કે બીજી કોઈ) શૈલીની રૂઢ ઘરેડમાંથી માર્ગ કાઢીને, પોતાના અંતરની ઊર્મિને ભારતની ધરતીના ધબકારની ભાષામાં બોલતી કરવાની તમન્નાથી જે કેટલાક કલાકારો




બલરામ-કૃષ્ણના આ સંયુક્ત તકતી-ચિત્રમાં બલિષ્ઠ રેખાઓમાં શોભનલીલાનું કાવ્ય વિલસી રહ્યું છે.





ઉપરઃ 'ગોપિની'—હાથમાં મહીનું પાત્ર છે તેથી? કે હૃદય આગળ ધરી રાખેલા એ પાત્રમાં (અને હૃદયમાં) કાંઇક છુપાવેલું છે તેથી? નીચે 'મેયે': કારુણ્યમૂર્તિ.



જમણી તરફ: 'કેશસંમાર્જન'-નિશદિન ઘરઘરમાં નજરે પડતું લાવણ્યનું કાવ્ય.

તીવ્ર મંથન તથા પ્રયોગોના પરિશ્રમ વેઠીવેઠીને મથ્યા છે તે સૌમાં શ્રી યામિની રાય સવિશેષ સફળ થયા લાગે છે. એમને પોતાનું દર્શન લાધી ગયું છે, અને 'ભારતના કોઠામાંથી જ ઉત્પન્ન થએલા રંગ ને લાવણ્યરેખાઓ' વડે એમણે ભારતીય નજરની જ લિપિમાં એક લાક્ષણિક ચિત્રભાષા ઘડીને પોતાનું આગવું જ વ્યક્તિત્વ ઉપસાવ્યું છે.

ઝાઝાં વળગણો વિનાની, સીધીસીધી વાત કરતી હોય એવી સરળ ચોટદાર રેખાઓ, અને સપાટ રંગપટ દ્વારા રજૂ થતાં એમનાં ચિત્રોમાં બાળકોનાં ચિત્રો જેવી સરળ અને સહૃદય સચ્ચાઈ તથા લોકશૈલીની સાદી સચોટતા બંને છે. પોતાની વાત કરવા માટે જરૂરના જ ઘાટ રાખીને બાકીનું બધું તે જતું કરે છે, છતાં તેમના સપાટ વિસ્તારો કદી ખાલી લાગતા નથી, કે તેમના લાંબા વળાંકાના સપાટામાં ક્યાંય શિથિલતા નથી જણાતી. ગ્રામજન જેવી નિર્દંભ ને નિખાલસ અને બાલમન જેવી સરલ ને નિર્દોષ એ શૈલી સર્વસામાન્ય ધારારૂપ પર રચાએલી હોઇને એ શૈલીની નિર્વ્યાજ મનોહરતા પૂર્વ ને પશ્ચિમ બંને દેશોના કલારસિકોને સરખી જ ગમી રહે છે.

પશ્ચિમ બંગાળના બાંકુરા જિલ્લામાં, જ્યાં અગ્નિ-બિહાર અને ગંગાના સપાટ ફળદ્રુપ ખીણ-પ્રદેશનો સંગમ થાય છે તે સ્થળે, બેલિયાતોડા નામે નાનકડા ગામડામાં, એક મધ્યમ સ્થિતિના પણ ઉચ્ચ ખાનદાનના નાના જાગીરદારને ત્યાં, ઈ. ૧૮૮૭ના એપ્રિલમાં યામિની રાયનો જન્મ થયો. નાનપણથી જ એ ગામડાગામના સાદા કારીગરો—સુથાર, વણકર, કુંભાર, ને પટવા લોકોનાં કસબ કારીગરીમાં કુમાર યામિનીને રસ પડતો; અને એ લોકો જે નાનાવિધ ઘાટરૂપનાં વાસણો, રમકડાં તેમજ ભાતભાતનાં કપડાં બનાવતા, દુર્ગાપૂજા માટેની મૂર્તિઓ ને પૂતળીઓ ઘડતા, અને ઓળિયાં તથા પટ ચીતરતા તે ઊંડા કુતૂહલથી તે જોયા જ કરતો. પછી તો તેમના વધુ સંપર્કમાં આવીને તે એમનાં ચીતરામણોની આકૃતિઓ અને જુદીજુદી ભાતોની નકલો પણ ઉતારતો. તેનું આ વલણ જોઈ તેના પિતાએ, તે સોળ વરસનો થતાં કલકત્તાની સરકારી કલાશાળામાં તેને અભ્યાસ કરવા મોકલ્યો. બધી સરકારી કલાશાળાઓની જેમ એ પણ એ કાળે પશ્ચિમનું નિર્જીવ અનુકરણ કરાવતી બંધિયાર પ્રણાલિમાં સડતી

સંસ્થા હતી. છતાં એટલું કહેવું જોઇએ કે થાટ અને આકૃતિની વિવિધ લીલામયી સૃષ્ટિનો ઉછાળો હૃદયમાં ભરીને આવેલા આ કિશોરના હાથને આલેખનની જરૂરી તાલીમ તો ત્યાં મળી ગઇ. પછી તો એણે જોતજોતાંમાં લૉર્ડ લેઇટન, એડવર્ડ જે. પૉઇન્ટર અને આલ્મા ટૅડેમા જેવા પશ્ચિમી કલાસ્વામીઓની ઢબે હૂબહૂ મનોરમતા વાળાં ઑઇલ પેઇન્ટિંગ કરવાની પદ્ધતિ હાથ કરી લીધી; અને શાળાનો અભ્યાસ પૂરો થવા આવ્યો ત્યારે તો કલકત્તાના કલાજગતમાં નવોદિત કલાકાર તરીકે તેણે પોતાની પ્રતિષ્ઠા જમાવી દીધી હતી.

પણ એમની એ કારકિર્દીના પ્રારંભકાળની કૃતિઓમાં માત્ર યુરોપી પદ્ધતિનો ચીલો જ નથી. વિષયનિદર્શન અને શૈલી રૂઢિચુસ્ત છતાં એકવીસ વર્ષની વયે કરેલાં એમનાં એ ચિત્રોમાં એમના બધા સમકાલીનો કરતાં શાસ્ત્રશુદ્ધ ચોકસાઇ અને પીછીનું પ્રભુત્વ એમનું ઘણું ઊંચું હતું. આ કાળે કરેલાં એમનાં તસ્વીરચિત્રો (પોર્ટ્રેટ્સ)માં, અમેરિકન તસ્વીર-કલાનવેશ વ્હિસ્લરની અભિનવતા જેવો ચમત્કાર હતો. જોકે એમને તો એના અનુસરણનો ખ્યાલ પણ ન હતો. એમનું મન તો પોતાના અંતરની અભિવ્યક્તિ શોધવા મથતું હતું. પોતાના અંતરમાં રહેલો ઉછાળો, પોતાને લાધતું દર્શન, કેમ સ્પષ્ટતમ રૂપ પામે, કઈ નવી પદ્ધતિ કે રૂપપ્રણાલીદ્વારા એને મનભરરીતે વ્યક્ત કરી શકાય તેના અખતરાઓનો તરવરાટ એમનામાં ભર્યો પડ્યો હતો. ને એ જ ધૂનમાં એ મસ્ત રહેતા.

આ સિવાય એમને કોઈ શૉખ ન હતો. પ્રવાસ પણ એમણે ક્યાંય કર્યો નથી,—બલ્કે કલકત્તા પણ ભાગ્યે જ છોડયું છે. બહુ વાંચ્યુંલખ્યું પણ એમણે નથી. લગની એકમાત્ર હતી ચિત્રકળાની—એ દ્વારા પોતાના ઉરભાવ વ્યક્ત કરવાની. એ જ કાળમાં બંગાળમાં શ્રી અવનીન્દ્રનાથ ટાગોરના નેતૃત્વ નીચે ભારતીય કલાપ્રાણની જાગૃતિની ચેતના ઝણઝણતી હતી. તેના રંગે પણ એ રંગાયા અને એ શૈલી દ્વારા પણ એમણે પોતાની અભિવ્યક્તિ અજમાવી જોઈ. પણ એ અખતરા પૂરતી. તેની છાયામાં તણાઇને ચીલાચાલુ એ કદી થયા નહિ. પશ્ચિમી આબેહૂબ આલેખનો કરવાની શૈલી એમને જડ લાગતી હતી અને નવી 'બંગાળી' શૈલીની ઘરેડનાં આલેખનો ફિક્કાં ને રોગિષ્ટ જેવાં થતાં જતાં હતાં. આમ, કશાથી એમને સંતોષ થતો ન હતો. એટલે એ એ નવી શૈલીનો આદર્શવાદ ને પશ્ચિમી શૈલીનો વાસ્તવવાદ, બંને સંમિલિત કરીને પોતાના મંથનને માર્ગ આપવાનો પ્રયત્ન એ કરતા રહ્યા.

એવામાં એમના પિતાનું અવસાન થયું અને એમની મિલ્કત ત્રણ પુત્રોમાં વહેંચાઈ ગઈ. એમાં પોતાને ભાગે જે કાંઇ આવ્યું એથી યામિની રાયના બહોળા કુટુંબનું પોષણ થઈ શકે તેમ ન હતું. વળી જમીનદારીની જંજાળ ને જવાબદારીઓ સંભાળવા જેટલાં એમનાં વૃત્તિ-વલણ પણ ન હતાં. એટલે એમણે તો પોતાનો ચિત્રકારનો પેશો જ ચાલુ રાખવાનો નિરધાર કર્યો. પણ એ માર્ગ ઘણો કપરો હતો. એમને એનું ભાન પણ હતું. તસ્વીરાલેખન તથા બીજી કલાકૃતિઓ ચીતરાવીને ખરીદનારો વર્ગ કલકત્તામાં ધીમેધીમે ઘસાતો જતો હતો, અને વેપારધંધાથી આડી રાતમાં નવા ઊભા થતા પૈસાદાર વર્ગને આ કળા ફળાની કાંઈ પડી ન હતી. છતાં યામિની રાય એ સોટીને માર્ગે વિચલિત રહ્યા. એમાં એમનાં પત્ની ને પુત્રોએ ભક્તિપૂર્વકનો અને મનભર સાથ દીધો.

એમનાં બાળકોનો ઉલ્લેખ અહીં ઇરાદાપૂર્વક કર્યો છે, કેમકે એ બાળકો અને એમનાં ચિત્રોમાંથી જ એમને પોતાના આ પ્રયોગો કરવાની પ્રેરણા, પ્રોત્સાહ ને હિંમત મળ્યાં. એમનો મોટો છોકરો જે એક જંગલમાં કરુણ અકસ્માતમાં માર્યો ગયો, તે એક આશાસ્પદ ચિત્રકાર હતો અને એમનો ચોથો પુત્ર પટલ તો આજે પણ એમની સાથે જ કામ કરે છે.

આખરે ૧૯૨૧માં, ચોત્રીસ વર્ષની સ્થિર વયે એમને પ્રતીતિ થઈ ગઈ કે આ યુરોપી કેવાસ્તદર્શી કોઈ કળાથી પોતે જે અભિવ્યક્તિને માટે મથી રહ્યા છે તે સાધ્ય થઈ શકવાની નથી અને કોઇ નવો જ નિજી માર્ગ શોધવો પડશે. જે આંતરમનનો અભ્યાસી છે તેને એવો માર્ગ મળી જ રહે છે. યામિની રાયને પોતાનાં બાળકોની કૃતિઓ અને પોતાનાં બાળપણનાં સ્મરણોમાં એ માર્ગ મળી ગયો.

પોતાની જનમભોમના ગામડા ગામમાં જે કુંભાર, સુતાર, વણકર ને પટવાની સાદી સરળ રેખાવટ અને રંગાવટ એમણે રસ અને કુતૂહલથી માણી હતી એનો આંતરપ્રવાહ આ બધાં વર્ષ દરમ્યાન એમનામાં અણદીઠ વહ્યા કરતો હતો. પોતાની ખોજનો દોર એમને એ લોકકલામાં લાધી ગયો.

સપાટ ભભકભર્યા રંગો અને જાડી જોરદાર રેખાઓથી આલેખાતાં રમકડાં, પટ, ભીંતચિત્રો વાસણો ને વસ્ત્રભાતોની એ તળપદી લોકશૈલી સમસ્ત ભારતમાં એકસરખી છે. મંદિરની ભીંતોથી માંડી આંગણાની રંગોળી ને માટીનાં રમકડાં સુધી, એ લોકપીછી નિશ્ચિત પરંપરાની લઢણથી આજ અનંતકાળથી રમતી આવી છે. બંગાળમાં પ્રચલિત એ લોકશૈલીની વિશિષ્ટ લઢણને માધ્યમ બનાવીને એમણે

સુભાષિત

· ઉપજાતિ ·

पुराणमित्येव न साधु सर्वं
न चाऽपि काव्यं नवमित्यवद्यम्।
संतः परीक्ष्यान्यतरद्भजन्ते
मूढः परप्रत्ययनेय बुद्धिः॥


જૂનું જ માટે નથી સર્વ સારું,
ન કાવ્ય છે નિંદ્ય નવીન માટે;
સંતો પરીક્ષા કરી એક સેવે,
દોરાય મૂઢો પરબુદ્ધિથી જે.

[વિવરણ: માનવસ્વભાવનો ઊંડો અનુભવ ધરાવતા, દુનિયાના સર્વશ્રેષ્ઠ મહાકવિઓમાં આપણા કવિકુલગુરુ કાલિદાસનું સ્થાન મોખરે છે. એમનો આ શ્લોક ખૂબ જાણીતો છે. શ્લોક છે તો કાવ્યને વિષે, પરંતુ લોકવ્યવહારના દરેક ક્ષેત્રને એ સ્પર્શે છે. કોઈ પણ પ્રશ્ન માટે લોકો એકમત હોતા નથી. એકથી વધારે પક્ષોની ખેંચતાણ હમેશાં ચાલુ હોય છે. પોતાની બુદ્ધિ ન વાપરીને દરેકના કહેવા પ્રમાણે કરનાર 'બાપ દીકરો ને ટટ્ટુ'ની વાત આપણામાં જાણીતી છે, જેમાં છેવટે એ લોકોએ ટટ્ટુ ગુમાવ્યું. જગતમાં દરેક ક્ષેત્રમાં આવું બને છે. આનો અર્થ એમ નથી કે કોઇની સલાહ ન લેવી. આપણા કરતાં વધુ અનુભવી સત્પુરુષની સલાહ તો જરૂર લેવી; પરંતુ આપણી પોતાની બુદ્ધિથી પ્રશ્નનો વિવેકપુરઃસર વિચાર કરી, સલાહની તુલના કરી કાર્ય કરવું. કેવળ એકલી પરબુદ્ધિથી જ દોરાનારને કવિ 'મૂઢ' કહે છે.

આ સૂત્ર લોકશાહીમાં ખૂબ જ મહત્ત્વનું છે. લોકશાહીમાં વ્યક્તિનો મત એ જ એની સત્તા છે, અને એ ખૂબ પવિત્ર છે. એમાં મહાકવિ કાલિદાસના આ અનુભવવાક્યનો ઉપયોગ થાય તો જ શુદ્ધ લોકશાહીની સ્થાપના થઇ શકે.—ર. ભી.]








મથાળે: વૈષ્ણવ ભજનિકોમાં કોઇ વ્યક્તિવિશેષની તસ્વીર કરતાં એક આખા સમાજની લાક્ષણિક મુદ્રા તમને લાગે; નીચે : માનવજાત માટેના પ્રેમ અને વેદનાથી નીતરતો ઈશુ ખ્રિસ્તનો ચહેરો. જમણી તરફ: માતા ને બાળક: સર્વ સ્થળ-કાળનાં લોકહૃદયને સ્પર્શતો વિષય: લોકની જ ચિત્રભાષાની સાદી રેખાઓમાં નારીત્વની લય અને માતૃત્વનું માધુર્ય રેલાવતું ચિત્ર.

પોતાના ફરભાવ વહેવડાવવા માંડયા. સાધનની સાદાઇ પણ એમણે એજ અપનાવી. વિન્સરન્યૂટનની ગબલખ પશ્ચિમી તેલરંગોની સૃષ્ટિના રમાડનારોતે કાબેલહાથ એટલા જ લાઘવથી ઘેર ઘૂંટેલા હવે માત્ર સાત સાદા રંગોથી પોતાની ભાવનાસૃષ્ટિને ધરતીની ભાષામાં લોકો આગળ રજૂ કરવા લાગ્યો : લાલ, પીળો, લીલો, આસમાની, સિંદુરિયો, રાખોડી ને સફેદ. એમાંના પહેલા ચાર, દેશની રંગીન માટી ને રંગીન પત્થરોને આંબલીના કચૂકાની લાહીમાં ઘૂંટીને બનાવાતા. સિંદુરિયો સિંદુરમાંથી, ભૂખરો નદીના કાંપમાંથી ને સફેદ ખડીને ઘૂંટીને બનાવી લેવાતો. કાળો રંગ તો દીવાની મેશ જોઇએ તેટલો આપી રહે. ચિકાશની જરૂર પડે ત્યારે અંદર ઇંડાંની સફેદી (અનુસંધાન પૃ. ૪૩૨મે)

જીવો અને શિવો

શ્રી રણુજિત દેસાઇની વાર્તા ઉપરથી

અનુવાદક
સુમતિ ર. દલાલ



C. Studio Ltd.

મુંબાઈની ધાંધલ થોડાક કલાક માટે અંધકારને ખોળે લપાઇ ગઈ હતી. બધે શાંતિ પ્રસરી ગઇ હતી. રાણીબાગમાં પણ તદ્દન શાંતિ હતી. દિવસભર ઘોંઘાટ મચાવી મૂકતાં, અને રાતે પણ સહેજ સંચાર થતાંમાં ચિચિયારીઓથી આખું વાતાવરણ ખળભળાવી મૂકતાં માકડાં પણ શાંત હતાં. માત્ર એક ચિત્તાના પાંજરા પાસે એક માણસ બેઠો હતો. એ પેલા ચિત્તા સાથે સાવ ધીરા અવાજે કશુંક બોલતો હતો. એનાં કપડાં મેલાં હતાં. એના બોલવાના અવાજ ઉપરથી એ રડતો હોય એમ લાગતું હતું. પિંજર-ની જાળીમાંથી એણે પોતાનો હાથ અંદર નાખ્યો હતો અને ચિત્તો એના હાથ સાથે પોતાનું શરીર ઘસતો હતો. કેટલો વખત પસાર થયો એનું બેમાંથી એકને ભાન હોય એમ જણાતું નહોતું. પ્રાતઃકાળ થવા આવતાં સૌથી પહેલી સિંહે ગર્જના કરવી શરૂ કરી. અને એ અવાજ સાથે પેલો ભાનમાં આવ્યો. જલ્દી જલ્દી એણે પોતાના ખિસ્સામાંથી એક પડીકું કાઢ્યું, અને તે છોડીને એ ચિત્તાની સામે ધરીને કહ્યું, 'લે, આ ખા.' ચિત્તાએ તરત જ એ વસ્તુ ખાઈ લીધી. એ માણસના મોંમાંથી એક અસ્પષ્ટ ડૂસકું સંભળાયું. અને પછી ઝટપટ પોતાના ખમીસની બાંય મોંમાં દાબતો એ ત્યાંથી નાસી છૂટ્યો. દરવાજે બેઠેલા સિપાઇએ જોયું તો એ ઘેરા અંધકારમાં કોઇક માણસ ઉતાવળો ઉતાવળો અદ્દશ્ય થતો હતો. એ સીટી વગાડવાનો વિચાર કરતો હતો. પણ એને થયું કે કોઇ પૂછશે કે એ માણસ અંદર શી રીતે પેઠો, તો શો જવાબ દેવો? અને એણે સીટી પાછી મૂકી દીધી.

એ નાસી છૂટેલા માણસનું નામ હતું શિવો.

મૂળ એ મુંબાઇનો નહિ, પણ શિકારપુર સ્ટેટનો વતની. એનો જન્મ એ સ્ટેટના રાયબાગ ગામમાં થયો હતો. સ્ટેટના બાપુ શિકાર-ના ખૂબ શોખીન હતા. તેમાં પણ હિંદમાં પ્રાચીન કાળથી ચાલી આવતી 'ચિત્તા શિકાર'ની પ્રથા હાલ ત્યાં જ વધારે પ્રમાણમાં ચાલતી. ના ના કહેતાં યે રાજ્યના ચિત્તાઘરમાં ૨૦-૨૫ ચિત્તા તો હમેશ હોય જ. અને એના શિકારને માટે રાજ્યમાં મોટા મોટા 'હરણ-પાર્ક' બનાવવામાં આવ્યા હતા. એવો જ એક મોટો પાર્ક રાયબાગમાં હતો. એટલે ત્યાં ચિત્તા-શિકાર જોતાંજોતાં જ શિવો નાનેથી મોટો થએલો. રાયબાગમાં મહારાજનો શિકાર-કૅમ્પ આવે ત્યારે શિવાને બીજું કાંઈ સુઝે નહિ. ત્યાં રાયબાગના મુખીએ મહા-રાજની તહેનાત માટે નીમેલા છોકરાઓમાં શિવો જરા આગળ-પડતો ગણાતો. ચિત્તાની ગાડીઓ સાથે પાર્કના પાર્ક ખૂંદવામાં શિવાને બહુ મજા પડતી. અને એ જ રીતે પછીથી મુખીની ખાસ ભલામણથી શિવો શિકારપુરના ચિત્તા-ઘર સુધી પહોંચ્યો. એ પહેલાં તો ત્યાં ચિત્તાની ગાડીઓના બળદોના રખેવાળ તરીકે હતો, પણ એ કામમાં યે એને બહુ ધ્યાન પહોંચે. પોતાના બળદવાળી ગાડીનો ચિત્તો વધુ શિકાર કરે એ જોવામાં એનાં તનમન ગૂંથાએલાં રહે. એને ચિત્તા પર એટલો નેહ કે સહેજ પણ નવરાશનો વખત મળે કે એ કોઇ ને કોઇ ચિત્તા પાસે જઈ બેસે. ચિત્તાનો રખવાળ અને શિકારી ગપ્પાં મારતા હોય એ સાંભળવામાં શિવો ખાવુંપીવું સુદ્ધાં ભૂલી જાય!

એક વખત મહારાજા સાહેબ આફ્રિકાથી ખાસ મંગાવેલા બે ચિત્તા લઇને ચિત્તા-ઘરમાં આવ્યા. બધા ફેંટા સંભાળતા સામા ગયા. મુજરો વગેરે પતતાં જ મહારાજે બૂમ મારી, 'ઇસ્માઇલ–'

'જી!' કહી ઇસ્માઇલ આગળ આવ્યો.

'આ જો, બે ચિત્તા આણ્યા છે. એમને બરાબર તૈયાર કરો. છ માસ બાદ મોટા સાહેબ શિકાર જોવા આવનાર છે, એમને અચ્છો શિકાર આપવો જોઇશે. એમાંનો એક તારી પાસે રાખ અને બીજો–'

એ ઉમદા જાનવર જોવામાં મશગૂલ થઈ ગએલા શિવાને કાંઈ જ ભાન ના રહ્યું. એણે આગળ આવીને કોઈના લક્ષમાં કાંઇ આવે એ પહેલાં જ કહ્યું, 'મને આપો, જી.'

બધા ચકિત થઇ ગયા! ઈસ્માઇલે આંખો કાઢી. હવે શું થશે એ બીકથી શિવો પણ અર્ધો મરી ગયા જેવો થઈ ગયો! પણ મહા-રાજ ખુશીમાં હતા. એમણે પૂછ્યું, 'નામ શું 'લ્યા તારું?'

'જી, શિવો.' ઈસ્માઇલે જ જવાબ દીધો, 'આપણા રાયબાગના બજાબાનો દીકરો. બે વર્ષથી અહીં જ છે, બળદ ઉપર.'

'કેમ 'લ્યા શિવા! ધાર કે હું આને તને સોંપું, તો બતાવીશ કે શિકાર હવેની મોસમમાં?'

શિવાએ શરમાઈને મોં નીચું ઢાળ્યું. હવે મહારાજનો નિર્ણય શો આવે છે એ સાંભળવા એ ઉત્સુક હતો.

'વારુ, તો ઈસ્માઈલ! આને ચિત્તા ઉપર નીમો અને આ બીજો એને આપો. પણ તું એની ઉપર નજર રાખજે, હો.'

શિવો આગળ આવ્યો અને એણે મહારાજને પગે માથું મૂક્યું. સૌએ મુજરો કર્યો. મહારાજની ગાડી ગઈ. સૌ એ પીંજરા પાસે એકઠા થયા. શિવાએ પોતાના ચિત્તાનું નામ પાડ્યું 'જીવો'!

જીવો સાચે જ ખૂબ મોટું જાનવર હતું. એનું લાંબું ઝડ શરીર, સોનેરી રંગમાં ઊપડી આવતાં કાળાં ભમ્મર ચાઠાં, બેદરકાર આંખે-નીકળીને છેક ગળા સુધી પહોંચતી કાળી લકીરો વગેરે એના મિજાજ-ખોર ચહેરાને વધુ બિહામણો બનાવતાં. એ પાંજરા સાથે શરીર

ઘસતો સ્વસ્થપણે ચાલવા માંડે કે કોઈ સુલતાન યાદ આવી જાય!

માણસના સહવાસથી અપરિચિત જીવાને પગ, મોં અને ગળેથી સખત જકડીને થાંભલા સાથે બાંધ્યો, અને પછી એના શરીર ઉપર એકસરખો માનવ હાથ ફરવા લાગ્યો. તો યે એનું શરીર પાણી પાણી થઇ જતું. એનો ઘરઘરાટ સાંભળીને કેટલી યે વાર શિવાને થતું કે એ માણસો સાથે કદી યે હળશે ખરો કે નહિ? ધીરેધીરે જીવાને માણસો પોતાને હેરાન નથી કરતા એની ખાતરી થઈ. એનો ઘરઘરાટ પણ ઓછો થવા લાગ્યો. પાંચ છ દિવસ પછી એના પગની સાંકળો છોડીને એને બહાર ખુલ્લામાં ઊભો રાખવામાં આવ્યો. પણ એની આંખમાં હજી અજાણ્યાના ભાવ તો હતા જ. પણ પછી તો હમેશના સહવાસથી એને ખાતરી થઈ કે આ માણસો એને દુઃખ દે એમ નથી.

એ પછી દરરોજ એની સંભાળ શરૂ થઈ. એને ખુલ્લા ખેતરમાં બાંધતી વખતે શિવો એના વાળ પંપાળતો. એનાં ઓછા થઇ ગએલા વાળ જોઇ એને પૂછતો: 'અલ્યા આ તારા વાળ પાછા આવવાના કે નહિ?' એની કમર ઉપર એ એવી તો સાચવીને દોરી બાંધતો કે જીવાને એની ખબર પણ પડતી નહિ. એના શરીર ઉપર હાથ ફેરવતી વખતે એ ઘરઘરાટ કરવા માંડે તો કલાકના કલાક એની સાથે બેસીને અનેક વાતો કરીને શિવો પોતે એનો મિત્ર હોવાની ખાતરી કરાવી આપતો. એના હાથ નીચેનાં માણસો જરા પણ આડુંમોળું બોલે તો યે એ ચલાવી લેવા તૈયાર નહોતો. એમ કરતાં ધીમેધીમે જીવાની અતડાઈ તૂટતી ચાલી. એ શિવાનો અવાજ ઓળખવા લાગ્યો. અને પછી તો રોજ એ કવાયત માટે બહાર નીકળવા લાગ્યો. ચાર માણસો એને કાઢીને સાંકળો બાંધતા અને માથે કાળું કપડું ઓઢાડતા. શિવો દાવમાં માંસ આણીને, શરીર ઉપર કાળું ઉપરણું ઓઢીને, ખૂબ લાંબે અંતરે ઊભો રહીને એને 'ઈ...હ...હ...હ...' એવો સાદ પાડતો. અને એનો એ અવાજ સાંભળતાં જ, જીવો પોતાના માથા ઉપરનું કપડું ખસેડાઈને લોઢાની સાંકળો છૂટતાં જ તીરવેગે દોડી જઇ સામે લાકડી ઉપર માંસ પકડીને નાસતા શિવાને બે ત્રણ મિનિટમાં તો આંબી લેતો અને લાકડી ઉપર લટકાવેલું પોતાના દાવનું માંસ ખાવા માંડતો.

એક દિવસ શિવો ગામમાંથી પેંડા લાવેલો. એમાંથી એક એણે જીવાને ખવડાવ્યો. જીવાને એ એટલો તો ભાવ્યો કે પછી તો એને પેંડા ખવડાવવામાં શિવાને ખૂબ આનંદ પડવા લાગ્યો. પેંડાની વાસ આવી ના આવી કે એ એની સાપ જેવી પૂંછડી વાળી લે, ને 'ગૅંક' કરીને ગળામાંથી કોમળ અવાજ કાઢે. પછી જોરથી એનું શરીર શિવા સાથે ઘસે. ચિત્તાને આવીતેવી ટેવો પાડવાનું ઈસ્માઇલને ન ગમે, તો યે ચોરીછૂપીથી એ જીવાનો શોખ પૂરો પાડે. જીવાને પેંડાની તો એટલી લગન લાગેલી કે કદાચ દાવ પણ એ પડતો મૂકી દે.

એનો કાયમનો મિજાજ છોડાવવા જ્યારે શિવો એને બેલગાડીમાં લઇ ગામમાં ફેરવવા નીકળતો ત્યારે તે એને ગામની બધી વાતો સમજાવી સમજાવીને કહેતો. જાણે કોઈ જૂની મિત્રને સમજાવતો ન હોય. છેવટે ફાંસા-પારધીએ પકડી આણેલા હરણ ઉપર જીવાને શિકારની કેળવણી આપવામાં આવી અને જીવો તદ્દન તૈયાર થઇ ગયો.

ઉનાળો આવ્યો. સીઝન શરૂ થઇ. ગાડીઓની સાફસૂફી ને તેલપાણી શરૂ થયાં. પોતપોતાના ચિત્તા તૈયાર કરવામાં સૌ ચિત્તાવાનો ગૂંથાયા. શિવાને પણ નવચૈતન્ય મળ્યું હોય એમ લાગતું હતું. કેવી ધમાલ એણે માંડી હતી! સાંકળોની સાફસૂફી, પટ્ટાની તપાસ, જીવાની માવજત, એના પગની સંભાળ વગેરે એના હુકમોનું પાલન કરતાં-કરતાં હાથ નીચેના માણસોના પગે રસ ઊતરતા. અંતે એક દિવસ વાડામાંથી ચિત્તાઓને રાયબાગ લઇ જવાનો હુકમ આવ્યો. બીજે દિવસે શિવો ઇશ્વરને પ્રાર્થના કરીને, કેટલી યે માનતાઓ માનીને જીવા સાથે ગાડી પલાણ્યો. આખું ચિત્તાખાનું ઊપડ્યું.

સૌ મુકામે પહોંચ્યા. મહારાજ પહેલેથી આવી ગયા હતા. શિકારની બધી તૈયારીઓ કરવામાં બે દિવસ ચાલ્યા ગયા. પોતાના ગામના લોકોને શિવો આજ કેટલે યે દિવસે મળતો હતો. પણ એની પાસે જીવા સિવાયની વાત માટે બીજા શબ્દો જ નહોતા. શિકારના આગલા દિવસે જીવાને અરધેપેટ રાખવામાં આવ્યો હતો. શિકારને દિવસે સવારે શિવો પોતાના હાથ નીચેના અને બીજા સાથીઓ સાથે ગાડીમાં બેઠો. જીવો ખૂબ ભૂખ્યો થયો હતો. એની આંખો લાલચોળ બની ગઇ હતી અને એ એકસરખો ઘરઘરાટ કર્યા કરતો હતો. એના વર્તનની આ તિખાશ જોઇને શિવાને સંતોષ થયો હતો. મહારાજે શિકાર માટે સૌથી પહેલો જીવાને પસંદ કર્યો. જીવાને ઘોડાની-એક પર ચડાવવામાં આવ્યો. મહારાજ સાથે હોઇ શિવાની છાતી ધડધડતી હતી. અને પહેલા શિકાર માટે પોતાનો ચિત્તો પસંદ ન થવાથી ઈસ્માઈલ મનમાં ને મનમાં ખિજવાયો હતો.

જંગલ દૂરદૂર સુધી પ્રસરેલું હતું. આખરે હરણોનું એક ટોળું નજરે પડ્યું. ગાડી આડે રસ્તે એની પાસે જવા લાગી. હરણો છેવટે માત્ર ફર્લાંગ જેટલે છેટે રહ્યાં. જીવાની સાંકળો છોડવામાં આવી. અને છેવટની સાંકળ છોડતાં શિવાએ એની પીઠ પર થાપ મારીને હરણો તરફ આંગળી ચીંધી. જીવાની નજર હરણો ઉપર ઠરી અને એણે છલંગ મારી. અને જરીક અટકીને એક હરણિયું નક્કી કરીને તીરની જેમ તેના પર છૂટ્યો. કાળાં ઘોર વાદળ વચ્ચે વીજળી ચમકી જાય એમ, પલવારમાં તો એ. પૂરવેગથી ચારે પગે દોડ્યે જતા હરણ ઉપર ત્રાટક્યો, ને અત્યંત સહજતાથી, સહેજ ઝાપ લઇને એણે છાપો માર્યો. એના થાપાના ઝાટકા સાથે જ હરણ ઢળી પડ્યું. અને એના પગ ઊંચા થઈ ગયા. જીવાએ એની ઢળી પડેલી ડોક પકડી લીધી અને ક્ષણવારમાં તો બંને પ્રાણી જમીન ઉપર એકરૂપ બની ગયાં. આનંદના ઉમળકામાં શિવાએ ગાડી પરથી કૂદકો માર્યો અને સીધો એ દિશામાં દોડ્યો. એણે હરણમાંથી થોડોક ભાગ કાઢ્યો અને એ જ જગ્યાએ જીવાને ખાવા આપ્યો. જીવો સંતુષ્ટ થયો.

એ પછી આખી યે સીઝન દરમિયાન જીવો સૌથી ઉત્કૃષ્ટ સાબિત થયો. જીવાની સાથેનો જ ઇસ્માઇલવાળો ચિત્તો ચક્રદેવ એની કુટેવોને લીધે સૌની મશ્કરીનું કારણ બન્યો. નર હોય કે માદા, નજરે ચડે એ હરણ મારવાની આદત ચક્રદેવને હતી. આમ, જીવાની વાહવાહ ને ચક્રદેવની નાલેશીથી ઇસ્માઈલ ખૂબ બગડ્યો. એણે પ્રતિજ્ઞા કરી કે એ પછીના શિકારને વખતે જો ચક્રદેવ જીવા કરતાં ઉત્કૃષ્ટ સાબિત નહિ થાય તો પોતે ફરી ચિત્તાખાનામાં પગ નહિ મૂકે. શિવાને એની અદેખાઈ કે સરસાઈ કરવાનું કાંઈ કારણ નહોતું. ઈસ્માઈલની પ્રતિજ્ઞાની વાત સાંભળીને એને માઠું લાગ્યું. પણ એ શાંત રહ્યો.

રાયબાગથી પાછા ફર્યા બાદ ફરી વાર પૂરા વેગથી તાલીમ શરૂ થઈ. શિવો અને જીવો હવે આખા ચિત્તાખાનાની પ્રશંસાનાં પાત્ર બન્યા હતા. પણ શિવો તો દિવસ આખો જીવાની માવજતમાં જ રચ્યોપચ્યો રહેતો. શિકારપુરમાં એણે ઘર માંડ્યું હતું, પણ રાતે એ કદી જીવાને છોડીને ઘેર જતો નહિ. સવારે જમવા માટે કલાક બે કલાક એ ગયો હોય એટલું જ. ઘેર એની પત્ની ઝગડો કરે, ત્રાગાં કરે, પણ શિવો કશી દાદ દે નહિ.

એક દિવસ શિવો સવારે વહેલો ઊઠ્યો. હમણાં ઘણા દિવસથી એણે જીવાને ખેલાવ્યો નહોતો, એટલે એણે એને બહાર કાઢ્યો. એના

માથે કાળું કપડું ઓઢાડીને એણે હાંક મારી—'ઈ...હ...હ. .!' અને સાંકળ છોડતાં જ જીવો દોડ્યો. પણ થોડુંક અંતર એણે કાપ્યું ન કાપ્યું ત્યાં તો એ ખચકાયો અને એક પગ અદ્ધર કરીને એક જગ્યાએ ઊભો રહી ગયો. શિવાના મનમાં કેટલી યે શંકાઓ આવી ગઈ. તો યે એણે ફરી સાદ કર્યો. જીવો દોડ્યો તો ખરો, પણ લંગડાતો લંગડાતો! શિવાએ દાવનો વાંસ ફેંકી દીધો અને દોડતો એ જીવા પાસે ગયો. જીવાને પગે ઠેસ વાગી હતી ને નખ ભોંખમાયો હતો. ડૉક્ટર આવ્યા અને એમણે પાટાપીંડી કર્યા. શિવો ગભરાઈ ગયો. કોઈએ એને બીક પેસાડી કે નખરોગ (નખુરડો) થાય તો ચિત્તો નકામો થઈ જાય છે! કદાચ સારો થાય તો યે પછી એનાથી બહુ દોડાતું નથી. શિવાના હોશકોશ ઊડી ગયા.

થોડા દિવસમાં તો શિકાર માટે મુકામ ઊપડવાનો હતો. શિવાએ ત્યારે જીવા માટે લીધેલી કાળજીનું વર્ણન કોઈ રીતે થઈ શકે એમ નથી. દિનરાત એને જીવો ને એનો પગ જ દેખાયા કરતો. ઘેર સ્ત્રીને દીકરો અવતર્યો હતો, પણ શિવાને ઘેર જઈને દીકરાનું મોં જોવાની યે ફુરસદ નહોતી! ડૉક્ટરના કહ્યા મુજબ પૂરેપૂરી બરદાસ્ત એ કરતો હતો. એના પગ ધોતાં એ કળવળાટ કરે, ત્યાં તો શિવાથી એનું દુઃખ જોયું ના જાય અને એની આંખોમાં પાણી આવી જાય. હળવેહળવે જીવાએ પગ ટેકવવા માંડ્યો. એક દિવસ સવારે ઊઠીને શિવાએ જોયું તો જીવો ચાલતો હતો અને એનો પગ સંપૂર્ણપણે ટેકવેલો હતો. શિવો એને ભેટી જ પડ્યો. એ દિવસે આખા યે ચિત્તાખાનાને એણે ચા પાઈ. એ પછી પંદર દિવસમાં તો જીવો તદ્દન સારો થઈ ગયો. ઊંડી ઊતરી ગએલી શિવાની આંખોમાં પાછી તેજી દેખાવા લાગી. ઈસ્માઇલ ધીમેથી ટકોરો કરતો, 'સારો થવા છતાં એની દોડ પહેલાં કરતાં ઓછી થઈ ગઈ છે...' અને એ સાંભળીને શિવાના દિલમાં કાંઇકાંઈ થઈ જતું. એને બીકથી મનમાં એમ જ થવા લાગ્યું કે 'સીઝન ફરી ના આવે તો સારું!' એને જીવાનો શિકાર નહોતો જોઇતો, જીવો જોઇતો'તો.

પણ સીઝન તો આવી જ. ગાડીઓ ચાલી. આ વખતે શિકાર બહુ મોટા પાયા પર મંડાયો હતો. ખુદ વાઇસરૉય મહારાજની સાથે હતા. શિકાર સરસ થાય એટલા માટે મહારાજે ખાસ ઇનામો જાહેર કર્યાં હતાં. ચિત્તા પણ ખુદ મહારાજા સાહેબે જાતે પસંદ કરવા માંડ્યા. શિવાને થતું હતું કે જીવાને પસંદ ના કરે તો સારું. પણ મહારાજે તાજા લોહીના ગણીને જીવા-શિવાની પસંદગી કરી જ.

બીજે દિવસે સવારે એક મોટા ઘોડાની ઐક પર બંને ચિત્તાને ચડાવવામાં આવ્યા. જીવાને ચડાવતાં એ સહેજ લથડ્યો, ને એ જોઈ શિવાને સહેજ જુદા જ પ્રકારનો થડકારો થયો. ઇસ્માઇલ અને શિવો પોતાનાં માણસો સહિત ઉપર ચડ્યા. ગાડીની પાછળ જ મહારાજ ને વાઈસરૉયની એકો હતી. ઠીકઠીક વખત સુધી કાંઈ શિકાર હાથ ન ચડ્યો. શિવો શાંત થઇ ગયો હતો. એવામાં એકાએક કોચમૅને હરણ બતાવ્યું. શિવાની છાતી ધડકવા લાગી. ગાડી દાવ લેતી આડે રસ્તે ચાલવા લાગી. એક પર જમણી બાજુ ચક્રદેવ અને ડાબી બાજુ જીવો હતા. શિવાને થયું, હરણ જમણી બાજુ વળે તો સારું. ગાડી હરણને દાવમાં લેતી દોડ્યે જતી હતી. શિવો પસીનો લૂછ્યા કરતો હતો. જીવો શું કરશે એ બદ્દલ એને શંકા-આશંકાઓ થયા કરતી હતી.

જીવો ભૂખ્યો હતો. એને આનો અનુભવ પણ હતો, અને તેથી જ એ અધીરો બન્યો હતો. હરણાં ડાબી બાજુ આવ્યાં. શિવાએ ઈશ્વરનું નામ લઈને પટાની સાંકળ છોડી, અને જીવાની પીઠ પર થાપ મારીને એને માથેથી કપડું કાઢીને એને હરણ બતાવ્યાં. જીવો તરત જ કૂદકો મારીને એક હરણ પર નેમ લઇને તીરની જેમ છૂટ્યો. જોતજોતાંમાં તો એક હરણ અને એ બંને જમીનદોસ્ત થઈ ગયાં. શિવો ત્યાં દોડી ગયો. એણે થાબડી પંપાળીને એને ત્યાંથી ખસેડ્યો, ને મરેલા હરણમાંથી થોડોક ભાગ છૂટો પાડવા રોકાયો. એ જીવાને નિરાંતે ખાવા આપવાનો વિચાર કરે છે, ત્યાં જ ઈસ્માઇલ આવ્યો, ને એણે હરણિયું દૂર ખસેડી લીધું. શિવો એનાં મોં સામે જોતો રહી ગયો. ઈસ્માઇલે કહ્યું, 'શિવા, સરકારે કહ્યું છે કે એને હમણાં ભાગ ન દેશો. એની પાસે બીજો શિકાર કરાવવાનો છે.'

'પણ તારો ચક્રદેવ હજુ તાજો જ છે ને!'

'હા, પણ એ તારા જીવા જેટલો સારો ક્યાં છે? એને ખરાબ ટેવો છે ને?' ઈસ્માઈલ કતરાતો બોલ્યો. શિવાએ જીવાને અરધો ભૂખ્યો જ આઘો ખસેડ્યો. ફરી એને ગાડી પર ચડાવવામાં આવ્યો. જીવો ખૂબ થાકી ગયો હતો. એની હાંફ હજુ શમી નહોતી. ગાડીઓ ચાલવા માંડ્યાને માંડ પંદરવીસ મિનિટ નહોતી થઇ ત્યાં ફરી હરણનું ટોળું દેખાયું. ગાડી ફરી દાવ માંડતી ચાલવા લાગી. જીવો હજુ તો પરાણે સારો થયો હતો. એના પગ માટે શિવાને સતત ચિંતા રહેતી. શિવાએ તેથી ઈસ્માઇલને એના ચક્રદેવને છોડવા માટે કહ્યું. પણ એ તો ચૂપ જ રહ્યો. હરણ નજીક આવ્યાં. હજી તો જીવો હાંફતો હતો, ત્યાં તો ઈસ્માઇલે એની સાંકળો છોડીને માથેથી લૂગડું ખસેડીને હરણ તરફ આંગળી ચીંધીને એને છોડી મૂક્યો. શિવાના લક્ષમાં કાંઇ આવે એ પહેલાં જ જીવાએ કૂદકો માર્યો. એણે ભક્ષને નિહાળીને ચાલ માંડી. પણ થોડોક આગળ વધ્યો ના વધ્યો ત્યાં તો એ વચ્ચે બેસી ગયો અને એણે આસ્તેથી 'મૅંક' કરીને અવાજ કર્યો. શિવાની આંખ સામે બ્રહ્માંડ ડોલવા લાગ્યું. મહારાજની તમા ન કરતાં એ દોડ્યો. જીવાએ એક પગ ઊંચો ધરી રાખ્યો હતો, અને હળવેહળવે જીભથી એને ચાટતો હતો. ઈસ્માઇલ ત્યાં આવ્યો અને એણે એ જોયું. પછી મહારાજને જઇને એણે કહ્યું કે ખાડામાં પડવાથી જીવાનો પગ મચકોડાયો છે. શિવાનું હૃદય પાણીપાણી થઇ ગયું. પાછળ આવતી બીજી એક ગાડીમાં જીવાને ચડાવી દેવામાં આવ્યો. જીવો શિવો ખિન્ન મને પાછા ફર્યા. સાંજે જીવાને ડૉક્ટરે તપાસ્યો ને એમણે પણ એ જ અભિપ્રાય આપ્યો. મહારાજને પણ એ સાંભળીને બહુ દુઃખ થયું. એમણે કારભારીને બોલાવીને જીવાને વેચી દેવાનું કહ્યું. શિવો મહારાજને પગે પડ્યો, પણ કાંઇ વળ્યું નહિ.

એક દિવસ ચિત્તાખાના પાસે એક મોટર આવીને ઊભી રહી. એમાંથી ઊતરેલા લોકોએ જીવાને જોયો. એમને એ પસંદ પડ્યો અને ખરીદી લીધાનું નક્કી થયું. શિવાએ સામે જઇને પગે પડીને એમને કહ્યું, 'માબાપ, આજ સુધી એને પેટના દીકરાની જેમ, જીવ સાથે ભેળવીને પાળ્યો છે. હવે એની ને મારી વચ્ચે જુદાઇ ન પાડશો. જ્યાં એને લઇ જાવ ત્યાં મને યે લઈ જાવ...' પણ જવાબ મળ્યો: 'અમારા સરકસમાં ચિત્તાની જરૂર છે; માણસોની નહિ!'

જીવાને બળજબરીથી પાંજરામાં પૂરીને રવાના કરવામાં આવ્યો. શિવાના કલ્પાંતનો કોઈ પાર ન હતો. કારભારીએ એને બીજો ચિત્તો સોંપ્યો. પણ શાથી તે કોણ જાણે, એ બીજા ચિત્તાની સામે જોવાની યે એને ઇચ્છા નહોતી થતી. એ ચિત્તા સામે જોતાં જ એને જીવો યાદ આવી જતો, અને એના શોકને કોઇ મર્યાદા ન રહેતી રાત્રે એ પોતાના દીકરાને પાસે રાખીને સૂતો. રાત્રે અચાનક જાગી જતાં એનો હાથ જીવાને બદલે પોતાના દીકરા પર હોવાનું ધ્યાન આવે અને એનો જીવ વ્યાકુળ થઇ જાય. કલાકોના કલાકો સુધી એ જીવાની છબિ સામે જોતો બેસી રહેતો. જીવાના શિકારની યાદ કરતાં એના પ્રહરના પ્રહર વીતી જતા. સૌએ એને ગાંડો ગણી કાઢ્યો.

છેવટે એણે જીવાને ભૂલી જવાનું નક્કી કર્યું અને મુંબાઈની વાટ લીધી. ત્યાંની મિલના વાતાવરણમાં એ તદ્દન ખૂંપી ગયો. ક્યાં એ પ્રેમાળ જીવાની સોબત અને ક્યાં આ નિષ્પ્રાણ મીલનું જીવન! સૂતર પર એનો હાથ ફરે, ને જીવાની મખમલ જેવી ચામડી યાદ આવી જાય. ત્યાંની ચાલીની ગંદકી ને ગિરદીમાં એનું મન બેબાકળું બની જાય. અને એણે બે પાળીઓ ભરવા માંડી. કામના એ રગશિયામાં ક્યારે ઊંઘ આવી જતી એની યે એને ખબર ના પડતી.

આ તરફ જીવો સરકસમાં ગયો. ત્યાંના ધમાલિયા વાતાવરણમાં એનું માથું વધુ ને વધુ ભમતું ગયું. જ્યાં રોજ શિવાનો પ્રેમાળ હાથ મુલાયમરીતે ફરતો હતો તે એની પીઠ ઉપર હવે ચાબુકના ચમકારા થવા લાગ્યા. એને એનો અર્થ કદી સમજાયો નહિ. એને માણસોની બીક લાગવા માંડી. ખાવુંપીવું અકારું થઇ પડયું. મોટામોટા ચીપિયાથી ઝાલીને એને પાંજરામાં પૂરવામાં આવતો. એવામાં એક દિવસ ચીપિયો છટકયો અને એણે ખીજથી ચીપિયાવાળા માણસ ઉપર હુમલો કરી જેટલાં તોડાય તેટલાં બચકાં તોડી લીધાં. પુષ્કળ બૂમાબૂમ અને માર પછી એને ત્યાંથી છૂટો પાડવામાં આવ્યો.

હવે તો જીવો દિવસેદિવસે વધુ ને વધુ ચીડિયો બનતો ગયો અને એને ખેલ શીખવવા બાબતમાં સૌને અંતે નિરાશા સાંપડી. હારી થાકીને છેવટે સરકસના માલિકે એને રાણીબાગમાં સોંપી દીધો.

એક દિવસ શિવાનો એક મિત્ર એને પોતાને ઘેર લઇ ગયો. એ રાણીબાગ પાસે રહેતો હતો. ત્યાંથી પાછા વળતાં શિવો રાણીબાગમાં પેઠો. જાનવરોનાં પાંજરાં જોતાંજોતાં એક જગ્યાએ શિવાના પગ થંભીને થાંભલા જ બની ગયા! સામે સંપૂર્ણપણે જાળીમાં બંધ કરેલો એક ચિત્તો હતો. એક ખૂણે એ સ્વસ્થપણે પડયો હતો. અતિશય કૃશ બની ગએલા ને મોં ઢાળીને પડેલા એ ચિત્તાને જોઈને શિવાને જીવો યાદ આવી ગયો. ન રહેવાતાં એણે 'જીવા!' કહીને જરા સાદ કર્યો. અને એ સાદ થતાં જ એ ચિત્તો ઊઠીને ઊભો થઇ ગયો અને પાંજરાના સળિયામાંથી મોં બહાર કાઢવાનો પ્રયત્ન કરવા લાગ્યો. શિવાને હવે સહેજે શંકા ના રહી. છતાં એને થયું કે આ તે સ્વપ્નું છે કે જાગૃતિ! પણ બીજો કશો યે વિચાર ન કરતાં એ પાંજરાની નજીક ગયો. એની આંખમાંથી આંસુની ધારા ચાલી. અંદર હાથ નાખીને એ જીવાને જેવો પંપાળવા જતો હતો એવી જ બાગના સિપાઇની એના પર નજર પડી. એણે એને બાવડેથી ઝાલીને બહાર ખેંચી કાઢયો. અને મૅનેજર પાસે ખડો કર્યો. એના ઉપર આત્મહત્યા કરવાનો પ્રયત્ન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો!

એણે મૅનેજરને સમજાવવાનો ખૂબ પ્રયત્ન કર્યો. વળી પોતાને એ ચિત્તાના રખેવાળ તરીકે નીમવાની વિનંતિ પણ કરી. પણ મૅનેજરે એની વાતને હસી કાઢીને કહ્યુ, 'તું કોઈ ગાંડો જ લાગે છે! એ ગાંડા ચિત્તાના રખેવાળ તરીકે રહીને તું શું કરવાનો? મરવાનો કે બીજું? આજ સુધીમાં એને માટે બહુ સાંભળ્યું છે મેં. એટલું હવે બસ છે!'

મૅનેજરની વાત ઉપરથી શિવાને માત્ર એટલું જ સમજાયું કે પોતાને ગાંડો ઠરાવવામાં આવ્યો હતો. એ સાંભળીને શિવાને બહુ જ ખરાબ લાગ્યું. એનો જીવ હવે તદ્દન ઊંચો થઈ ગયો.

જીવાને રોજ સવારે ચીપિયાથી પકડતા અને એને દવા ખવડાવતા. પહેલાંનો જીવો અને અત્યારનો જીવો, બે વચ્ચે આસમાન જમીનનું અંતર હતું. જીવાની પહેલાંની ભરાવદાર શરીરયષ્ટિ અત્યારે સાવ લોપાઈ ગઈ હતી. હવે એની જગ્યાએ માત્ર હાડકાંનો ભારો બાકી રહ્યો હતો. શિવાથી એના એ હાલ જોયા ના ગયા. એણે મનમાં કશોક નિશ્ચય કર્યો અને એક દિવસ સાંજે એ રાણીબાગ ગયો. બાગ બંધ થવાનો વખત થતાં એ એક ઝાડીમાં છુપાઈ ગયો. બધા લોકો બહાર નીકળી ગયા. નોકરોએ બાગમાં ફરીને કોઈ ન હોવાની ખાતરી કરી લીધી અને એ પણ ગયા. સારી જેવી રાત થતાં સુધી શિવો છુપાએલો જ રહ્યો. છેવટે બધું જળ જંપી જતાં એ જીવા પાસે ગયો. અને એણે ખિસ્સામાંથી એક પક્કડ કાઢી...

મુંબાઈની ધાંધલ થોડા કલાકને માટે અંધકારને ખોળે લપાઈ હતી. બધે શાંતિ પ્રસરી ગઈ હતી. રાણીબાગમાં પણ તદ્દન શાંતિ હતી. દિવસભર ઘોંઘાટ મચાવી મૂકતાં, અને રાતે પણ સહેજ સંચાર થતાંમાં ચીચિયારીઓથી આખું વાતાવરણ ખળભળાવી મૂકતાં માકડાં પણ શાંત હતાં. માત્ર એક ચિત્તાના પાંજરા પાસે એક માણસ બેઠો હતો. એ પેલા ચિત્તા સાથે સાવ ધીરા અવાજે કશુંક બોલતો હતો. એના અવાજ પરથી એ રડતો હોય એમ લાગતું હતું. જાળીમાં પાડેલા બાકામાંથી એણે પોતાનો હાથ અંદર નાખ્યો હતો, અને એના હાથ સાથે ચિત્તો પોતાનું શરીર ઘસતો હતો. કેટલો વખત વીત્યો એનું બેમાંથી એકેને ભાન હોય એમ જણાતું નહોતું. પ્રાતઃકાળ થવા આવતાં સૌ પહેલી સિંહે ગર્જના કરવી શરૂ કરી અને એ અવાજ સાથે પેલો માણસ ભાનમાં આવ્યો. જલ્દી જલ્દી એણે ખિસ્સામાંથી એક પડીકું કાઢયું, અને તે છોડીને એ ચિત્તા સામે ધરીને કહ્યું, 'લે, આ ખા!' ચિત્તાએ તરત જ એ વસ્તુ ખાઇ લીધી. એ માણસના મોંમાંથી એક અસ્પષ્ટ ડૂસકું સંભળાયું. અને પછી ઝટપટ પોતાના ખમીસની બાંય મોંમાં દાબતો એ ત્યાંથી નાસી છૂટયો......

સવારનાં કુમળાં સૂર્યકિરણો જ્યારે રાણીબાગમાં પ્રસર્યાં, ત્યારે ચિત્તાના પાંજરા પાસે ગરદી એકઠી થઈ હતી. એક ખૂણામાં ચિત્તો મરેલો પડયો હતો. કોઇએ એને ઝેર દીધું હતું.

એ દિવસે સાંજનાં છાપાંઓમાં કોઈક ખૂણે નીચે પ્રમાણે ખબર છપાયા હતા: "ગિરગામ નજીક વહેલી સવારે એક માણસ મિલિટરી ટ્રક નીચે આવી ગયો. જખમી થએલા એ માણસને તરત ઇસ્પિતાલ પહોંચાડવામાં આવ્યો, જ્યાં એ મરણ પામ્યો. એ માણસ કોણ હતો એ વિષે કશી બાતમી હજુ સુધી મળી નથી. પણ છેલ્લી ઘડી સુધી એ કોઈકને 'જીવા! જીવા!' કહીને બોલાવ્યા કરતો હતો!"

મેં અનેકના ઉપદેશ લીધા છે, અનેકની સલાહ સાંભળી છે: પણ મારા આ સફેદ વાળ જેટલો પ્રભાવશાળી ઉપદેશ મેં બીજા કોઇનો નથી સાંભળ્યો, કે નથી અંતરાત્માના અવાજ જેટલી અસરકારક કોઈની સલાહ સાંભળી.

મેં સરસમાં સરસ ભોજન લીધાં છે, ઉત્તમમાં ઉત્તમ મદ્ય પીધાં છે, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સુંદરીઓનો પ્રેમ માણ્યો છે; પરંતુ તંદુરસ્તીના જેવો આનંદ મને કશામાં જણાયો નથી.

મેં કડવામાં કડવાં ખાનપાન કરેલાં છે, પરંતુ ગરીબી જેટલી કડવાશ કશામાં નથી જણાઇ.

મેં લોઢા સાથે કામ પાડયું છે અને ભારે બોજા ઉઠાવ્યા છે; પણ કરજ જેટલો બોજ બીજા કશાનો મને નથી લાગ્યો.

સમૃદ્ધિના સઘળા પ્રકાર પાછળ હું ભટક્યો છું, પણ સંતોષ જેટલી મહાન સમૃદ્ધિ મને બીજી એકે નથી જણાઈ.

(સર્જન) 'અરેબિયન વિઝડમ'

કેરાકોટ

લેખક અને તસ્વીરકાર
રામસિંહજી રાઠોડ

કચ્છના શૂરોદાત્ત અને લોકખ્યાત રાજવી લાખા ફુલાણીના સમયની સંસ્કારગાથા ગાતું નગર



કેરાના એક શીર્ણ શિલ્પનું કલ્પનાંકન (રામસિંહજી)

ભલે લોકો ન માને પણ ફુલાણી લાખાના સમય કરતાં તો કદાચ કેરા અત્યારે વધારે આબાદ હશે. ટ્રૅપ વિસ્તારના કઠોર અને કાળા પથ્થરો તથા ખારકિયાલોના ઘેરા વચ્ચેથી હસીહસીને કિલકિલાટ કરતી, સર્પની ચાલે સરી જતી સરિતા નાગમતીની બન્ને બાજુ કેરાની લીલી વાડીઓ વિસ્તરી પડી છે. વચ્ચે નદીને કાંઠે ટ્રૅપના ડુંગરોની ધાર ઉપર તંદુરસ્તી બક્ષનારી પચ્છીની સ્વચ્છ ને સૂકી હવા ખાતું કેરા ગામ વસેલું છે. પુરાણકાળમાં અહીં કપિલ મુનિ રહેતા એટલે એ કપિલગ્રામ કહેવાતું. કેરાનું એ જૂનું નામ હતું.

અને લાખા ફુલાણીના સમયમાં પણ કેરાના જાહોજલાલીમાં કાંઇ કમીના નહોતી તેની સાક્ષી પૂરતું એ સમયના શિવમંદિરનું ખંડિયેર હજી ઊભું છે. તેને જોઈ ફુલાણીની જીવનફોરમ મનમાં તાજી બને છે.

પોતાના મોટાભાઇ ઉન્નડને મારી સિંધના નગર સમૈથી ઊતરેલા બે 'સગા' ભાઇઓ—મોડ અને મનાઇ, જોરજુલમ ને દગલબાજીથી કચ્છમાં પોતાની સત્તા જમાવી બેઠા. પછી તેમણે જીતેલી કચ્છની જમીનના ચાર ભાગ પાડયા. તેમાં બે ભાગ મોડના, એક મનાઇનો અને એક તેમણે કેર કરેલા તેના પ્રાયશ્ચિત્ત તરીકે દાનમાં આપવો એમ ઠરાવેલું. પણ કેરાઇ દાનનો એ ભાગ પણ મનાઈ દબાવી બેઠો, અને તે તથા તેના વંશ જ કેર[1] કહેવાયા. એ રીતે મનાઇ પોતાના ભાગના કપિલગ્રામમાં વાસ બાંધી રહ્યા એટલે તે પણ 'કેરાઇ' તરીકે ઓળખાયું. મોડના વંશમાં તેની ત્રીજી પેઢીએ લાખો ફુલાણી થયો.

લાખાના પિતા ફૂલને સાત પુત્રો હતા. તેમાં લાખો સૌથી નાનો હતો. તે વિશેષ પ્રતાપી અને પ્રભાવશાળી હતો. લાખાની અપર માતાઓ તેની હમેશાં અદેખાઇ કરતી. તેમાંની એક સોઢી રાણીએ હોળીના વસંતોત્સવમાં લાખા પર એબદળીનું આળ ચઢાવ્યું. ફૂલે ઠપકો આપતાં અણુગોરગઢથી રિસામણું નીકળી લાખો અણહિલ પાટણમાં જઈ વસ્યો. એ વખતના પાટણના ચાવડાઓના અવ્યવસ્થિત કારભારમાં સારું કામ દેખાડી તે કાર્યદક્ષ યોદ્ધા તરીકે કીર્તિ કમાયો અને ત્યાં તેનું ઘડતર થયું. પછી તો તે ત્યાં ચાવડીકુમારીને પરણ્યો. પાછળ કચ્છમાં ફૂલ મૃત્યુ પામ્યો; લાખાનું કાસળ કાઢનાર અપરમા કટારી ખાઇ મૂઈ; દેશ દુકાળની ઘોર પરિસ્થિતિમાં ફસાયો:

ભકે માથે ધાણુ, ફૂલ વસન વાડીએ,
બઈ ત્રાણમ ત્રાણુ, તૂટે બન સિણાય જે;
વર લાખા મેરાણુ, તો વિણ કાછો કુવાયો.

એવું વ્યંગમાં બોલી માગતી અને પાટણની શેરીઓમાં ગાગણ તરીકે ભટકતી ડાહી ડુમણી મારફત લાખાને આ સમાચાર મળ્યા: [રાણી તો હવે અગ્નિ ઉપર દાણા ફૂટીને જે થાય છે તે જ ધાણી રહી છે (એટલે કે કચ્છમાં ધાણુ રાણી તો મરી ગઇ); ને ફૂલ તો માત્ર વાડીઓમાં રહ્યાં છે (ફૂલ રાજાનું પણ નિધન થઇ ગયું). સિણાયનો બંધ ફાટી વેરવિખેર થઇ ગયો છે અને બધા સંકટગ્રસ્ત છે. હે મેરામણ જેવા લાખા, તું પાછો ફર. કચ્છમાં અંધાધૂંધી છે. લોકો મુશ્કેલીમાં છે. વાસ્તે હે પ્રિય, કસોટીના આ કાળમાં કચ્છની સંભાળ લે] આ સંદેશો સાંભળી લાખાને વતન યાદ આવ્યું; ને તે કચ્છની વહારે ધાયો.

પોતાની શક્તિથી ધણુપતિ કાડીઓ વગેરેને કચ્છમાં કબજે લઈ લાખાએ ત્યાં શાંતિ સ્થાપી. લોકોને રાહત આપી તેણે તેમનાં મન જીતી લીધાં. સારો વરસાદ થવાથી કચ્છમાં સુખ સંતોષની લાગણી ફેલાઈ ગઈ. લાખાએ પોતાના છ મોટા ભાઇઓ સાંધ, ધાહો, સૂર, ચરડ, નીંઅ તથા ખીંઅરાને અણુગોરગઢનો ગ્રાસ વહેંચી આપ્યો અને પોતે કપિલગ્રામ આવી રહ્યો. અહીં તેણે એક કિલ્લો બંધાવ્યો, જે પછીથી કપિલકોટ–કેરાઇકોટ, કેરાકોટ તરીકે જાણીતો થયો. કોટમાં તેણે લાખેશ્વર મહાદેવનું મંદિર ચણાવ્યું.

નિતનિત પ્રભાતના પહોરમાં અપૂર્વ પ્રકારનાં દાન દેવાં એ કેરાકોટમાં લાખાની પ્રિય પ્રવૃત્તિ બની રહી. આજે પણ કચ્છમાં કેટલેક સ્થળે સવારને 'લાખાનો પોર' કહે છે. તેના સમકાલીન વીકિયા દાતાર ને હાબુત દાતાર સાથે તે દાનમાન મેળવવાની સ્પર્ધામાં ઊતરતો; અને લાખાની શ્રેષ્ઠતાથી ચારણ કવિઓએ તેને બિરદાવ્યો કે:

પગપગ રિઢડયું પોરઇયું. સચો ફુલાણિયા સીં[2]
બયા કારીઉ રાતડયું, તું ડાતારેમેં ડીં.

['મુલકમાં પગલે પગલે ઘેરાં પોરયાં પડયાં છે. તેમાં તું, હે લાખા ફુલાણી, સિંહ સમાન છે. બીજા બધા તો કાળરાત્રી જેવા છે, ત્યારે દાનવીરોમાં તું દિવસ જેવો દીપે છે.']

કચ્છને ત્રાહીત્રાહી પોકરાવનાર રાણા ચાંદને લાખાએ કચ્છમાંથી તગેડી રૂપસુંદરી મેરાંદેને તેના પંજામાંથી છોડાવી. એ મેરાંદે, અંજાણી ઓડ અને ગુજરકુમારી મુગલ સાથેના લાખાના પ્રેમપ્રસંગો પણ રસભરપૂર છે. લાખો પોતાના પ્રિય ઘોડા પબુપસર ઉપર સવાર થઈ પોતાના રસાલા સાથે કચ્છમાં અવારનવાર પર્યટને નીકળતો ને લોકોની ધા સાંભળતો. બાજરાના વાવેતરને લાખાએ જ કચ્છમાં વિશેષ પ્રચલિત કર્યું. લાખો કુદરતપ્રેમી પણ તેટલો જ હતો. કચ્છનાં હંજ પંખીઓ(flamingo)નું સૌંદર્ય નિહાળતાં તેણે દિવસોના દિવસો પસાર કર્યાનું કહેવાય છે. આજે પણ કચ્છમાં કેટલેક સ્થળે હંજને 'રા લાખેજાં જાની' (લાખાનાં પ્રિય), ને બાજરાને 'લખો ધાન' કહે છે.

લાખાની લાખેણી પ્રજામાં, નિંગાળનું તળાવ બંધાવનાર, પશુધનના રાજા જેવો રબારી નિંગળિયો, કારીગર કપૂરો, અન્નદાન દેનાર

[1] એ કેર લોકો પછી ઈસ્લામમાં ભળ્યા.

[2] કચ્છમાં વધુપડતા ઉદાર માણસને આજે પણ ફુલાણ સીં કહે છે.

ચારણ માવલ, તથા લા અને સા જેવા લટિયર ને નીતિમાન વેપારીઓ હતા. લા ને સા તો તે વખતના કચ્છના સમાજનાં અગત્યનાં અંગ બની ગએલા. કોઇ વસ્તુમાં રસ ન દેખાય તો કચ્છમાં આજે પણ કહેવાય છે કે 'આમાં તો લા ન કાં સા છે.' એ સા, લા, ને લાની બહેન લકીરતથા સતી મારઈ લાખાની પ્રજાના ચારિત્ર્યના આદર્શ હતા. આવી સમૃદ્ધિશાળી પ્રજાને પછી દંતકથામાં,[3] કલ્પવૃક્ષ પેઠે, માગે તેટલું સોનું પૂરું પાડતા, સુવર્ણ પુરસાનું રૂપક મળે એ સ્વાભાવિક છે.

આ તરફ ગુજરાતમાં પોતાનો તરતનો પ્રસવ થએલ પુત્ર માતૃપક્ષે નાનાણાના કુળનો નાશ કરશે એવા વહેમે ભરાઇ, લીલાદેવીએ બાળ મૂળરાજનો ત્યાગ કરી દીધો અને પછીથી પોતે મૃત્યુ પામી. આ બધા બનાવોથી મૂળરાજના બાપ રાજ સોલંકીનું મન ઉદાસ બની ગયું અને તે સોમનાથની યાત્રાએ નીકળ્યો. ત્યાંથી દ્વારિકા થઇ એ નારાયણ સરોવર ગયો ત્યારે વળતાં કપિલકોટ આવી રોકાયો. ત્યાં લાખાના પ્રિય પખુપસરને તેણે જીવલેણ માંદગીમાંથી સારો કરી આપ્યો; એટલે તેણે લાખાની પ્રીતિ સંપાદન કરી. રાજનું મન બહેલાવવા લાખાએ તેને પોતાની બહેન પરણાવી. અહીં તેમને લાખાકત નામનો પુત્ર જન્મ્યો. એક દિવસ લાખો અને રાજ ચોપાટ રમતા હતા ત્યારે રાજે લાખાને કૈંક મેણું માર્યું. તેમાં તેઓ ચડભડી પડયા ને દ્વંદ્વ થયું. તેમાં રાજ ખપી ગયો ને લાખાની બેન રાયજી તેની પાછળ સતી થઈ. લાખાએ લાખાઈતને ઉછેરી મોટો કર્યો. પણ લાખાઈતને ઉપલી બીનાની જાણ થતાં તે ગુજરાતમાં સોલંકી સત્તા સ્થાપનાર પોતાના સાવકા ભાઈ મૂળરાજને જઈ મળ્યો. આમ મૂળરાજ ને લાખા વચ્ચે દુશ્મનાવટનાં પગરણ થયાં એવી લોકકથા છે.

સોરઠનો રાજા ગ્રહરિપુ લાખાનો મિત્ર થતો હતો. મૂળરાજે એ ગ્રહરિપુ પર હુમલો કર્યો ત્યારે લાખો તેની મદદમાં ધાયો હતો અને લશ્કર સાથે વાવસુંવરા અને વાવસુ (જાસૂસો) પણ મોકલેલા. આ વેરબંધનમાં લાખાનું નિકંદન કાઢવા મૂળરાજ તલપી રહ્યો હતો.

લાખે મરણ સંભરેઓ, અઠ મહિના અગ;
વારે મુંજા વગ, કજા કેરે કંધીએ.
માંન ઉધરડી ઊથીઓં, સુણી સિંધડ રાગ;
લાખો ચે મું બેલીઆ, કેરે ડીજા ડાધ.

સંજોગો જોઈને લાખાને કેરામાં ધમસાણ મચવાની આગમમાં સૂઝ પડી ગઇ હતી. તેણે પોતાના સાથીદારોને યુદ્ધનો ઘોષ સાંભળી જાગૃત રહેવાની અને પોતાના તમામ વગવાળાઓને કેરામાં એકઠા થઈ રહેવાની, તથા છેવટે લડાઇમાં પોતાનું નિધન થાય ત્યારે કેરામાં જ પોતાનો અગ્નિસંસ્કાર કરવાની સૂચના આપી દીધી.

વિક્રમ સંવત ૧૩૬૧ના વર્ષમાં, ફાગણ સુદ પૂનમ ને રવિવારે શ્રી વર્ધમાનપુરમાં મેરુતુંગના 'પ્રબંધ ચિંતામણિ' ગ્રંથની રચના થઈ. તેમાં લાખાને યશોરાજદેવનો પૂર્ણ ભક્ત અને તેના વરદાનના બળે એકાએક કોઈથી ન જિતાય એવો મહા સમર્થ અને વિખ્યાત રાજા કહ્યો છે. તેણે અગિયાર વખત મૂળરાજના સૈન્યને ત્રાસ પમાડી હઠાવ્યા અને હરાવ્યાનો તેમાં નિર્દેશ છે.


'લાખાના જમણા હાથ જેવો તેનો માહેચ નાગનો શૂરવીર મહાન યોદ્ધો લશ્કર સહિત વિશેષ મુલક જીતવા ગયો છે અને હાલ લાખો કપિલકોટમાં એકલો છે' એવી બાતમી મેળવી મૂળરાજે

[3] આજે પણ કચ્છને ગામેગામ લોકોના લાડીના એ લાખા ફુલાણીની ઉત્પત્તિ, શૂરવીરતા, દાનવીરતા, ઉદારતા, કર્તવ્યનિષ્ઠા અને પ્રેમ-પ્રસંગો વિશે અનેકાનેક ચિત્રવિચિત્ર પ્રસંગવાતો ગૂંથેલી દંતકથાઓ સાંભળવા મળે છે, જે લાખા ફુલાણીની લોકપ્રિયતાની સૂચક છે.





ઉપર : કેરાના પ્રાચીન શિવાલયનો પૃષ્ઠ ભાગ; નીચે : એ જ શિવાલયના ગર્ભાગારના શિખરની દક્ષિણ બાજુ (તસ્વીર : રામસિંહજી)



કેરાના શિવમંદિરની ઉત્તર તરફની દીવાલમાંની શિલ્પ મૂર્તિઓ પૈકીની આ ત્રણ મૂર્તિઓ ભારતીય શિલ્પની પરંપરા તેના છેક પશ્ચિમ છેડા કચ્છ સુધી કેવી એકસરખી વ્યાપી હતી તે દર્શાવે છે. તેની અંગભંગી, લાવણ્યછટા વસ્ત્રાભૂષણો વગેરે અન્ય ભારતીય પ્રતિમાઓ જેવાં જ છે. જુઓ લેખના મથાળા નીચેનું રેખાંકન (તસ્વીર · લેખક)

દ્વેષથી ઓચિન્તો હુમલો કરી કપિલકોટને ઘેરો ઘાલ્યો. લાખાને ગાહેચની ખોટ જણાઈ. ગાહેચને યાદ કરી લાખો કહેવા લાગ્યો કે અત્યારે લશ્કર સહિત માહેચ હોત તો મૂળરાજના સૈન્યની જોતજોતાંમાં તો ચટણી થઇ જાત. પણ માહેચના આવવાના સઘળા માર્ગો મૂળરાજે પોતાના લશ્કરથી અવરોધી મૂકેલા. આ અરસામાં ગાહેચ પાછો આવતો હતો તેને માર્ગમાં મૂળરાજના સૈનિકોએ નિઃશસ્ત્ર કર્યો. પોતાના રાજાને સંકટમાં સપડાએલો જાણી તેનું હિત કરવાના હેતુએ આ મહા બુદ્ધિમાન માહેચ કડવો ઘૂંટડો ગળી જઈ પોતાના શસ્ત્રો ત્યાં જ મૂકી પોતાના રાજા પાસે પહોંચ્યો. ત્યાં લાખા અને મૂળરાજને યુદ્ધમાં જામેલા જોયા. લાખાને નમસ્કાર કરી માહેચે તેને શૌર્ય ચડાવનારાં શૂરગર્ભિત વાક્યો કહ્યાં: "ગુપ્ત ન રહેતાં સૂર્યના પ્રકાશની પેઠે બારણે છતા થઈ શત્રુરૂપી અંધારું પાછું ન હઠાવ્યું તો લાખા નામને નિકૃષ્ટપણાનો મોટો બટ્ટો લાગે; માટે શત્રુને તો માર્યે જ છૂટકો છે. પોતાના પુરમાં પધારવા પ્રતિજ્ઞા કરેલી ગણત્રીમાં આઠ કે દશ દિવસ જ બાકી રહ્યા છે.' એ રીતે શત્રુ ઉપર તૂટી પડવા ઉશ્કેરી ત્રણ દિવસ સુધી મૂળરાજ સાથે યુદ્ધ મચાવ્યું. મૂળરાજ સોમેશ્વર મહાદેવનો કટ્ટર ઉપાસક હોવાથી તેના શરીરમાં રુદ્રકળાનો આવેશ આવ્યો એટલે લાખો વિચારમાં પડચો. ચોથે દિવસે મૂળરાજે લાખાને માર્યો. મૃત્યુ પામી રણસંગ્રામમાં પડેલા લાખાના શબની દાઢીમૂછો પવનથી હાલતી જોઈ તેને દબાવવા મૂળરાજે અપમાનપૂર્વક પોતાના પગથી ત્યાં સ્પર્શ કર્યો. આવું તેનું અધમ કાર્ય જોઈ, કિલ્લામાંરહી નિહાળતી લાખારાજની મહા સતીમાતાએ મૂળરાજને શાપ દીધો કે 'તું ને તારો વંશ લૂતી રોગથી નાશ પામો.'

લાખાના મૃત્યુ પછી તેનો મિત્ર વીકિયો દાતાર ને સોમંગ બારોટ ફરતાફરતા કેરાકોટ તરફ નીકળી આવ્યા. કેરાનો સૂનકાર જોઇ તેઓ બહુ ખિન્ન થયા. લાખાના વહીવંચા ભાન તુમેરે તેમને કહ્યું:

> નાંય લાખો નાંય,
> ઉડીં નાંય મેરાંદે મેડીઑં;
> વ્યા વરતાએ કોડ,
> કોડીલા ઈ કચ્છજા.

[કે હવે તો અહીં લાખો નથી, તેના મહેલમાં મહાસતી મેરાંદે પણ નથી. કચ્છના એ ઉત્સાહી જીવો પોતાની મહેચ્છાઓ પૂર્ણ કરી વહી ગયા અને હવે કાળ પલટી ગયો છે.]

લાખાનું બંધાવેલું લાખેશ્વરનું મંદિરતથાતેને પડખે ઊભેલી આમલીને જોઈસોમંગનાઉદ્ગારનીકળી પડચા:

> ડેવર તું હુરી, ભુરી ભુક્કા ન થેં;
> અક્કલ હીણી આંમરી. ફુલેં ફોરી રહયેં,
> લાખે જે લડાણે કીં ન લડી વઇયેં.

પણ—

> લડોંકીં લાખે પુઆ, પાડું વઇ યું પાતાર;
> લાખે જે આધાર, વિઠા ગારિયું ડીંયડા.

['લાખો ગયો ત્યારે હે દેવાલય, તું કેમ પડચો નહિ અને ભાંગીને ભુક્કો ન થયો? અને હે કમઅક્કલ આમલી, તું તો ફૂલોથી ભભૂકી ઊઠી છો!' ત્યારે ઉત્તર લાધ્યો કે 'અમારાં મૂળ તો અહીં પાતાળમાં ખોડાયાં છે તે અમે કેમ કરી લાખા પાછળ જઈ શકીએ? અમે તો હવે લાખાના અમર નામના આધારે દિવસો ગુજારીએ છીએ.']

આ રીતે કેરાકોટના યુદ્ધ પછી જે મંદિર ટક્કર ઝીલી લાખાના અમર નામને કીર્તિ આપતું ટકી રહ્યું તે સંવત ૧૮૭૫ના ધરતીકંપમાં ધણધણી હલી ઊઠચું. એ ધ્રૂજણાટમાં તેનો ઘણોખરો ભાગ જમીનદોસ્ત થઈ ગયો. પણ ગર્ભાગારના શિખર વગેરેનો જે ભાગ બચવા પામ્યો છે તે તેના શિલ્પ અને સ્થાપત્યની ઉત્કૃષ્ટતાનો પૂરતો ખ્યાલ આપે છે. મંદિરના શિલ્પની ઘસાએલી મૂર્તિઓની આકૃતિઓમાં પણ તેમના અંગભગનું સરસ લાવણ્ય તરી રહે છે. પછીથી જીર્ણોદ્ધાર થએલા કિલ્લાની રાંગમાં છુટાછુટા ચણાએલા જૂના ભંગારમાંના કેટલાક કોતરણીભર્યા પથ્થરો પણ, એ જમાનાની અશાંતિમાં યે શિલ્પીનું ટાંકણું કેવું નિરાંતે ઉત્તમ કૃતિઓ સર્જતું તેનો ચિતાર રજૂ કરે છે. લાખાના અંત સાથે કેરાનો રાજકીય રંગ ઓસરી ગયો.

૪પ્રબંધચિંતામણિ પૃષ્ઠ ૭૪ અને પૃષ્ઠ ૨૨૭. લાખાના મૃત્યુ પછી આશરે સાડા ત્રણસો વર્ષ પછી લખાએલી આ હકીકતને લાખાના કપિલકોટના જીવન સબંધી વિશેષ આધારભૂત માહિતી ગણી શકાય; અને લોકકથાની પરંપરામાં પણ તેને પુષ્ટિ મળે છે.

પછી કેરા કાંઈક પાધરૂં પડચું ગુલમાલીશાહના સમયમાં. પીર સદ્રુદ્દીનના એ વંશજ થાય. સદ્રુદ્દીને ૪૦૦ વર્ષ પહેલાં ગુજરાત અને કચ્છના કેટલાક હિંદુઓને ઈસ્માઇલી શીઆ પંથમાં ભેળવ્યા. તેમણે ચલાવેલા આ પંથમાં, હિંદુઓના વિષ્ણુના નવ અવતાર જેમના તેમ

> ☾ તમને લાભ અને અમને ટેકો: આ માસ આખરે પૂરી થતી એ યોજનાની તેમજ લવાજમ વિષેની જાહેરાત પૃ. ૪૨૩ ઉપર જુઓ.

દર્શાવી તેમાં દસમા અવતાર તરીકે અલીને ગણાવેલા છે. પંથના મુખ્ય ધર્મગુરુ આગાખાન કહેવાય છે. સ્થાનિક ગુલમાલીશાહ તરીકે જાણીતા થએલા આ ગુલામઅલીશાહ કડીવાલ, કડીથી નીકળી ઇ. સ. ૧૭૯૨માં કચ્છમાંથી પસાર થયા ત્યારે તેમણે કેરામાં ભૂતપિશાચમાં માનતા વહેમી લોકોને સહારો આપી તેમનામાં પોતાની નામના જમાવી. પછી કેરામાં વસવાટ કરી ત્યાં તેમણે પંચતનના પવિત્ર નામે કૂઓ ચણાવ્યો. કરાચીમાં ૧૭૯૬માં તેઓ જન્નતનશીન થયા. ત્યાંથી તેમની કાયાને કેરા લાવી દબદબાથી દફનાવવામાં આવી ને તેમના મુરીદ ખોજાઓએ તેમનો મકબરો કેરામાં ચણાવ્યો. ઈ. ૧૮૦૭માં ગુલમાલીશાહનો પુત્ર ગુજરી ગયો એટલે તેની માતા અજાનબીબી આ ફાની દુનિયાનો મોહ છોડી કેરા આવી ફકીરણ જીવન ગાળી રહી. ગુલમાલીશાહે 'બ્રહ્મધ્યાન' લખેલું અને અજાનબીબીએ કેટલાંક કીર્તન કરેલાં તથા સદાવ્રત ચાલુ કરાવેલાં.

કેરાની ધાર વચ્ચે દૂરદૂરથી નજરે પડતી ગુલમાલીશાહની સફેદ અને ઊંચી દરગાહ કેરાના સીમાસ્તંભ સમી બની રહે છે. કચ્છના ખોજાઓનો અહીં ચૈત્ર સુદ અગિયારશે મોટો મેળો ભરાય છે.[૫] (જુઓ સામે ચિત્ર)

આમ, વિવિધ વાતાવરણ વચ્ચેથી પસાર થઇ ગમી જાય એવું કેરા આજે પણ એવું ફૂલ્યુંફાલ્યું વિકસી રહ્યું છે. (સામે બીજાં ચિત્રો)

[૫] આ ઇસ્માઇલી લોકોનું કચ્છમાં બીજું અગત્યનું ધામ નીંગાલમાં છે. ત્યાં પ્રાકૃતિક સૌંદર્યથી સભર ભરેલું, કુદરતને ખોળે વિસ્તરેલું, ફુલાણી લાખાના સમયનું, નિંગાળ નાગનું વિશાળ તળાવ છે. એ તળાવને કાંઠે મજેની દરગાહ આવેલી છે, જેમાં ખોજાઓનાં લગ્ન તથા અન્ય સામાજિક કાર્યો વગેરેને લગતી ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવે છે.




આજના કેરાકોટનાં લાક્ષણિક દશ્યો : મથાળેથી (૧) ગુલમાલીશાહ પીરની દરગાહ; (૨) કેરાકોટના પ્રાચીન મંદિર તથા ગ્રામપ્રદેશનું દૂરથી દશ્ય; (૩) નદી નાગમતીના તીરપ્રાંતો (૪) નાગમતી નદીમાં કેવડાનાં વૃક્ષોનું ઝુંડ (બધા ફોટો · રામસિંહજી રાઠોડ)

મળોત્સર્ગ કરનારાં (શરીરનો મળ કાઢનારાં) અંગો : [૧]

મૂત્રપિંડો

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

જાણે અજબ બુદ્ધિપૂર્વક ચાલતી હોય તેવી પેશાબની બનાવટ તથા ઉત્સર્ગની ક્રિયાઓનો રસમય વૃત્તાંત



પેશાબ બનાવનારા બે મૂત્રપિંડો તથા તેને મૂત્રાશયમાં વહી જનારી મૂત્રવાહિનીઓને ઘેરી કરીને બતાવેલું એ અજબ અંગનું સ્થાન દર્શાવતું ચિત્ર.

આપણા શરીરમાં નિરંતર બે પ્રકારની ક્રિયાઓ ચાલ્યા કરે છે: વિધાયક અને વિઘાતક. આ બન્ને ક્રિયાઓના પ્રભાવથી આપણી જીવનક્રિયા (matabolism) નભે છે. પહેલી ક્રિયા વડે, ખાધેલા પદાર્થોમાંથી રસ, રક્ત, મજ્જા આદિ શરીરની વિધવિધ ધાતુઓ બને છે. આનાથી શરીરની વૃદ્ધિ, મરામત અને રક્ષા થાય છે. આ સંગઠનક્રિયા (anabolism) કહેવાય છે. બીજી ક્રિયા આનાથી ઊલટી છે. એમાં, શરીરની ધાતુઓમાં રાસાયનિક પરિવર્તન થઈને તેમાંથી કાર્બન ડાયૉક્સાઇડ, યૂરિયા, ઍમૉનિયા, પાણી વગેરે શરીર માટે અનુપયોગી, ત્યાજ્ય અને મળ પદાર્થો પેદા થાય છે, જે પેશાબ, પરસેવા અને ઉચ્છ્વાસ દ્વારા શરીરની બહાર નીકળે છે. આ ભસ્મીકરણની ક્રિયા (catabolism) કહેવાય છે.

આરોગ્ય માટે આ બન્ને ક્રિયાઓનું ચક્ર ગાડાનાં બે પૈડાંની માફક એકીસાથે અને એકસરખું ચાલવું બહુ જરૂરી છે. પણ ઉમર પ્રમાણે એમાં વધ-ઘટ થાય છે. બાલ્યાવસ્થામાં વિધાયક ક્રિયા વધુ હોય છે, જેથી શરીરની વૃદ્ધિ થાય છે. પ્રૌઢાવસ્થામાં બન્ને ક્રિયાઓ સરખી ચાલે છે. આથી શરીર નથી વધતું કે નથી ઘટતું. ઘડપણમાં વિઘાતક ક્રિયા વધુ હોવાથી શરીર દિનપ્રતિદિન દુર્બળ અને ક્ષીણ બને છે.

ભસ્મીકરણની ક્રિયાથી પેદા થએલાં વ્યય-દ્રવ્યો, ત્યાજ્ય પદાર્થો વિષ અને મળદ્રવ્યો લોહીમાં ભળે છે, ને ત્યાંથી ફેફસાં, નળ, ચામડી અને મૂત્રપિંડો દ્વારા શરીરની બહાર નીકળે છે. આ છે આપણા શરીરની મળોત્સર્ગ ક્રિયા. કાર્બન ડાયૉક્સાઇડ અને પાણી ફેફસાં વાટે, કૅલ્શ્યમ અને લોહના ક્ષારો નળ દ્વારા, તથા પાણી અને ક્ષારો પરસેવા વાટે શરીરની બહાર નીકળે છે. પણ વ્યય અને વિષપદાર્થોના મોટા ભાગનો નિકાલ કરવાનું કામ તો મૂત્રપિંડો ઉપાડે છે.

કાજુ જેવા આકારના એ બે મૂત્રપિંડો (kidney) પેટની પાછલી દીવાલ પર, ઉદરપટલથી જરા નીચે, કરોડની બન્ને બાજુએ એક એક, આવેલા છે. ચરબીના પટ્ટાથી રક્ષાઇને તે કરોડ સાથે લટકી રહ્યા છે.

આ મૂત્રપિંડો નેફ્રોન નામની સૂક્ષ્માતિસૂક્ષ્મ નલિકાઓના સમૂહના બનેલા છે. દરેક નેફ્રોનની લંબાઈ બે ઇંચની છે. તે વાંકીચૂંકી અને ગૂંચળાં વળીને ગોઠવાઇ છે. દરેક મૂત્રપિંડમાં તેની સંખ્યા દસ લાખની છે! એટલે બે મૂત્રપિંડોની બધી નેફ્રોનોની લંબાઇની ગણતરી કરીએ તો આસરે સાઠ માઈલ જેટલી લાંબી નળી થાય!

અને આટલી બધી સંખ્યા તથા લંબાઇની નેફ્રોનો કેટલા નાના ક્ષેત્રમાં સમાએલી છે તે પણ જાણવા જેવું છે. મૂત્રપિંડનું કદ ફક્ત બંધ મૂઠીના જેટલું છે. ૪ ઇંચ લંબાઇ, ૨॥ ઇંચ પહોળાઈ અને ૧॥ ઇંચ જાડાઈ. આટલા નાનકડા ક્ષેત્રમાં લાખોની સંખ્યામાં આવેલી નેફ્રોનોની સૂક્ષ્મતાનો ખ્યાલ પણ આપણી કલ્પનાશક્તિ બહારનો છે. તેની સરેરાશ પહોળાઈ ફક્ત ઇંચના ૬૦૦મા ભાગ જેટલી હોય છે!


મૂત્રપિંડના મૂળમાં થઇ ધમની મૂત્રપિંડમાં જાય છે. અને શિરા તથા મૂત્રવાહિની તેમાંથી પેશાબ તથા બગડેલું લોહી લઈ બહાર નીકળે છે. ધમની દરેક નેફ્રોનની ચોમેર વીંટળાય એટલી બારીક શાખામાં ફંટાઇ મૂત્રપિંડમાં સર્વત્ર ફેલાય છે. એ શાખાઓ પણ એટલી સૂક્ષ્માતિસૂક્ષ્મ હોય છે કે મૂત્રપિંડને વચમાંથી ચીરી જોઈએ તો તે ધૂળનાં બારીક રજકણ જેટલી જ દેખાય, ને કેટલીક તો નરી આંખે દેખાય પણ નહિ. તેના છેડા છેવટે કેશવાહિનીઓનાં હજારો ને હજારો ઝૂમખાંમાં પરિણમે છે. દરેક ઝૂમખાની આસપાસ નેફ્રોનનો છેડો ગોળાકાર બની વીંટળાય છે. આંગળી પર રબરની ટોટી પહેરીએ એ રીતે.

કેશવાહિનીઓમાંથી ગળાઇને વ્યય દ્રવ્યો નેફ્રોનમાં આવે છે જ્યાં તેનો પેશાબ બને છે. પેશાબ બે રીતે બને છે: ગાળણ ક્રિયા (filteration) દ્વારા અને સ્રાવ (secretion) દ્વારા.


લોહી ફરતુંફરતું કેશવાહિનીઓમાં આવે એટલે નેફ્રોનો તેમાંથી પાણી ને ક્ષારો ગાળી લે છે. આ નેફ્રોનો ખૂબ ઉદ્યમી છે. તેમની કામ કરવાની રીત પ્રમાણે તો દિવસમાં ત્રણ મણ જેટલું પાણી તે ગાળી કાઢે! પણ જો આ બધું પાણી શરીરની બહાર નીકળી જાય તો શરીરમાંથી લોહી અને પુષ્કળ પાણી જતું રહે ને આપણે નિર્જળ બની જઈ સતત તરસ્યા રહીએ. આ દુર્દશા આવી ના પડે તે માટે નેફ્રોનના બીજા છેડે ઘણુંખરું પાણી પાછું શોષાઈને કેશવાહિનીઓમાં જાય છે અને કચરા સાથેનું ફક્ત ત્રણ કે સાડા ત્રણ શેર જ પાણી ગળાઇને મૂત્રપિંડની બહાર જાય છે.

આ ગળાએલું પાણી તે પેશાબ. એમાં સોડિયમ, પોટાશિયમ, કૅલ્શ્યમ, ઍમોનિયાના ક્ષારો, ને વધુ પ્રમાણમાં મીઠું હોય છે. ઍસિડ સોડિયમ ફૉસ્ફેટને લીધે તે આમ્લગુણધર્મી છે. પિત્તરંગોમાંથી આવેલા રંગને લીધે તે ઝાંખા પીળા રંગનો છે. ઉપરાંત તેમાં યૂરિયા, યૂરિક ઍસિડ અને હિપ્પુરિક ઍસિડ દ્રાવણ રૂપે રહેલાં હોય છે.


યૂરિયા એ પેશાબનું મુખ્ય અને મહત્ત્વનું ઘન ઘટક છે, કારણકે જીવનક્રિયા દરમિયાન ઉત્પન્ન થએલું વ્યય ને વિષદ્રવ્ય નાઇટ્રોજન આ રૂપે શરીરની બહાર નીકળી જાય છે. પ્રોટિન પદાર્થો પચ્યા પછી છેવટે ઍમાઇનો ઍસિડો બને છે તે આપણે જોઈ ગયા. ઍમાઇનો



મેડ્યુલા
મૂત્ર એકઠું
કરતી નળીઓનો સમૂહ: મથાળે એક મેડ્યુલાનો છેદ



કોર્ટેક્સ તથા મેડ્યુલાના છેદ માં દેખાતી નેફ્રોન



મૂત્રપિંડનાં અંગ-ઉપાંગનાં ચિત્રો : (૧) ડાબી બાજુએ પહેલું ચિત્ર છેદેલા મૂત્રપિંડનું છે, જેમાં લોહી અંદર વહી જતી ધમની, લોહીને બહાર લાવતી શિરા ને મૂત્રવાહિની પણ બતાવ્યાં છે. જે અનેક મૅડયુલાનું તે બનેલું છે તેને અનેકગણી મોટી કરીને (૨) વચલા ચિત્રમાં છેદમાં બતાવી છે. તેમાં દર્શાવેલું નેફ્રોનનું ગૂંચળું છેલ્લા (૩) ચિત્રમાં દોઢેક ઇંચ જેટલું મોટું કરી બતાવ્યું છે. ખરી રીતે તે $\frac{1}{600}$ ઇંચ જેટલી સૂક્ષ્માતિસૂક્ષ્મ હોય છે. આપણી મૂઠીના કદના મૂત્રપિંડમાં આવી દસ લાખ નેફ્રોન હોય છે, જે લોહીમાંથી ખેંચાએલો કચરો ગાળી લઈ મૂત્ર રૂપે બહાર કાઢે છે.

ઍસિડોમાંના ઍમોનિયા અને લોહીમાંના કાર્બન ડાયૉક્સાઈડ એકઠા થઈ લિવરમાં યૂરિયા બને છે. એ ઝેરી પદાર્થ છે. એના નિકાલ માટે જ પેશાબની યોજના ઘડાઈ હોવી જોઇએ, કારણકે તે શરીરમાં રહે તો ખૂબ હાનિકારક અને ઝેરી અસરો ઊભી થાય છે.

યૂરિયાનું પ્રમાણ દિવસભરના પેશાબમાં સવા અધોળ જેટલું હોય છે. પણ તેનો આધાર ખોરાક પર છે. માંસાહારમાં તે વધારે, મિશ્ર ખોરાકમાં ઓછું અને અન્નાહારમાં ઓછામાં ઓછું હોય છે.

યૂરિક ઍસિડનું પ્રમાણ પણ માંસાહારીઓમાં વધારે હોય છે. તાવમાં અને કસરત બાદ તેનું પ્રમાણ વધે છે. તાવવાળા દરદીને લાલચોળ પેશાબ થાય છે તે આના કારણે. જ્યારે તે શરીરના સાંધાઓમાં જામી પડે છે ત્યારે ગાઉટ (નજબો) નામનો રોગ થાય છે. અન્નાહારીઓના પેશાબમાં હિપ્પુરિક ઍસિડ હોય છે.

આખા શરીરમાં ફક્ત આ નેફ્રોનના કોષો જ લોહીમાંના વિષ અને વ્યય દ્રવ્યોને શરીર બહાર કાઢી નાખવાનું કામ કરે છે. આથી તેમની ઘણી મહત્તા છે. જો આ કામ બંધ પડે તો યૂરિયા અને યૂરિક ઍસિડ લોહીમાં જમા થાય છે. આથી ઝેરની અસર જામે છે, ને દરદી ધીમેધીમે બેભાનાવસ્થા(uremia)માં આવી મૃત્યુ પામે છે.


ચોળિયાનો સોજો, ડિપ્થેરિયા, ટાઇફૉઈડ તાવ વગેરે ચેપી રોગો દરમિયાન મૂત્રપિંડમાં દાહ થાય છે. આ રોગોમાં નેફ્રોનો કામ કરી શકતી નથી. આથી વિષ ને વ્યય દ્રવ્યોનો બરાબર નિકાલ નહિ થવાથી માંદગી ગંભીર ચિહ્નોવાળી અને કદી જીવલેણ નીવડે છે. પણ મોટા ભાગે આ પરિસ્થિતિ ઊભી નથી થતી, કારણ કે બેમાંથી એક મૂત્રપિંડ,—અરે મૂત્રપિંડનો થોડોક સાજો ભાગ પણ મળોત્સર્ગનું કામ બરાબર ઉપાડે છે. આપણા આરોગ્ય ખાતર મૂત્રપિંડોની આટલી બધી અગત્ય હોવાથી સરજનહારે આપણને બે મૂત્રપિંડો આપ્યા છે. એકની માંદગી કે ક્વચિત્ ગેરહાજરીમાં પણ બીજું મૂત્રપિંડ એકલા હાથે મળોત્સર્ગનું કાર્ય પાર પાડે છે.


મૂત્રપિંડ લોહીની શુદ્ધિ કરવા ઉપરાંત બીજું પણ કામ કરે છે. એમાંનું મુખ્ય તો લોહીમાંથી ઍસિડ સોડિયમ ફૉસ્ફેટ ગાળી લઈ તેને અલ્કલી રાખવાનું છે. વળી લોહીમાં સાકરનું પ્રમાણ વધી પડે તો મૂત્રપિંડના કોષો વધારાનું પ્રમાણ ખેંચી લઈ પેશાબ વાટે બહાર કાઢી નાખે છે અને લોહીમાં તેનું યોગ્ય પ્રમાણ જાળવે છે.


દિવસભરના પેશાબનું પ્રમાણ ત્રણથી સાડાત્રણ શેર જેટલું હોય છે. આમાં વ્યક્તિની ટેવ અને ઋતુ અનુસાર વધ-ઘટ થાય છે. ઠંડીની અસરથી ચામડીની રક્તવાહિનીઓ સંકોચાય છે. સાથોસાથ મૂત્રપિંડની ધમની પહોળી થાય છે. આથી ત્યાં લોહીનું પ્રમાણ વધવાથી લોહીનું દબાણ વધે છે. આમ થવાથી પેશાબનું પ્રમાણ વધે છે. ટાઢ ને ચોમાસાની ઠંડક વેળા વધુ વખત પેશાબ થવાનું કારણ આ જ. સંતાપ, ક્ષોભ ને ઉશ્કેરણી વેળા પુષ્કળ પેશાબ થવાનું પણ આ જ કારણ. વધારે પ્રવાહી પીધા બાદ લોહીનો જથ્થો વધવાથી લોહીનું દબાણ પણ વધે છે. એ દબાણ સુધારવા માટે વધુ પ્રમાણમાં પેશાબ થાય છે. આથી ઉલટું, જ્યારે પરસેવો પુષ્કળ થાય છે ત્યારે પેશાબનું પ્રમાણ ઘટે છે. કસરત ને શ્રમ બાદ અને તાવ દરમિયાન આવું બને છે.

કેટલીક દવાઓ તથા પીણાં પેશાબ વધારવાનું કામ કરે છે. ગ્લુકોઝ ને યૂરિયા મૂત્રરેચક છે. દારૂ પીવાની ટેવથી નેફ્રોનો પાણી પાછું ના શોષે એવી બનવાથી બહુમૂત્રતા થાય છે. કૉફી અને ચા પીધા બાદ મૂત્રપિંડમાં લોહીનો પ્રવાહ વધવાથી વધારે પેશાબ થાય છે.

મૂત્રપિંડના કાર્ય પર ખોરાકની અસર છે. ખોરાકમાં જેમ માંસાહાર અને પ્રોટીન ભરપૂર ખોરાક વધારે, તેમ તેમાંથી પેદા થએલા યૂરિયાને શરીર બહાર કાઢવા માટે મૂત્રપિંડોને વધારે કામ કરવું પડે છે. માંસાહારીઓમાં મૂત્રપિંડો પાણીના નિકાલનું ૭૦ ટકા ને ફેફસાં તથા ચામડી ૩૦ ટકા કામ ઉપાડે છે, જ્યારે અન્નાહારીઓમાં આનાથી બરાબર ઉલટું હોય છે! માંસાહારીઓએ યૂરિયા જેવાં વ્યય ને વિષ દ્રવ્યોના બરાબર નિકાલ માટે રોજનું પાંચથી છ શેર પાણી પીવું જોઇએ કબજિયાત દૂર કરવા માટે પણ વધારે પાણી પીવાની સલાહ આપવામાં આવે છે. આરોગ્યરક્ષા માટે આયુર્વેદનો આ આદેશ







ડાબી બાજુ : પુરુષ ને સ્ત્રીનાં મૂત્રાશય. મથાળાના ચિત્રમાં પુરુષનું મૂત્રાશય બે સ્થિતિમાં દર્શાવેલું છે : એક ભરેલું અને બીજું ખાલી. તેની પાછળ મળદ્વાર કે ગુદાશય આવેલું છે. નીચેના ચિત્રમાં સ્ત્રીનું મૂત્રાશય છે. પુરુષ કરતાં તેની રચનામાં ફેર એ છે કે તેમાં મૂત્રાશય અને મળાશયની વચ્ચે ગર્ભાશય આવેલું હોય છે. મથાળે : ખોરાકનો શરીરમાં પ્રવેશ થાય ત્યાંથી તેના કૂચા મળ-મૂત્ર રૂપે બહાર નીકળે તે દરમ્યાન પાચકતંત્રમાં તે કેવીકેવી રીતે રૂપાંતરો પામતો પસાર થાય છે તેનો યંત્રરૂપ સરળ આલેખ.

છે કે મુયઃ મુયઃ વારિ પિબેત ભૂરી (વારંવારપુષ્કળ પાણી પીઓ).

ભૂખ્યા અને તરસ્યા માણસના શરીરમાંથી પણ રોજ સવા શેર જેટલું પાણી પેશાબ વાટે બહાર નીકળે છે. આ પાણી શરીરના પાણીના જથ્થામાંથી અને છેવટે લોહીમાંથી ખેંચાય છે. આ જથ્થામાંથી ૨૦ ટકા પાણીની ખેંચ શરીર માટે જીવલેણ નીવડે છે. કૉલેરા અને મરડામાં સતત ઝાડા વાટે પુષ્કળ પાણી વહી જવાથી પ્રાણ જવાનો ભય ઊભો થાય છે તે આ હકીકતના આધારે છે. માટે ઉપવાસ દરમિયાન પાણી પી મૂત્રપિંડોનું કામ સરળ બનાવવું જોઇએ.

પેશાબ થોડી વાર સંઘરાઇ રહે તો તેમાં હવામાંના અદૃશ્ય જીવાણુઓ પડે છે. તેમની ક્રિયાથી યૂરિયામાંથી ઍમૉનિયા વાયુ છૂટો પડે છે. પેશાબની તીવ્ર લાક્ષણિક દુર્ગંધ આ વાયુને લીધે જ હોય છે.

પેશાબની પરીક્ષા રોગ-પરખનું મહત્ત્વનું અંગ છે. તેમાં સાકર કે આલ્બ્યુમિન હોય તો તે નરી આંખે નજરે નથી પડતાં, પણ રાસાયનિક પરીક્ષા દ્વારા માલૂમ પડે છે. આલ્બ્યુમિન મૂત્રપિંડનો વ્યાધિ દર્શાવે છે. મૂત્રપિંડના આ વ્યાધિમાં વેદના નથી હોતી, પણ જ્યારે તેમાં પથરી હોય ત્યારે તો શૂલની અપાર ને અસહ્ય વેદના ઊપડે છે. બીજાં દરદોમાં તો ચિહ્નરૂપે તાવ ને ગાઢો પેશાબ હોય છે. આ વ્યાધિમાં નેફ્રોનોને ઈજા થએલી હોવાથી પાણીનો નિકાલ બરાબર થતો નથી. આથી શરીરમાં પાણી ભરાય (dropsy થાય) છે. શરૂમાં પગના ચાબખામાં અને આંખો નીચે પાણીનો ભરાવો થાય છે.

નેફ્રોનોમાંથી સતત ટપકયા કરતો પેશાબ મૂત્રપિંડમાંથી મૂત્રવાહિની દ્વારા મૂત્રાશયમાં આવી એકઠો થાય છે. ખાધા પછી આનું પ્રમાણ વધુ હોય છે; ઊંઘ, આરામ ને પાચનક્રિયા દરમિયાન ઓછું. એ મૂત્રવાહિની (ureter) માંસપેશીની બનેલી નળી છે. તેની લંબાઈ દસથી બાર ઇંચ હોય છે. થોડા થોડા અંતરે પેશાબ તેમાં થઇને મૂત્રાશયમાં જાય છે ત્યારે તેમાં આકુંચનલહરી ઉત્પન્ન થાયછે. એ મૂત્રાશય (bladder) પેડુમાં છેક નીચે આવેલું છે. હોજરીની જેમ તે પણ માંસપેશીની બનેલી સ્થિતિસ્થાપક છતાં મજબૂત કોથળી છે. કારણવશાત્ તેમાં પેશાબ એકઠો થઈ ભરાઈ રહે તો તે ફૂલીને છેક દૂંટી સુધી પહોળું થાય છે. પુરુષમાં તેની પાછળ ગુદાશય અને આગળ હાડકું આવેલાં છે. સ્ત્રીમાં તેની ને ગુદાશયની વચમાં ગર્ભાશય આવેલું છે.

મૂત્રાશયમાંથી પેશાબને બહારલઇ જનારી મૂત્રનળી (urethra) સ્ત્રીઓમાં એક ઇંચ લાંબી અને પુરુષોમાં ૭થી ૮ ઇંચ લાંબી હોય છે. મૂત્રનળીનું દ્વાર ગોળાકાર સંકોચકને લીધે સખત રીતે બંધ રહે છે.

મૂત્રાશયમાં જ્યારે દસ અધોળ જેટલો પેશાબ એકઠો થાય છે ત્યારે તેમાં ભરાવાની લાગણી પેદા થાય છે. આ સંદેશો જ્ઞાનતંતુઓ દ્વારા મગજમાં આવેલા પેશાબ-કેન્દ્રમાં જાય છે, જેની આજ્ઞાનુસાર મૂત્રાશયની માંસપેશી સંકોચાઇને સંકોચક દ્વાર ખુલે છે ને પેશાબ થાય છે. જોકે આ સંકોચક દ્વાર આપણી ઇચ્છાને આધીન છે. આથી પેશાબ રોકવો હોય તેટલો સમય રોકી શકાય છે.

બાળપણમાં તો મૂત્રાશય ભરાય કે આપોઆપ પેશાબ થાય છે. પણ કેળવણી મળતાં પેશાબ કરવાનું ઇચ્છાને આધીન બનાય છે. શરૂમાં તો આ દિવસ પૂરતું હોય છે. રાત્રે બાળકો પથારી પલાળે છે તે જાણીતું છે. પછી ઉમર વધતાં રાત્રે પણ તે પર અંકુશ આવે છે. ડફોળ બાળકો જ પથારી પલાળે છે એવું નથી. બુદ્ધિશાળી, ગભરાટી ને ચીડિયાં બાળકોમાં આવું વિશેષ થાય છે. આની પાછળ કોઇ ચિંતાનું કારણ હોય છે. ચિંતાજનક પ્રસંગોએ (પરીક્ષાના પેપરો મળતાં અગાઉ, ગાડી કે બસ પકડવાની ધમાલમાં, દોડવાની શરત અગાઉ વગેરે વખતે) પેશાબ કરવા જવાનું આપણે પણ ક્યાં નથી અનુભવતા હોતા?

ઠંડા પાણીમાં કે ભીના સ્થાને પગ પડતાં મૂત્રાશયની માંસપેશી સંકોચાય છે. આથી મૂત્રાશય ભરાયું ન હોય તો પણ પેશાબ થાય છે. માથા પર ઠંડા કે ગરમ પાણીની ધાર કરતાં પેશાબ થાય છે તે આથી.

રોગિષ્ઠ મૂત્રપિંડને વિશ્રાંતિ આપવા માટે લોહી ગાળીને શુદ્ધ કરે એવું પ્લાસ્ટિકનું કૃત્રિમ મૂત્રપિંડ વિજ્ઞાનીઓએ બનાવ્યું છે. રોગીની નાડીમાંથી લોહી આ કૃત્રિમ મૂત્રપિંડમાં આણવામાં આવે છે, અને ત્યાં શુદ્ધ થયા પછી જમણા હાથની શિરાઓમાંથી શરીરમાં ફરી દાખલ કરે છે. એ કૃત્રિમ મૂત્રપિંડ કદમાં એક ઘનફૂટ ને વજનમાં દસ રતલ છે. જ્યારે કુદરતી મૂત્રપિંડનું વજન સાડા ચાર અધોળ જ હોય છે!

પહેલો પુરુષ એકવચન

નિબંધિકા: બકુલ ત્રિપાઠી



વૈયાકરણીઓને કોણે શુષ્ક, જડ, અરસિક કહ્યા હશે? મને લાગે છે કે એ કહેનારા જાતે જ એવા હશે. બાકી ખરું જોતાં તો એ વ્યાકરણકારોની બુદ્ધિ માટે માન ઉત્પન્ન થાય એવું છે. સર્વનામો-ની જ વાત લો ને! એમણે સર્વ સર્વનામોમાં પહેલું કોને મૂક્યું છે? 'હું' ને. હું પછી જ 'અમે', 'તું', 'તમે' વગેરેની લંગાર શરૂ થાય. પણ પહેલો તો 'હું' જ. 'હું'ને પહેલો પુરુષ ગણ્યો એ જ બતાવે છે કે એ લોકો વેદિયા નહિ પણ જબરા વ્યવહારુ હશે, દુનિયાદારી-ના ખરા પરખંદા હશે. કેમકે દુનિયામાં પણ 'હું' જ પહેલો પુરુષ છે. એમાંથી જ બીજાં સર્વનામો પ્રગટે છે. 'હું'ની આરાધના એ જ આપણી જીવનસાધના છે; 'તું' અને 'તે' તો માત્ર વચ્ચે તપોભંગ કરાવનારા તોફાનીઓ છે. 'હું' એટલે જ ખરું કથન; 'તું' અને 'તે' તો ફક્ત અલ્પવિરામો, અર્ધવિરામો!

દાખલા તરીકે અમારા પેલા મધુભાઇને ભૂલેચૂકે તમે પૂછો કે 'તબિયત કેમ છે?' તો તરત જ 'મારું તો એવું છે ને ભાઇ, કે આજ તબિયત સારી હોય તો કાલ ખરાબ. આમ તો મને છેક ૧૯૨૮થી ઉધરસનો રોગ. પછી એ રોગ વધતાં વધતાં...'

અને એમ એ રોગની વાત વધતાં વધતાં એમના આરોગ્યના ઇતિ-હાસનું સ્વરૂપ પકડી બેસે, અને શહેરના લગભગ બધા જ ડૉક્ટરો, ઍલોપથીમાં હોય એ બધી દવાઓ અને એમને થએલા બધા જ રોગો વિષે એકાદ પાઠ્યપુસ્તક કરવા જેટલી માહિતી ભેગી થવા માંડે. એટલે વાત બદલવા તમે પ્રયત્ન કરો: 'ખરી વાત છે; તબિયતનું એવું જ છે. બધાની તબિયત કંઈ બ. ક. ઠા. જેવી ઓછી જ હોય છે?'

તો લાગલા જ કહેશે, 'બ. ક. ઠા. ને? એ પણ ખરા છે! આ ઉમરે ય આટલું કામ કરી શકે છે! મારું પણ એવું જ છે. તબિયત આવી, તો યે કામનો પાર નહિ. આ ગઇ દિવાળીની જ વાત લો ને! દિવાળી આવી ને મારે ત્યાં દિવાળી અંકોના લેખો માટે આમંત્રણોનો ઢગલો! ટપાલી પણ થાકી જતો!'

કંટાળીને વળી પાછા તમે વિષય બદલીને કહો કે, 'હમણાં આ ચૂંટણીની ધમાલ ભારે ચાલે છે. તો તરત જ કહે: 'ચૂંટણી ને? એમાં તો કૉંગ્રેસ જ જીતવાની. જોકે કૉંગ્રેસનું હમણાં જરા...હજી પરમ દિવસે જ રાવ સાહેબ મને કહેતા હતા કે મધુ...રાવ સાહેબ-ને મારે માટે ખૂબ જ માન, હોં!... એમનો મને એક બહુ સરસ અનુભવ થએલો. હું જ્યારે કૉંગ્રેસમાં હતો...તમે-તમે ય વચ્ચે કૉંગ્રેસમાં હતા, નહિ?'

'હું તો ફક્ત બેતાલીસમાં...' તમે જવાબ આપો.

'બેત્તાલિસને? તે વખતે તો હું જેલમાં! તે પહેલાં ત્રીસમાં અને ને પછી ખડા સત્યાગ્રહ વખતે ય હું જેલમાં ગએલો. જોકે હું કૉંગ્રેસમાં જોડાયો હતો તો છેક ૧૯૨૮માં...' અને આમ કૉંગ્રેસ-નો ઇતિહાસ શરૂ થાય. પછી તો 'હું અને કૉંગ્રેસ' વિષે જ નહિ, પણ 'હું અને કવિતા,' 'હું અને છાપાં,' 'હું અને મારી બેબી', 'હું અને વ્યાયામનાં પુસ્તકો સંઘરવાનો મારો શોખ', 'હું અને ચા નહિ પીવાનું વ્રત', 'હું અને છુટ્ટી પાટલીનું ધોતિયું પહેરવાની રીત' એ બધા વિષયો પર અરધો પોણો કલાક જ્ઞાન આપે. તમે વાતને ગમે તેમ વાળો, બીજે ગમે તે વિષય કાઢો. પણ સંગીતકાર જેમ ઘૂમીઘૂમીને પણ અંતે સમ પર આવીને સ્થિર થાય, એમ એમની વાત અંતે તો પહેલા પુરુષ એક વચન પર જ આવી જાય.

હમણાં જ કો'ક ફરિયાદ કરતું'તું કે આત્મકથાનો સાહિત્યપ્રકાર આપણી ભાષામાં બરાબર ખીલ્યો નથી. મને થયું, ભલા માણસ, આત્મકથા તે કંઈ ચોપડીઓમાં જડવા જેવી વસ્તુ છે? આપણે ત્યાં તો ખીલીખીલીને કવિતા જેવો સાહિત્યપ્રકાર ખીલ્યો છે; કારણકે કવિતાને જીવનમાં ઉતારવાની વાત તો દૂર રહી પણ એમ ને એમ કહી સંભળાવવાની તકો ય ઓછી. એટલે નછૂટકે બિચારા કવિઓ એ છપાવી મારે, ને પછી તમે કહો કે કવિતાનો સાહિત્યપ્રકાર ખીલ્યો!

પણ આત્મકથાને વળી એવી શી ગરજ કે એ નકામી સાહિત્યની છાપરી નીચે ભરાય? એ તો આપણા જીવનની ક્ષણેક્ષણને આવરીને બેઠી છે, આપણા શ્રીમુખેથી અખંડ વહ્યા કરતી હોય છે, આપણા કાનને સદાય અભિષિક્ત કરી રહી હોય છે. કલાક બે કલાક બહાર ફરી આવો અને બેચાર 'આત્મકથા'ઓ સાગી મળી જ સમજો! કો'ક કહેશે, 'હું તો નાનપણથી જ માનતો આવ્યો છું કે...' તો બીજો કો'ક કહેશે, 'મારા ધંધાની હાડમારીની તો ભઈ, શી વાત કરું?' ત્યાં ત્રીજું કો'ક તમને સમજાવતું હશે કે 'મારી વાર્તાઓમાં જે વિશિષ્ઠતા છે તે મારાં નાટકોમાં પણ છે...' ને ચોથું કો'ક ગણ-ગણી રહ્યું હશે કે 'પછી મ્હેં બાપુજીને પૂછ્યું કે હેં બાપુજી...; પછી મ્હેં ગાંધીજીને પૂછ્યું કે હેં ગાંધીજી...'

અને પેલા ભાઇ કહેતા હતા કે આત્મકથાનો સાહિત્યપ્રકાર આપ-ણે ત્યાં ખીલ્યો નથી! ખરું પૂછો તો આપણે ત્યાં આત્મકથા પૂરતો તો દરેકે દરેક જણ સાહિત્યસર્જક છે. કોઈને પોતાનાં પરાક્રમો વર્ણવ-વાનાં હોય છે તો કોઇને ફરિયાદો આગળ ધરવાની હોય છે; કોઇ ભવ્ય ભૂતકાળની કથા કહેતું હોય છે તો કોઇ ભાવિનાં સ્વપ્નાં વર્ણવતું હોય છે; પણ સૌનો ય પ્રેરણાદાતા તો એક જ—પહેલો પુરુષ એકવચન.

એક ભાઈ હમેશાં પોતે કેટલા પ્રવૃત્તિશીલ છે અને પોતાને કેવી એક ઘડીની પણ નવરાશ નથી એ કહેવામાં જ પોતાનો બધો સમય ગાળી નાખે છે. બીજા એક ભાઇ જ્યારે મળે છે ત્યારે કહ્યા કરે છે કે આપણે ત્યાંના સો મોટા માણસો—સાહિત્યકારોથી માંડીને લશ્કરી

અફસર સુધીનાઓ--એમની દોસ્તી જ શોધતા ફરે છે! એ બિચારા કેટલે ઠેકાણે પહોંચી વળે? મનુભાઈ કરીને એક મિત્ર માને છે કે પોતે આ યુગના કૃષ્ણ છે; અને તેથી ઘેલી ગોપીઓ એમની પાછળ કેવી પડી છે એ કહેતાં એ ધરાતા જ નથી.

આ બધા કરતાં ય એક સન્મુખભાઇની વાત જુદી છે. પોતાને આ દુનિયામાં સિદ્ધાંતો સિવાય બીજા કશામાં રસ નથી એમ એ માને છે. એટલે તમારા ઘરમાં પ્રવેશતાં જ કહેવાના 'મારો તો ભાઈ પહેલેથી જ સિદ્ધાંત, કે બહાર ચંપલ કાઢીને જ ઘરમાં પેસવું!... મારો તો પહેલેથી જ એક સિદ્ધાંત કે ચા પીવી હોય તો પીવી જ, અને ન પીવી તો ન જ પીવી!' એ ભાઇના કાકા છે તે હમેશાં 'હું જ્યારે તમારા જેવડો હતો ત્યારે તો શી વાત!' એમ કહીને કાઠિયાવાડના કો'ક દરબારમાંની એમની સાહ્યબી જ વર્ણવવા માંડવાના.

બીજી એક રુદનમૂર્તિ તો ગમે ત્યારે ય પોપચાં ઢાળીને બોલતી હોય છે: '...હું અત્યારે એવી પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યો છું કે મારી જગ્યાએ બીજો કો'ક હોત તો એણે જરૂર આપઘાત કર્યો હોત!' વાત એમ છે કે એમનો જૂનો ભાડુઆત શહેરનું મકાન ખાલી નહિ કરતો હોવાથી એમને સોસાયટીમાંના પોતાના બંગલામાં રહેવું પડે છે અને એનું ભાડું ગુમાવવું પડે છે! એમની ભયંકર પરિસ્થિતિ એટલે આ.

એક બેચરલાલ કરીને મોટર ડ્રાઇવરની રીત વળી નિરાળી જ છે. એમને તમે પૂછો કે 'ક્યાં ચાલ્યા?' તો કહે, 'કેમ? બેચરલાલ હવે ઘેર તો જશે ને? હા...વળી, આ બેચરલાલને ય બૈરી છોકરાં છે હો!' અથવા ક્યારેક કોઇ થિયેટરની બહાર બીજા ડ્રાઈવરો આગળ કહેતા હોય, 'આ બેચરલાલે તો આજ શેઠને સુનાવી દીધી, હા...' આમ એ કદિય 'હું' નહિ બોલવાના, પણ પોતાને વિષે 'આ બેચરલાલ' કહીને જ વાત કરવાના.

અને એવી જ રીતે જે ત્યાગી વૈરાગી છે, જેણે અહમ્‌ને વિસાર્યો છે, એવા સાધુઓ પણ 'ભાઈ, ઈસ શરીરકો જરા ઠંડ લગ ગઇ. ફિર ઈસકો આયા બુખાર. ઇસ દેહમેં દવાઈ તો કભી ગઇ નહિ ઔર...' કરીને 'ઇસ શરીર'ની વાત કરવી ભુલતા નથી!

વૈજ્ઞાનિકો ભલે માને કે પૃથ્વી સૂર્યની આસપાસ ઘૂમી રહી છે, પણ આપણે તો માનીએ જ છીએ કે સૂર્ય, તારા અને આખું બ્રહ્માંડ આપણી આસપાસ ઘૂમી રહ્યું છે. કેટલાક તો આ વાત સાબિત કરવા જ જાણે ન હોય, એમ દિવસ ને રાત પોતાના પ્રશંસકો, પોતાના ભક્તો અને પોતાના વિના જીવી નહિ શકનારાઓની સંખ્યા ગણાવ્યા કરતા હોય છે. જ્ઞાન પોતાની પાસે જ રાખીને મરી જનાર આવતે ભવે બ્રહ્મરાક્ષસ થાય છે એમ જાણે માનતા હોય તેમ ઘણા પોતે જે કંઇ વાંચ્યું કે જે કંઈ વિચાર્યું હોય તે સામે મળનાર આગળ ઠાલવ્યે જ રાખે છે. આ ઉપરાંત 'હમણાં તો મેં એક સ...રસ લેખ લખ્યો છે. એમાં મેં એવું લખ્યું છે કે...' કહીને આખો ય લેખ બોલી જનારા લેખકમિત્રોનો તો કોને અનુભવ નહિ હોય?

થોડા વખત પહેલાં એક થિયેટરમાં એક ભાઈ મળી ગએલા. પંખાના ઘરઘરાટને ભેદીને પણ એમની વાતો ચાલતી'તી:

'પેલા યુવકમંડળવાળાઓને ઓળખો? વચ્ચે એ લોકો સદ્‌ગત શ્રી...ની શોકસભા ભરવાના હતા. તે મને કહે કે તમે છાપાંમાં એનાઉન્સમેન્ટ આપી દેશો? મેં કહ્યું એમાં શું? એનાઉન્સમેન્ટ તો ખરી જ, પણ હું સભામાં બોલીશ પણ ખરો. જોકે મંડળવાળાઓએ તો ઘણો યે વિવેક કર્યો કે મારે બોલવાની તસ્દી ન લેવી, પણ મારે તો સદ્‌ગતને અંજલિ આપવી જ રહીને?'

'ખરી વાત છે. પછી, તમે બોલ્યા ને?'

'હાસ્તો...'

'પણ તમારે સદ્‌ગત જોડે કંઈ ઝાઝો પરિચય ખરો?'

'પરિચય તો જાણે—મેં શોકસભામાં કહ્યું તેમ—એમની જોડે પરિચય તો જાણે હમણાં જ, થોડા વખત પહેલાં થએલો. પણ ૧૯૩૩માં હું દક્ષિણમાં ગએલો તે વખતે સદ્‌ગત એ બાજુ આવેલા. પણ મારે તો 'લીટરરી સોસાએટી ઑફ સાઉથ ઇંડિયા' આગળ પ્રવચન કરવાનું હતું તેની તૈયારીમાં હું પડેલો—એ સોસાએટીના આમંત્રણનું મૂલ્ય કંઈ જેવુંતેવું નથી, હો. એ લોકોએ મને ઝડપેલો; —એટલે કમનસીબે એ કામમાં હું રત હોવાથી સદ્‌ગત મને મળી નહિ શકેલા. આ મારું એમને વિષેનું પહેલું સ્મરણ...'

'તે તમે શોકસભામાં કહ્યું ને?' મેં પૂછ્યું.

'હાસ્તો, પછી તો મેં કહ્યું કે સદ્‌ગતને ચિત્રકળાનો શોખ, એટલે અમારા પરિચયનો સંભવ વધુ ઘેરો બન્યો. મને પણ ચિત્રકળાનો શોખ ખરો ને? ૧૯૩૭માં ચિત્રકળાનું પ્રદર્શન અહીં યોજાએલું ત્યારે હું એનો મુખ્ય મંત્રી હતો. મારું નામ મંત્રી તરીકે હોય નહિ અને પરપ્રાંતીય ચિત્રકારો અહીં ચિત્રો મોકલે નહિ! મેં તો એ શોકસભામાં ચોખ્ખું કબૂલ કરી દીધું કે મને ચીતરતાં આવડતું નથી. તોય એ પ્રદર્શન કેવું થયું અને આખા હિંદમાં મારી વ્યવસ્થાની કેવી કદર થઈ એનો અહેવાલ લોકોએ બહુ રસથી સાંભળ્યો...'

'કયા લોકોએ?'

'કેમ? શોકસભામાં આવેલા તેસ્તો. એ પછી તો એ લોકોએ મને સુવર્ણચંદ્રક પણ આપવાનું ઠરાવેલું...'

'કોણે? શોકસભાવાળાઓએ?'

'ના ભઈ, ના; પ્રદર્શનવાળાઓએ. શોકસભામાં તો મેં આ બધું કહ્યું એટલું જ. સુવર્ણચંદ્રક માટે તો મેં નામરજી દર્શાવી. મારા જીવનની ફિલસૂફી જ એ છે, કે સેવા કરવી પણ એનો બદલો ન લેવો. મને ગીતાનો અભ્યાસ ખરો ને! હું ધારું છું સદ્‌ગતને ગીતામાં મારી જેમ જ રસ હતો. મેં ગીતા વાંચી પહેલવહેલી હું જેલમાં હતો ત્યારે... કાલિદાસ ને ઇબ્સન પણ મેં ત્યાં જ વાંચેલા. શૉ ને સાઇકૉલૉજી તો જાણે ત્યાર પછી વાંચ્યાં. સદ્‌ગત પણ એવું વાંચવાના રસિયા હતા. એટલે જ સ્વર્ગસ્થ સાથેના પરિચયનો સંભવ વધતો ગયો.'

પછી તો પોતાની અને સ્વર્ગસ્થની સાહિત્યની સમજ સરખી હોવાથી કેવી રીતે ઓળખાણ થઈ તે વાત એમણે ત્યાં કરી હતી. અને અંતે સ્વર્ગસ્થ હમેશાં પોતાની કેવી પ્રશંસા કરતા ને કેટકેટલાં વખાણ કરતા એ બધાનું વિગતવાર વર્ણન કરીને એમણે શોકસભામાં આવેલાઓ આગળ સાબિત કરી બતાવ્યું હતું કે સદ્‌ગતમાં સાચા મોતી પારખવાની અદ્‌ભુત આવડત હતી!

આમ, શોકસભાથી માંડીને તે ઘેરેઘેર અરે, છેક ઘરનાં રસોડાં સુધી પહેલા પુરુષ એકવચનની લીલા વ્યાપી ગઈ છે. હા, રસોડામાં યે ખરી; અને તે બીજે હોય છે તેના કરતાં જરાય ઓછી પણ નહિ.

અત્યાર સુધી મેં પહેલા 'પુરુષ' એકવચનની જ વાત કર્યા કરી, એટલે એમ માની લેવાનું જરાય કારણ નથી કે 'પહેલી સ્ત્રી એકવચન'નું મહત્ત્વ ઓછું છે. બંને સરખાં સર્વવ્યાપક છે. વ્યાકરણકારોએ ત્રીજા પુરુષ માટે 'તે' અને 'તેણી' (કે અંગ્રેજીમાં he અને she) એવા જુદા શબ્દો યોજ્યા છે, કારણકે એ લોકો જાણતા હતા કે 'તે'ની વાત જુદી છે ને 'તેણી'ની તેથી ન્યારી છે. પણ પહેલા પુરુષ સર્વનામમાં તો એમણે સ્ત્રીઓ અને પુરુષો બન્ને માટે એક જ શબ્દ, 'હું' જ યોજ્યો છે. કારણકે સ્ત્રી અને પુરુષ બન્ને 'હું' ને તો સરખું જ માન

આપે છે, બંને સરખા જ ઉત્સાહથી એનો ઉપયોગ કરે છે.

જોકે વિષય પરત્વે બન્નેમાં થોડો ફેર ખરો. દાખલા તરીકે પહેલી સ્ત્રી એકવચનની વાતોનું 'પ્રમાણ' ભલે વિપુલ, પણ વિષયવૈવિધ્ય ઓછું જ. એમના વિષયો મુખ્યત્વે ત્રણ: એક તો 'હું ને મારી તબિયત'. એ 'મારી તબિયત'ની વાતમાં તબિયતનો ઇતિહાસ મુખ્ય સ્થાન રોકે. જોકે તબિયતના અર્થશાસ્ત્રનું વર્ણન પણ ઓછું ન હોય. બીજો પ્રિય વિષય તે 'હું ને મારો શાંત, ઉદાર, સહનશીલ સ્વભાવ–અને તેની કદરનો અભાવ!' અને ત્રીજો વિષય હોય છે, 'હું ને મારી બેબી—ક્યારેક બેબીના પપ્પા.' આ સિવાયના વિષયો પર પણ હાથ '(કે વાણી) અજમાવી તો જોવાય જ છે; પણ એમાં ખાસ મઝા નહિ!

આ પહેલો પુરુષ એકવચન મોટે ભાગે આત્મપ્રશંસા રૂપે જ પ્રગટવાનો. (જો કે કો'ક વાર આત્મરુદન રૂપે કે ફરિયાદ રૂપે, પણ એ વરસી જાય છે.) પણ એમાં તો કોઇને વાંધો ય શો હોઈ શકે? પોતાનાં વખાણ કરવાની હિંમત જેમનામાં નથી હોતી એવા કેટલાક વિદ્વાન લોકો આત્મપ્રશંસાને અવગુણ ગણે છે ખરા, પણ એમની એ માન્યતામાં તો જાણે કંઈ જ વજૂદ નથી. જરા વિચાર તો કરો, અનાજ અને કાપડ જેવી વસ્તુઓ માટે આપણે વર્ષોથી સ્વાવલંબી બનવાની હિમાયત કરતા આવ્યા છીએ તો પછી પ્રશંસા—જે અનાજ અને કાપડ જેવી જ જીવનની જરૂરિયાત છે—એનું ઉત્પાદન જાતે જ કરીને સ્વાવલંબી બનનાર ખોટું શું કરે છે? પોતાની પ્રશંસા પોતે જ કરવી એ તો સ્વાશ્રયનો માર્ગ છે, સ્વાવલંબનનો માર્ગ છે. આવી વસ્તુ માટે બીજા પર આધાર રાખવો એ તે કંઈ સમજુ માણસનું લક્ષણ છે!

વળી ભક્ત કબીર પણ શું કહી ગયા છે? કે આ જગતમાં કોઈ કોઈનું નથી. માતા, પિતા, ભાઈ, બહેન, પત્ની, પુત્ર, કોઈ આપણું નથી. સૌ સંબંધો ક્ષણિક છે. તુલસીદાસ અને સૂરદાસ જેવા સંતો પણ એ જ ગાઇ ગયા છે. આંખ પર માયાનાં પડળો હોય ત્યાં સુધી આ બધા સંબંધો આપણાને અતૂટ લાગે છે;–જેમ બોણી આપવાને આગલે દિવસે પટાવાળા આપણે માટે જાન આપી દે એવા વફાદાર લાગે છે તેમ.

પણ જ્ઞાનીઓ તો પહેલેથી જ સમજી જાય છે કે આ જગતમાં આપણે જ આપણા એકમાત્ર આધાર છીએ. આ સંસારમાં આપણી બિચારી જાતનું આપણા સિવાય બીજું કોઈ નથી. એ આપણી જાતની દરકાર જો આપણે જ નહિ કરીએ, એની કદર જો આપણે જ નહિ કરીએ તો કોણ કરશે? સંસ્કૃતમાં પણ કંઇ અમસ્તું જ કહ્યું હશે કે आत्मनैवात्मानो बंधु। આત્મા જ આત્માનો બંધુ છે! (આનું બીજુ ચરણ સંભારવા જેવું નથી.) એટલે માણસ જાતે જ પોતાનાં ગુણગાન ગાય, પોતે પોતાની જ વાત કરે એમાં કંઇ ખોટું નથી.

મીરાંબાઇનાં ભજનોમાં ય શું છે? 'મૈં ગિરધર કે સંગ નાચી;' 'મૈં તો પ્રેમદિવાની'. 'મેરે તો ગિરધર ગોપાલ'...બસ, આપ-કથા જ કે બીજું કંઈ? આમ, મીરાંબાઈ જેવી મીરાંબાઇ પોતાની જ વાતો કર્યા કરે એનો વાંધો નહિ, અને અમારો બિચારો કો'ક ઊગવાની તૈયારી કરતો સાહિત્યકાર 'મેં આમ લખ્યું ને મેં તેમ વાંચ્યું' એની વાતો, રાત ને દિવસ, મીરાંબાઈ કરતાં યે વધુ એકાગ્રતાથી કર્યા કરે તો એને તો સૌ કંઇનું કંઇ કરી નાખશે! છે ને જગતનો ન્યાય?

અરે, કેટલાક દુષ્ટ લોકો તો આવા પહેલા પુરુષ એકવચનો પ્રત્યે થોડી પણ સહિષ્ણુતા બતાવી શકતા નથી. પેલો જ્યાં શરુ કરે કે 'હું જ્યારે ઇંગ્લંડમાં હતો ત્યારે...' કે 'મને એક વાર બાબાસાહેબ કહે કે...' અથવા 'મારો અભિપ્રાય તો એ પ્રકારનો છે કે...', ત્યાં કાં તો એ મોં મચકોડવા માંડે છે, કાં મો...ટાં બગાસાં ખાય છે, કે કાં તો ઘડિયાળ સામે નજર નાખ્યા કરે છે, કે પછી છેવટે 'તમારે બસનું મોડું થતું હશે, હો!' એમ સંભારીને પેલાને આત્માનંદના શિખર પરથી પગ ખેંચીને નીચે પછાડે છે!

હા, કેટલીક વાર વળી બે સરખેસરખા મળી જાય તો રંગ પણ જામે છે. આવે વખતે એ બંને પહેલા પુરુષ એકવચનો જાણે પાનાં-ની રમત રમતા હોય અને વારાફરતી પાનાં ઊતરતા હોય એમ નિરાંતે 'હું' કથાઓ કહ્યે જ જાય છે.

'મારે તો ભાઈ, તબિયતનો બહુ ત્રાસ છે' એમ એક જણ શરૂ કરીને જ્યાં સહેજ શ્વાસ ખાવા અટકે ત્યાં તો બીજો આરંભી દે:

'આપણા રામને તો એ બાબતમાં લહેર છે. મેં તો કોઈ દિવસ ડૉક્ટરને પૈયે પરખાવી નથી...'

'ડૉક્ટરની તો ભાઈ વાત જવા દેને!' પેલો અધવચથી કાપે, 'મને તો ભલભલા ડૉક્ટરોનો અનુભવ છે. એક દેસાઇ ડૉક્ટર જોડે તો મારે જામી પડી'તી...'

'એમ તો મારે ય એક વાર બસ કંડક્ટર જોડે જામી પડી'તી...'

'જોકે આમ તો મારો સ્વભાવ તદ્દન શાંત...'

'મારું ય એવું. મિજાજ ખોઇ બેસું, પણ દિલમાં કંઈ નહિ. તે દિવસે તો જાણે કંડક્ટરનો જ વાંક હતો...'

'વાંક તો મારી બાબતમાં ડૉક્ટરનો જ હતો, મારે બન્યું એવું કે...'

વારાફરતી વારો, ને તારા પછી મારો! આમ શાંતિથી, સંતોષથી, ઉલ્લાસથી એકબીજાની 'હું' કથાઓ કહેતી જુગલજોડી જોઉં છું ત્યારે મને થાય છે કે 'જોયું ને આંખ ઠરી!' જોકે એક વાર આવી એક જુગલ-જોડીના બન્ને જણે મને પાછળથી પરસ્પર માટે ખાનગીમાં અભિપ્રાય આપેલો કે 'પેલો તો ખરેખરો મૂરખ લાગે છે! પોતાની વાત સિવાય બીજું કંઈ એને સૂઝતું જ નથી!' પણ આવા પ્રસંગે ઘણુંખરું તો બન્ને એકબીજાના પ્રશંસક બનીને જ છૂટા પડે છે.

પણ એ કરતાં યે પહેલા પુરુષ એકવચનોને તો મારા એકમુરબ્બી-ના જેવા માણસો સૌથી વધુ પસંદ પડે છે. અમારા એ મુરબ્બી તો બસ, હમેશાં શાંતિથી માત્ર વચ્ચે હોંકારા પુરાવતા પુરાવતા દરેકની પહેલા પુરુષ એકવચનમાં કહેવાતી વાતો ઠંડે દિલે સાંભળ્યા કરે છે. એ કહે છે કે પહેલા પુરુષ એકવચનમાં જ વાતો કર્યા કરનારાઓથી આપણે અકળાવું શા માટે? આપણને કોઇની 'હું' કથામાં રસ ન પડવાનું કારણ એ પણ હોઇ શકે ને, કે આપણને માત્ર આપણી જ 'હું' કથામાં રસ છે? તો પછી એ આત્મકથાકાર તો આપણા સૌમાં વસેલા પહેલા પુરુષ એકવચનનું વધુ વ્યક્ત સ્વરૂપ, આપણું જ એક કટાક્ષચિત્ર છે, એમ સમજી લઇને શા માટે એની આત્મનિવેદનની હોંસ પૂરી ન કરવા દેવી?

ગમે તેમ, પણ આ બધી ફિલસૂફીને પરિણામે એમણે કેળવેલી 'હું' કથાઓ સાંભળવાની ટેવને લીધે મને તો હું એમને ત્યાં જ્યારે જાઉં ત્યારે કોઇ ને કોઈ પહેલા પુરુષ એકવચનની લીલા અચૂક નિરખવાની મળે છે! કોઈ ને કોઈ પોતાની આત્મકથાનો અભિષેક કરતું ત્યાં બેઠું જ હોય છે. અને એ નિરખીને જ દિવસેદિવસે મારું વૈયાકરણો માટેનું માન વધતું જાય છે. એ લોકોએ 'હું' શબ્દ માટે 'હ' જેવો ભારે અક્ષર પસંદ કર્યો એ પણ જોવા જેવું છે!

પણ એ ભાષાશાસ્ત્રીઓની એક ભૂલ તો છે જ. 'હું' ને એમણે હ્રસ્વ 'ઉ' લગાડયો છે. ખરી રીતે તો દીર્ઘ 'ઊ' જ રાખવા જેવો હતો. અંગ્રેજોએ પણ I (આઇ)ને કૅપિટલ ક્યાં નથી કર્યો? એટલે જો 'હું'ને બદલે 'હૂં' બોલાતું હોત તો પહેલા પુરુષ એકવચનમાં થતી આપણી વાતોમાંથી મળે છે એથી ય બમણો સંતોષ મળત ને? પણ એમ થોડી ભૂલ ન રાખે તો એ વૈયાકરણી શાના?



ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

આ ખરે આપણે વરઘોડો ચડયો, રાજ્જા! માંડવો બંધાયો અને ઢોલી બેઠા. નાકા પરની માલણે હાર ગૂંથ્યા ને પડોશમાંના સોની મહાજને ઘણેરા ઘાટ ઘડયા રાજ્જા! સિલ્કિ આલ્પાકાના ડગલા શીવડાવ્યા, ને નવા બંગાળી ધોતીજોટા પણ લીધા.

આમ તો દાદા શિવદાસ મહેતાનો આખો વસ્તાર એકઠો કરવા બેસીએ તો એંશી-નેવું માણસોનો થાય. એમણે બે વહુ કરેલી (એમાં એક હાંસોટની ', એટલે સગાંવહાલાં ચન્દ્રવદનલાલનાં લગન મહાલવા ઊભરાવા લાગ્યાં. વડિલોની તો મારે ખોટ જ નહોતી. એ બધાંએ મળીને મને એવા તો ઝાટક્યો અને ભણતરની એવી તો ધૂળ ખંખેરી કે વગર મારે મારાં હાડકાં ખોખરાં થઈ ગયાં અને હામ ભાંગી ગઇ.

પણ એમાં દોષ કોને દઉં ? જેમણે ધમકાવ્યો-પટાવ્યો એમનો શો વાંક ? મારી જ બુદ્ધિ કયાં બળી ગઇ હતી ? એમ અણીને વખતે હિંમત હારી, નબળાઈ બતાવી એ માટે તો હું જ જવાબદાર ને ? પ્રભુતામાં પગલાં પાડવાનું તો રહ્યું, પણ મૂરખ ! તને ભાન પણ હતું ખરૂ કે કેટલી ગંભીર જવાબદારીનું પગલું તું આ લઈ રહ્યો હતો ?

અને તારી વાત તો સમજ્યા. બાર સલાહ આપે અને તેરને તું પૂછે. પણ આ ઘર્ષણગોળામાં વિલાસનો તેં કદી યે વિચાર કર્યો હતો ? તેં તો એને લખી દીધું હતું કે હું તને પરણવાનો નથી; બસ! પણ પછી—હા પાડયા પછી એને મનમાં કંઇ વિમાસણ નહિ થઈ હોય ? બળ્યા તમે નાટકના લખનારા થતા ! નથી તેં એની જોડે વાત કરી, નથી તેં એની સાથે વારંવારનો પત્રવ્યવહાર કર્યો. સસરાજીને તો ભલે નવો સુધારો ન ગમ્યો, પણ તમે કયાં બધું જ બીજાનું કહ્યું માની ચાલતા હતા, તે એના મનમાંની ગડભાંગ જાણવા કદી હિંમત કરી ખરી ? ના. અને હવે દોષ દેવો છે અદૃશાને ? !

મારા કાકાના ત્રણ છોકરાઓ: નાનાભાઇ ઘેલાભાઇ ને મગનભાઈ. ત્રણે બાપુજીથી પાંચદસ વર્ષ નાના. ખાસ્સા મુંબાઈમાં સુખી, ભારે સંપીલા ને મુંબાઇગીરી રીતે પૂરા શોખીન. એ બધા અમારા સુરતના ઘરમાં ઊતરી પડયા હતા. વ્યવહાર-વહીવટ બધો ઘેલાભાઇ જ કરે, અને મારા બાપુજીને બધા બાપ સમાન માન આપે. એકનો એક દીકરો પરણે, એટલે ન્યાતવરો પણ નક્કી કરાવ્યો, અને એટલા જ રૂપિયા કેળવણી ફંડમાં આપવાનું પણ ઠરાવ્યું. વાજું તો રજાકનું જ—એમાં કંઈ ચાલે જ નહિ: બંને વખતે—વરઘોડામાં ને જમણવાર વખતે પાટે.

ન્યાત જમી રહી હતી. વરરાજા રેશમી ખમીસ અને અબોટિયું પહેરી, ગળામાં હાર લટકાવી, પાનનાં બીડાં પીરસી રહ્યા હતા. સ્ત્રીઓની પંગતમાં વર પીરસે, અને પુરુષોની પંગતમાં વહુ નીકળે. રિવાજ કંઇ ખોટો નથી. બધાં બંનેનાં ચાટાં તો જુએ !

પડોશના સગાના ઘરમાં ત્રીજે માળે સેવ-પાપડ, ભજિયાં-ફરસાણ ગોઠવ્યું હતું. ચાલુ ન્યાતે એકાએક અનસૂયાએ મને બોલાવી મંગાવ્યો;—હા, એ મુંબાઈથી લગનમાં સુરત આવી હતી. એ ત્રીજે માળે મને લઇ ગઇ અને 'ઊભા રહો, અહીંથી જતા નહિ' કહી તરત ચાલી ગઈ. બે મિનિટમાં પાછી આવી. સાથે વિલાસને લાવી. ઘડ દઇને એનો હાથ મારા હાથમાં મૂકી, 'હવે વાતો કરો; અને પાછા લડવા નહિ બેસતા !' કહી, બારણાં બહાર દાદર પર, કોઇ સેવ-પાપડ લેવા આવે એને પાછા કાઢવા, ઊભી રહી.

આમ, લગનને આગલે દિવસે અમે વરવહુ મળ્યાં. પેલી કવિતામાં છે તેમ 'વરવહુ અમે, ન રોયાં, ન લડયાં. હતાં જેવાં તેવાં ન એક થઈ રહ્યાં.' ના, કંઇ ખાસ વાત પણ ન કરી શકયાં. એના મનમાં પણ અનેક વાતો ગૂંગળાતી હશે. મારે શું બોલવું એની કંઈ સમજ જ મને પડી નહિ. અને એ સ્નેહમિલન પૂરું થઈ ગયું ! અનસૂયાના એ ઊમળકા માટે હું એનો હમેશનો આભારી છું. પછીથી એણે મને કહ્યું હતું કે પ્રિયંવદાએ મુંબાઈથી આવો કંઈ પ્રસંગ ગોઠવવા માટે ખાસ સૂચના આપી હતી. આ બન્યું ચોથને દિવસે: અને પછી બીજે દિવસે—વસંતપંચમીએ મારો વરઘોડો નીકળ્યો.

ઘોડો નહોતો; નવી ફીશાનના આ વરરાજા પગે ચાલીને જવાના હતા ! ત્યારે વળી સુરતમાં એ બેંગ ચાલતો. અને આ વરરાજાએ વળી ઘોડેસવારી કરેલી પણ કયારે ? ચાલતા નીકળ્યા એ જ ઠીક થયું. બહાર રજાકનાં બૅન્ડ ધમધમી રહ્યાં. સુરત સ્ટેશનની સામે મોહનનું એક હૉટેલ અને વીશી ચાલે. એ મોહનભાઇ ફેંટો બાંધવામાં પાવરધો ગણાય. એવો જ, રજાકની વાજા-ટોળીમાં આગલા ત્રણમાંનો ભૂંગળામાસ્તર રફીક પણ સાફો બાંધવામાં કુશળ મનાય. એ બંને આ વરરાજાને માથે પોતપોતાની કારીગરી અજમાવી રહ્યા હતા.

નહાયા, પૂજા કીધી, બાબરી ઓળી, શણગારાયા, સિલ્કિનો ડગલો ને ફુમતેદાર ફેંટો બંધાયો, કપાળ પર ચાંલ્લાવિધિ થઇ, સૂકું નારિયેળ પકડાવ્યું, ને વરરાજાને બારણા આગળ ઊભા રાખવામાં આવ્યા.

સાજન સારું હતું, પણ એમાં લેખક થવાના અભરખા સેવનારા સંગાથે ચાલવામાં કોઇ નાનાલાલ કે નરસિંહરાવ, બળવંતરાય કે ખબરદાર નહોતા; તેમ કોઇ ઉમાશંકર કે ભાનુશંકર પણ નહોતા જણાતા. અરે નજીકના પડોશી જ્યોતીન્દ્ર દવે ય નહોતા દેખાતા ને ! મિત્રોમાં દુર્લભરામ વખારિયા, રણજિત રાયજી, ચંપકલાલ ભુખણવાળા, નટવરલાલ વીમાવાળા અને ઠાકોરલાલ શ્રીપતરાય ઠાકોર.

હાથમાં નારિયેળ લઈને ચાલવું એ આઉટ ઑફ ફૅશન થવા લાગ્યું હતું. એટલે બહાદર વરરાજાએ એમાં પણ હિંમત કરી સુધારો કર્યો. નારિયેળ નિશાળના દોસ્ત ઠાકોરલાલ ઠાકોરના હાથમાં આપી દીધું, અને પોતે ફૂલનો તોરો લઈ, રસ્તે કોઈ ઓટલે ઓળખીતા મળે તેને અદાથી સલામ કરતા ચાલવા માંડયું. નારિયેળ તો ખરેખર શુકનનું હોવું જોઈએ; મેં તે નહિ ઝાલ્યું એટલે મને તો ન ફળ્યું, પણ ઠાકોરભાઇનો સંસાર સુખી નીવડયો.

એ જ રસ્તો: અંબાજીને ચકલેથી પાણીની ભીંત, દેસાઈ પોળ; નિશાળ જવાનો રસ્તો. આ જ નિશાળે ભણ્યાગણ્યા; હવે ત્યાં થઈ પરણવા નીકળ્યા ! વેવાઈને માંડવે પહોંચ્યા અને ભલાં સાસુજીએ પોંખ્યા. ચોરીમાં બેઠા. હસ્તમેળાપ પણ થઇ ગયો. મેં પરણવામાં ના ને ના પાડયા કીધેલી ત્યારે એક ફોઇના છોકરા છોટુભાઇએ શરત

કરેલી કે પરણે તો માહ્યરામાં બધા વચ્ચે બે તમાચા મારું? કુદરત-મેળાપ થઈ ગયો કે તરત મેં એને બોલાવી મંગાવ્યો ને કહ્યું 'છોટુભાઈ! મારો તમાચા!' બીચારા છોટુભાઈ હારી ગયા અને હસી પડ્યા. પણ હારી તો હું જ ગયો હતો. બચ્ચાજી! છોટુભાઈ શા માટે તમાચા મારે? જોજેને, કુદરત તને હવે કેવીકેવી થપ્પડ મારે છે તે!

જો મન નહોતું તો માળવે નહોતું જવું. અને માળવે ગયા તો મનની મોળાઈ પછી કરવી નહોતી. બકરીની માફક બેં બની બેસીને બધી વિધિ બરાબર પૂરી કીધી અને મધરાતે વહુઅર પાછું ફર્યું.

ઘેર આવી, બેસાડેલાં માતાને પગે લાગી, અધરાતે અંબાજીનું મંદિર ખોલાવી ત્યાં દર્શન કરી, પાછા ઘરમાં વડીલોના આશીર્વાદ લેતાં બધાને પગે લાગ્યાં. માને પગે લાગ્યાં; બાપાના પગમાં માથું મૂકી ભાંગી પડ્યો! રડ્યો—ખૂબ રડ્યો. શા કારણથી રડ્યો,—કોણ જાણે. પણ હુસકેહુસકે રડ્યો, ઘણી વાર સુધી રડ્યો.

બીજે દિવસે બાકી રહેલા મુરબ્બીઓને પગે લાગવા વહુઅર નીકળ્યું ત્યારે ચાર સાલથી ગુજરી ગએલા મામાજીને ત્યાં એમની છબિ આગળ પગે લાગતાં પણ રડ્યો, બહુ રડ્યો.

હવે આ દાયકાની પહેલી પચ્ચીસીના આખરના ભાગમાં આવી પહોંચ્યા છીએ. સુરત, મુંબાઈ, સોલાપુર, ગંગાપુર, દેવેશ્વર, ડુમ્મસ થોડો થોડો વખત હવાફેર કરી હવે મુંબાઇમાં મલાડમાં પ્રિયંવદાને લાવવામાં આવી છે. ૨૫ પૂરાં થઈ ૧૯૨૬ની સાલ શરૂ થાય છે. આ દાયકાની પહેલી પચ્ચીસી આપણે '૨૬ની અધવચમાં જ પૂરી થતી ગણીશું. આ અરસામાં એક અદ્‌ભુત વાત બની. એનો ખુલાસો હજી હું કરી શક્યો નથી. પણ એ જરા જોઇ લઈએ.

વરસની શરૂઆત તો સારી થઈ. હું વકીલાતનું વાંચું અને એપ્રિલમાં પરીક્ષા. ફેબ્રુઆરીમાં મુનશી-લીલાવતી પરણ્યાં એના ઢોલ વાગ્યા. ત્યાર બાદ માધવબાગમાં વસંત પંચમીનો ઉત્સવ ઊજવાયો. પ્રમુખસ્થાને નાનાલાલ, અને ત્યાં નરસિંહરાવ હાજર. કૉલેજમાં આનંદશંકરે સંસ્કારી સંયમ અને જીવનનો ઉલ્લાસ એ ઉપર રસિક ભાષણ કર્યું. સુમતિ અને હું ખાસ મલાડથી મુંબાઇ એ સાંભળવા ગયાં. એપ્રિલમાં મહાવીર જૈન વિદ્યાલયમાં રમણભાઇને પ્રમુખપદે સાહિત્ય-પરિષદ થઇ. ત્યાં મટુભાઈ કાંટાવાળા જાતે મને શોધતા આવ્યા અને પરિચય પાડી ગયા. એથી મને ઘણો ઉત્સાહ આવ્યો. પરિષદના મેળાવડામાં રમણલાલ વસંતલાલ દેસાઈ સાથે પહેલો પરિચય થયો, અને બીજી પણ ઘણી ઓળખાણોનો લાભ મળ્યો.

અહીં એ પરિષદ ઉપર આપણે લંબાણ નહિ કરીએ, પણ એ પ્રસંગે મુનશી દંપતીનો ઉત્સાહ અનેરો હતો, અને મનુભાઇ નંદશંકરનું કલા ઉપરનું ભાષણ સર્વોત્તમ હતું. એમની બોલવાની શૈલી દિલચસ્પ હતી. વનિતા વિશ્રામની પાછળના મેદાનમાં યોજાએલા મેળાવડામાંના ગરબામાં મારો એક ગરબો ગવાયો. કાર્યક્રમમાં ગરબો છપાયો હતો, પણ સાથે કર્તાનું નામ નહોતું. એથી મનમાં રીસ તો ભારે ચડેલી, પણ ગવડાવનાર પન્ના—સર મનુભાઈની દીકરી હતી, એટલે મન પ્રફુલ્લ હતું. અત્યંત માર્દવભરી એ લાવણ્યમૂર્તિને આપણે આગળ ઉપર મળીશું, પણ ગમે તેવા નમાલા ગરબાને પણ સજીવન કરવાની પન્ના મહેતામાં અનેરી શક્તિ હતી.

પરીક્ષા પૂરી થઈ અને હું વલસાડ-મલાડ વચ્ચે આંટા મારવા મંડ્યો. ધ્રુવસાહેબ તીથલ હવાફેર માટે આવનાર હતા તે માટે બંગલો જોવા અમારે ત્યાં આવી ઊતર્યા, ત્યારે પણ મારા બાપુજીની છાતી ગજગજ ઊછળી હતી. એ સૌજન્યમૂર્તિની મહેમાની અમદાવાદમાં મેં બહુ માણી હતી, પણ એમનું આતિથ્ય અમે વલસાડમાં તો શું કરી શકીએ? મારા બાપુજીએ બે દિવસ રજા લીધી અને એમની સાથે તીથલમાં બંગલો પસંદ કરવા ફર્યા. વલસાડ-તીથલની વચ્ચે વાંકી નદી પર શુક્લજીના બંગલામાં એમનું કુટુંબ આવી રહ્યું.

એપ્રિલ ગયો અને મે આવ્યો. એની શરૂઆતમાં નરસિંહરાવ દિવેટિયાને પ્રિયંવદાની માંદગીની પૂરી ખબર પડી;—ખબર તો હતી જ, પણ એમણે હિંમત કરી સામું કહેણ કર્યું.

'ચન્દ્રવદન! તમે તો વૈકુંઠભાઇના કુટુંબીજન જેવા થઈ ગયા છો, તો એક વાત હેમને ના કરો?'

'જરૂર, સાહેબ!'

'મ્હેં સાંભળ્યું છે કે હેમની દીકરી માટે હેમણે બધી જ દવા અજમાવી જોઇ છે, બધા જ દાક્તરો કન્સલ્ટ કરી લીધા છે.'

'હા જી.'

'તમને ખબર તો હશે જ કે દયારામભાઈ હમારે ત્યાં રહે છે.'

'હા જી.'

'અને એ હોમીઓપથીના ઘણા જ હોશિયાર જાણકાર છે. એને કેસ સોંપો તો? દયારામભાઇ કબૂલ કરશે કે કેમ એ હું નથી જાણતો, કારણ એ આમ તો ભાગ્યે જ કોઈને મળે છે. પણ તમે પહેલાં વૈકુંઠભાઇની રજા લ્યો, હું ઘરમાં એમની મરજી જાણી લઉં, અને મને તમે કાલે મળો.'

દયારામ ગીદુમલ. જાણીતા સિંધી જજ તે એમના જમાઇ. આખરના દિવસોમાં એ વાંદરામાં નરસિંહરાવને ત્યાં જ રહેતા.

વૈકુંઠભાઇ તો દયારામભાઇને બરાબર ઓળખે. અને હવે દવા કરીને થાક્યા પણ હતા. આખરનો પાસો હતો. ભલે અજમાવીએ, કરી હા પાડી. ત્યાં દિવેટિયાસાહેબે પણ દયારામભાઈની મંજૂરી મેળવી.

'જુઓ ચન્દ્રવદન! દયારામ બહુ ચીવટવાળા છે. દરદી વિષે એટલા તો સવાલો પૂછશે કે તમે કંટાળશો. કેટલીક વિગતો તમારે માબાપ પાસેથી મેળવવી રહેશે. પછી એ દવા નક્કી કરશે. છોકરી નાની હતી ત્યારે કયે પડખે સૂતી હતી અને તકિયો કેમ રાખતી ત્યાંથી માંડી અત્યારની ચોક્કસ હાલત વિષે ઝીણામાં ઝીણી વિગતો મેળવવી પડશે.' કંઇક અટકી એમણે ઉમેર્યું, 'પણ હા, તમારી તો એ બહેન છે, એટલે તો તમે હોંસેહોંસે કરશો જ.'

મલાડથી હું વાંદરા નરસિંહરાવને ત્યાં જાઉં. કદાચ અમે સ્ટેશન પર જ નોંધણીની આપલે કરી લઈએ. એમ બેત્રણ દિવસ સવાલ-જવાબો ચાલ્યા પછી દયારામભાઈએ દવા આપી.

લગભગ સો સવાલોના જવાબો આપ્યા પછી તા. ૧૩મીથી દવા શરૂ થઈ એની અસર, ફેરફાર, પરિસ્થિતિ વગેરેની એક નોંધપોથી જ શરૂ કરી. દયારામભાઈને મેં ત્યારે જ પહેલી—અને છેલ્લી વાર જોયા. 'જોયા' એટલા માટે કે એ બોલતા તો ભાગ્યે જ.

મેની અધવચ આવી અને મારે બેત્રણ દિવસ માટે પાછા વલસાડ જવાનું થયું. પેલા પરામજીના નાના ભાઈ દયાળજીનાં એને મામ લગ્ન હતાં. દવાના થોડા ડૂપતા અપાઈ ચૂક્યા હતા. હોમીઓપથી દવા એટલે થોડા દિવસ રાહ જોવાની હતી.

તા. ૧૮મી મેને દિવસે હું વલસાડ જવા નીકળ્યો. જતાં પહેલાં હું પ્રિયંવદા પાસે ગયો એણે હાથ જોડી કહ્યું 'આવજો.' જરા રહી ઉમેર્યું કે 'બોલ્યુંચાલ્યું માફ કરજો.' મુંબાઈથી મારી સાથે ઉપેન્દ્ર દેસાઈ પણ આવ્યો હતો.

૧૯મીએ ઉપેન્દ્ર ને હું વલસાડથી સચીન થઈ વક્તાણા પહોંચ્યા. રાત્રે લગ્ન ખાધાં, ગામડા ગામમાં લગ્ન. જરા અવનવું તો ખરું જ. બાર સાડાબારે લગ્ન પતી જતાં સૂતા. અમે તો બહારની ઓસરી

પર જ ગાદલાં નાખી ઊંઘી ગયા હતા.

માંડ બેએક કલાકની ઊંઘ આવી હશે અને ચાર વાગ્યે સફાળો જાગ્યો. બધા ધસચસાટ ઊંઘે અને મને કશી સમજ ન પડે. જીવ ગભરાતો હોય એવું લાગ્યું. ફળિયામાં આંટા મારવા માંડ્યા પણ અમૂંઝણ ઓછી જ ન થાય. પછી તો મળસ્કા સુધી સુવાયું જ નહિ.

ચારથી છના એ બે કલાકના ગાળામાં અનુભવેલી એ ચણચણાટી હજી પણ યાદ છે. કોના સોગન ખાઉં? જે બન્યું તે હું યથાસ્થિત જ કહું છું. સવારે ચા પીતાં પરાગજીને તેમજ રૂપેન્દ્રને મળસ્કાની વાત કરી, પણ અમે કોઈ એનો ખુલાસો કરી શક્યા નહિ.

પણ મારું મન તો બસ વહેલા વહેલા વલસાડ જવાનું જ કહે. ગાલ્લાં જોડો! ગાલ્લાં જોડો! પણ કંઇ મેળ ખાય જ નહિ. સવારે તો કોઇએ ન જ નીકળવા દીધા. ખાવાનું તો મન માને જ નહિ. આખરે બપોરે વક્તાણાથી ગાલ્લાંમાં ખરવાસા ગયા, ત્યાંથી સચીન આવી ટ્રેન પકડી રાત્રે વલસાડ લોકલમાં ઘેર પહોંચ્યા.

આખે રસ્તે કંઈ ચેન ન પડે. થાક પણ ઠીક લાગ્યો હતો. રાતે નવેકને શુમારે ઘરમાં દાખલ થયા. દાદર ચડી મારો એક જૂનો સોફા હતો ત્યાં હું આડો પડ્યો. કોઈ દિવસ નહિ અને તે દિવસે મોરી બા એકદમ મારે પડખે આવી બેઠી, અને ધીમેથી 'બાબુ' એટલું જ બોલી. બાપુજી જરા દૂર હીંચકે બેઠા હતા ત્યાંથી બોલ્યા 'પહેલાં કંઈ ખાઈ લે.' રૂપેન્દ્રને પણ ખાવાનું કહ્યું.

પણ શું ખાય? બા જે રીતે મારી પાસે બેઠી તે ઉપરથી જ સવારના મારા ચણચણાટનો તાળો મળી ગયો હતો. હું ચોંકુ કે બેઠો થાઉં ત્યાં તો બાથી ન રહેવાયું. એકાએક રડી પડી. 'બપોરે તાર આવ્યો' એટલું માંડ બોલી, અને મારે માથે હાથ ફેરવવા મંડી. પણ એને યે ડૂમો ભરાઈ આવ્યો અને મોટેથી રડી પડી. મળસ્કે ચાર—બરાબર ચાર વાગ્યે મલાડમાં પ્રિયંવદા ગુજરી ગઇ હતી!

અરધાએક કલાક સુધી તો મારી આંખ ખુલી જ નહિ. પછી ડૂમો નીકળ્યો અને ચોધાર આંસુએ રડ્યો. મન માને નહિ. અગિયારની લોકલ ઊપડવાની તૈયારીમાં હતી; પણ બધાએ વાર્યો: 'એમ દોડ્યો દોડ્યો મુંબાઈ જઈને કરશે પણ શું?' અને વાતે ખરી હતી.

રાત તો ગઇ. સવારે વહેલો જાગ્યો, અને જોઉં છું તો ફ્રન્ટીઅર જરા મોડો આવેલો તેનું ઍંજિન હજી છૂટતું હતું. ત્યાંથી સ્ટેશન પર પહોંચવું તો બે મિનિટ. હું તો 'જાઉં છું' કહી સીધો એમ જ સ્ટેશન પર, અને ઍંજિન પાસેના ડબ્બામાં બેસી ગયો. આખી સવાર મને મળસ્કે થએલા ચણચણાટના જ વિચારો આવ્યા કરે. આવો વિચિત્ર યા અદ્ભુત અનુભવ ફરી મને કદી થયો નથી. અને હું એનો કશો ખુલાસો પણ કરી શકતો નથી. અગિયારેક વાગ્યે મલાડ પહોંચ્યો, ત્યાં તો પગ થાંભલા બની રહ્યા. જીભ સિવાઇ ગઇ.

ત્રણેક દિવસ રહી પ્રિયંવદાનાં મા કુસુમભાભી મને બંગલાના પાછળના ભાગમાં આવેલા નાના બગીચામાં લઇ ગયાં, અને કહ્યું કે 'આ ખાટલી છૂટી કરી નાખવાનું તારું કામ. મારા હાથ ઊપડતા નથી.' અને પછી...અને પછી એમણે જે વિલાપ કર્યો છે, જે વિલાપ કર્યો છે! અમને ઘડીભર તો થયું કે કુસુમભાભીને કંઈ થઈ જશે.

નાની પણ સરસ ખાટલી હતી. અમે ખાસ બનાવડાવેલી હતી. માંડમાંડ છોડી. મારી બેન સુમન ત્યાં આવી રહેલી હતી. હું, એ અને સુમતિ, એમ ત્રણેએ તે છૂટી કરી અને કોઇને આપી દીધી.

બધું શરીર ખવાઈ ગયા પછી હોમીઓપથી શરૂ કરી. બહુ મોડી, અને માંડ થોડાંક પડીકાં ગયાં હશે. પણ એનો કંઈ અર્થ નહોતો. વૈકુંઠભાઈને સાચો દિલાસો તો નરસિંહરાવ ખરખરે આવ્યા ત્યારે મળ્યો. એમની આંખમાં ત્યારે પાણી તો જામ્યું, પણ કારુણ્યમૂર્તિ નરસિંહરાવને મૂગા ભક્તિમય બેઠેલા જોઇને કોઇને પણ હિંમત આવે. મને તો એમને જોઇ એમની સ્મરણસંહિતા જ આખી યાદ આવવા માંડી.

પ્રિયંવદા ગઇ! ૧૯૧૧માં જન્મી ૧૯૨૬માં ગઇ. ૧૫ વરસ જીવી ચાલી ગઈ. એમાં છેલ્લાં ત્રણચાર વરસ તો ક્ષયમાં પીલાઈ પથારીમાં જ કાઢ્યાં. ડાક્ટરોએ બળજબરીથી સુવાડી મૂકી. એ પથારી નીચે એ એનું એક જોસ્તાન રાખતી. એની ઘરવખરી, પૂંજી, દોલત, ખજાનો, નાનીમોટી બેપાંચ ચીજો.

એમાં પેલી 'ભ્રમ'ની એના હાથની કરેલી એક વધારે નકલ નીકળી. એમાં એણે પોતે જ નોંધ કરી હતી: 'આવી કવિતા લખી છે તે ઠીક છે; પણ હવે આવુંઆવું લખતા નહિ. કંઇ સારુંસારું લખજો.'

એ પણ એક વિચિત્ર ઘટના જ બની. મેં એ 'વિરહકાવ્ય' લખવા માંડ્યું હતું! સૌ જાણતા હતા કે પ્રિયંવદા ખરા કરવાની નથી. એના જીવતાં એના અવસાન વિષે ખાસ્સું ૫૦૦-૬૦૦ લીટીનું કાવ્ય લખ્યું. એણે પોતે એની મારે માટે નકલો કીધી. આખરે આવી નોંધ કરી.

કોણ જાણે કેમ, ૧૯૨૨માં લખવા શરૂ કરેલા એ કાવ્યને મરામત કરી હું કદી પૂરું કરી શક્યો જ નહિ—પ્રકટ પણ કરી શક્યો નહિ. 'ઈલાકાવ્યો'માં 'ગાઢ નિંદર' એના મૃત્યુ પર લખી, અને અર્પણ

'પ્રિયં...અહહ નામ એ ન ઉચરાય હાવાં પૂરું.'

એ સૉનેટની પહેલી લીટી પેઠે 'ભ્રમ' પણ પૂરું ન જ થયું.

દાયકાની પહેલી ક્રૂર પચ્ચીસી પૂરી કરીએ તે પહેલાં, જેમને રસ હોય તેમને માટે, 'ભ્રમ'માંથી થોડી લીટી અહીં દાખલ કરું તો એ નિર્બળતા કૃપા કરી નભાવી નહિ લ્યો?

'ભ્રમ'ને ત્રણ ભાગમાં વહેંચી નાખ્યું હતું: સાંજ, મધરાત અને પરોઢ. નરસિંહરાવ, બલવંતરાય ને ખબરદારે ત્રણેએ કરેલા સુધારા મને કબૂલ હતા. પહેલા ભાગમાં શરૂઆત આમ છે:

(અનુષ્ટુપ)

વિશ્વનો ગરવો રાસ, ગયો થંભી ઘડીભર;
વ્યોમ ને અવનિ મધ્યે, શાંતિ સ્થિર ચરાચર.

એક યુવાન કલ્પેલો છે, તે પોતાનું દુ:ખ રડતાં કહે છે—

ઉઘાડી કાળની પોથી, મનોચક્ષુ વડે પઢે,
ભૂંસવા મથતો નાગ, તેમ તે સ્મરણે ચઢે.

પછી થોડી લીટી જવા દઈએ—

(વસંત)

'હા દેવ! દેવ!' વદતો નિજ નેન બંધ,
જાણે ત્રુટી સકળ આ ગયું વિશ્વતંત!
બ્હેનાં! હવે વિવિધ બોધ જ કોણ દેશે?
ને બ્હેન ઓ વચન બે કટુ કોણ કહેશે?
'ખમ્મા' શુભાશિષ વદી નહિ વારણાં લે,
'ઓ ભાઇલા!' નહિ વદીશ ફરી તું વ્હાલે.
ઊજળતી નભ વહે જયમ વ્યોમગંગા,
એવી હતી હૃદય નિર્મળ સ્નેહગંગા;
લીધી ખરે ઝડપી તેં નિજ અંધજાળ,
કાં ઓ મને ય ઝડપે નહિ ક્રૂર કાળ!

વળી થોડા ફકરા છોડી દઈએ—

સંગીત તેં જીવનમાં જગવ્યું અમોલું,
એના હવે મધુર સૌ ભણકાર ઘોળું;
ને એ રહ્યા સ્મરણઅંકિત સૂર તારા
સંગીતનાયક સમીપ જ દોરનારા.

લવાજમ વધારા વિષે

સપ્ટેમ્બર અંકમાં અમે કરેલી જાહેરાતના ઉત્તરમાં અમને સંખ્યાબંધ ગ્રાહકો તરફથી સહાનુભૂતિના પત્રો મળ્યા છે અને તેમાંની યોજના અનુસાર અમુક ગ્રાહકોએ એકએક નવો ગ્રાહક મોકલી ચાલુ લવાજમે 'કુમાર' મેળવવાનો લાભ લીધો-અપાવ્યો છે. કેટલાકે તો બબ્બે ત્રણત્રણ ગ્રાહકો પણ મોકલ્યા છે. બીજાઓએ નવા વધારેલા લવાજમે 'કુમાર' મોકલવા જણાવ્યું છે એટલું જ નહિ, પણ મોટા ભાગનાએ તો અમે સૂચવ્યા કરતાં મોટી રકમ રાખીને પણ કોઈપણ ઉપાયે 'કુમાર' ચાલુ રાખવા અમને આગ્રહ કર્યો છે. તેમના આ પ્રેમ ને ઉત્સાહથી અમને ધારણ મળી છે ને એ સદ્ભાવ માટે અમે સૌના ઘણા આભારી છીએ. એ રીતે ચાલુ લવાજમે ગ્રાહકો નોંધવાની મુદત આ માસ–ડિસેમ્બર આખરે પૂરી થશે. એટલે આ પંદર દિવસમાં જેમને લાભ લેવો હોય તેઓ પોતાના તથા પોતે નોંધાવતા હોય તે નવા ગ્રાહકના લવાજમની રકમ ડિસેમ્બરની ૩૧મી તારીખ પહેલાં અમને પહોંચે તે રીતે મની-ઑર્ડરથી મોકલી આપે. **આ યોજનામાં વી.પી. કરવામાં નહિ આવે.**

બાકીના બધા ગ્રાહકોએ આવતા વર્ષનું લવાજમ નવ રૂપિયા (પરદેશ રૂ. ૧૧ કે શિ. ૧૭) લેખે મોકલવાનું રહેશે. અમે ફરીથી કહીએ છીએ કે આ વધારો અમારે ઘણા જ ક્ષોભ ને દુઃખ સાથે જાહેર કરવો પડ્યો છે. પણ કાગળ ને બીજાં મુદ્રણસાધનોના ભાવ-વધારાને કારણે નિરુપાયે અમને આમ કરવાની ફરજ પડી છે. અમને શ્રદ્ધા છે કે અમારી મુશ્કેલી પ્રમાણીને બધા જ ગ્રાહકો અમને ટકી રહેવામાં સહાયભૂત થશે.

અને આગળ છેલ્લે—

અનાયાસ, અસંબદ્ધ, વાણી એ વદતો રહ્યો,
હૈયાભાર વધ્યો જ્યારે, નિદ્રાધીન થઇ રહ્યો.

અહીં પહેલો ભાગ પૂરો. એમાં નરસિંહરાવ બલવંતરાય બંનેની સ્પષ્ટ અસર જોઇને? પછી વાત આગળ વધે છે. એમાં એ યુવકને કોઈ દેવદૂતી આવી જગાડે છે, આશ્વાસન આપે છે અને મૃત્યુનો ભેદ સમજાવે છે. એ 'મધરાત'નો પહેલો શ્લોક:

વાચા ત્યજી શબ્દરૂપ બની નિગૂઢ,
છાઇ રહ્યું તિમિર ગાઢ, દિગંત ગૂઢ;
ગાંભીર્યનું ગહન રૂપ ધરી અકેલી,
આવી અચાનક ત્યહીં મધરાત વ્હેલી.

પછી કેટલીક લીટી લલિત છંદમાં છે. એમાંની એકબે—

તિમિરથી ભરી કાળની ગુફા,
મમ કને લઇ સ્નેહદીપિકા;
અમર ધામમાં આવું ઢૂંઢતો
સમીપમાં થશે આત્મત્યાં ક્હતો.

પછી—

(વસંત)

વાચા બધી ગઈ ડૂબી નિજ અશ્રુઓઘે,
ઊંડું ભગી હૃદયમાં ચિર શાંતિ શોધે;
આંસુભરી શ્રમિત આંખ થઈ નિરાશ,
બાંધે દયાળુ દુઃખશામક નિંદપાશ.

અહીં પણ નરસિંહરાવની અસર ચોખ્ખી છે—

હૈયે અશાંતિ દમતી, સહવું અકારું,
રે હાય આજ જગમાં નહિ કોઈ મારું;
આશા કુંળી પલકમાં સહુ છેદનારું
હેં મોત શું અમર એક જ જીવનારું?
વિધિની વસમી વાતો, બોલવી ગમતી નથી,
હૈયાનાં દુઃખની ધૂણી, ક્હે કે શમતી નથી.
ઊંધી દીસે જગતની ગતિ કેમ આવી?
ઊંડું રહસ્ય જ હશે કંઈ શુભ ભાવી,
એવું વદી જન બહુ કંઇ દે દિલાસા,
ઓછી શું એ થકી થતી દિલની નિરાશા?

ભક્તિભર્યું જીવન નિર્મળ ઈશદોર્યું:
વ્હાલેભર્યું, સુમતિપ્રેરક, પુણ્યમ્હોર્યું;
અશ્રુ સમું સરી પડ્યું જગ શીત ગાલે,
સંતપ્ત હૈયું નિજને દિનરાત બાળે.
છાંડી બધો હૃદયનો વસમો વિશાદ,
તું જાણ, અંતર થકી સુણ દિવ્ય સાદ;
જાણી હવે મરણ સુંદર સ્વપ્નજાળ,
ભૂલી બધો ભ્રમ હવે ઉર તું ઉજાળ.

અહીં એમ જરા આશાસ્પદ થતાં 'મધરાત' પૂરી થાય છે અને 'પરોઢ'નો ત્રીજો હપ્તો શરૂ થાય છે. એનો પહેલો ફકરો—

(મંદાક્રાંતા)

ધીમે ધીમે તિમિરગરવી રાત વીતી જતી'તી,
ને હૈયાની ગડમથલ સૌ શાંત ત્યારે થતી'તી;
ધીમે ધીમે, મરણભ્રમણા રૂંધતી તે ય ભાંગી,
ને ત્યાં દૈવી, જીવનપથમાં જ્ઞાનની જ્યોત જાગી.

'પરોઢ'ના વર્ણનમાં આવે છે—

(વસંત)

ઉષા અરુણ સહ ખેલતી આભલામાં,
તારા વીણીવીણી ભરી કરખોબલામાં
સૃષ્ટિ જગાવતી ગઈ દઇ તેજલ્હાણું,
છાજો ઉડે જનકરે ઉગતાં જ ભાનુ.
ખીલેલ ફૂલ જલબિન્દુ ધરી વિલોલે,
મોતી સમું ચળકતું ઉરમાં હિંચોળે;
ઝુલાવવા અનિલ હાલરડાં જ ગાય,
પંપાળવા મધુર શાંતિ ત્યહીં લપાય.

એમ બધું ચાલ્યું જાય છે; છેવટે—

(ઝૂલણા)

દ્વાર ચૈતન્યનું ઊઘડે ત્યાં દિશા
રક્તવરણી થતી શ્યામળી જે,
દિવ્ય તેજેભર્યો ભાનુ ત્યાં ઝળકતો
શુદ્ધ થઇ ધ્યાનથી નગન થીજે.

એમાં બીજા ત્રણ ફકરા ખબરદારે ઉમેરેલા તે અહીં નથી મૂકયા.

આ ઉમેરી મેં કંટાળો આપ્યો હોય તો ક્ષમા આપજો. (ચાલુ)

[આવતે વર્ષે શરૂ થતા વિભાગમાં નાટ્યપ્રવૃત્તિનો મધ્યાહ્ન, મંથનભર્યું દાંપત્ય, સ્વાતંત્ર્યની લડતમાં કૉંગ્રેસ-પત્રિકાનું તથા બીજું કામ, અને છેવટ ઑલ ઇંડિયા રેડિયોમાં પ્રવેશ સુધીના બાર હપતા આવે છે, તે આવતું આખું વર્ષ સિલસિલાબંધ રસ જમાવતા રહેશે.]

આપણા રાજદ્વારનો એક ઓછો જાણીતો પણ ઘણો રસમય વિષય

પ્રોટોકોલ અને પરદેશી એલચીઓ

પરદેશોના એલચીઓના સમાચારો સાથે વર્તમાનપત્રોમાં આ 'પ્રોટોકોલ' શબ્દ કોઇકોઈ વાર વાંચવામાં આવે છે. એનો અર્થ શો? એનો મુખ્ય અર્થ થાય છે 'રાજદ્વારી શિષ્ટાચાર પદ્ધતિ તથા તેનું ખાતું'. તેનું કામ દેશપરદેશના એલચીઓ સાથેના રાજદ્વારી શિષ્ટાચાર સાચવવાનું છે. આપણા દેશમાંના બધા પરદેશી પ્રતિનિધિઓ આપણી વિદેશ-કચેરી સાથે આ ખાતા મારફતે સંપર્ક સાધે છે.

દરેક રાજતંત્રમાં આ ખાતું રાખવામાં આવ્યું હોય છે. રાજદ્વારી પ્રતિનિધિઓનું સ્વાગત કરવું, તેમના ઓળખપત્રો, નિમણૂક-પત્રો વગેરેની રજૂઆત કરવા માટેની ગોઠવણો કરવી, તેમની કચેરી માટે અને તેમને રહેવા માટે મકાનો નક્કી કરવાં, અને રાજદ્વારી પ્રતિનિધિઓ તરીકેના માનમરતબા, તેમના ખાસ અધિકારો તથા અબાધ્યતાઓ (ઈમ્યુનિટીઝ) ખાત્રીપૂર્વક જળવાઈ રહે એ માટે સતત દેખરેખ રાખવી વગેરે ફરજો એ ખાતાને માથે હોય છે. વળી બધા સત્તાવાર સમારંભમાં દેશદેશના રાજદ્વારી પ્રતિનિધિઓના અગ્રપદનો ક્રમ બરોબર જળવાઈ રહે એ માટેનો પ્રબંધ પણ એ ખાતાએ કરવાનો હોય છે. આ ક્રમ નક્કી કરવા માટે તે રાજદ્વારી પ્રતિનિધિએ જે દિવસે પોતાના ઓળખપત્રો સત્તાવાર રીતે રજૂ કર્યાં હોય તે તારીખને લક્ષમાં લેવામાં આવે છે.

વળી જે દરજ્જાનો વિદેશી પ્રતિનિધિ હોય તે અનુસાર તેના સ્વાગતવિધિમાં ફેર રહે છે. રાજદ્વારી પ્રતિનિધિઓના ચાર પ્રકારો અથવા દરજ્જા હોય છે: (૧) ઍમ્બૅસડર (એલચી); (૨) મિનિસ્ટર પ્લેની-પોટેન્શીઅરી ઍન્ડ એન્વૉય એક્સ્ટ્રા-ઑર્ડિનરી (કુલમુખત્યાર પ્રધાન અને અસાધારણ પ્રતિનિધિ); (૩) મિનિસ્ટર રેસિડેન્ટ (નિવાસી-સચિવ) અને (૪) શાર્જ દા'ફેર (વ્યવહર્તા). જો રાજદ્વારી પ્રતિનિધિ પહેલા ત્રણમાંથી કોઈ એક દરજ્જાનો હોય તો દરબારમાં તેનું સ્વાગત, જ્યારે તે પોતાનાં ઓળખપત્રો રજૂ કરે ત્યારે, શિરસ્તા મુજબના સર્વ વિધિઓ સહિત રાજ્યનો વડો કરે છે. પણ જો તે માત્ર શાર્જ દા'ફેરનો દરજ્જો ધરાવતો હોય તો પોતાનો ઓળખપત્ર તેણે વિદેશપ્રધાન સમક્ષ રજૂ કરવાનો હોય છે, ને વિદેશપ્રધાન' દરબારમાં તેનું સ્વાગત કરે છે. આ સત્તાવાર સ્વાગત વડે તે પ્રતિનિધિનો સત્તાવાર સ્વીકાર થયા પછી તે પોતાના ઓદ્ધાનાં કર્તવ્યો શરૂ કરે છે.

પ્રત્યેક પ્રતિનિધિને એક સીલબંધ ઓળખપત્ર અને તેની એક ખુલ્લી નકલ આપવામાં આવે છે. તે પ્રતિનિધિ પોતાના લક્ષ્યસ્થળે પહોંચ્યા પછી તુરત જ તે દેશની વિદેશ-કચેરીને પોતાના આગમનની જાણ કરવા માટે પોતાના ઓળખપત્રની ખુલ્લી નકલ મોકલી આપે છે. આ રીતે તેના આગમનની જાણ થયા પછી ઓળખપત્રો રજૂ કરવાના વિધિ માટેની તારીખ નક્કી કરવામાં આવે છે. સામાન્યતઃ કોઇ ખાસ સંધિ (ટ્રીટી) અથવા કરાર (કન્વેન્શન) કરવાનો હોય તો સ્થાયી પ્રતિનિધિને તે માટેની સત્તા આપતો ખાસ અધિકારપત્ર અપાય છે, જે 'ફુલ પાવર્સ'ને નામે ઓળખાય છે.

ઍમ્બૅસૅડરો (એલચીઓ) પોતાના રાજ્યના વડાના અંગત પ્રતિનિધિઓ લેખાય છે અને તેથી સામા રાજ્યના વડા સાથે જાતે વાટાઘાટ કરવાના ખાસ અધિકારો તેઓ ભોગવે છે. એલચીઓના નામની આગળ "હિઝ એક્સેલેન્સી" શબ્દનો ઉપયોગ થાય છે અને તેઓ જે દેશમાં પોતાની નિમણૂક થઇ હોય તે દેશના વડા સાથે હરકોઈ વખતે મુલાકાતની માગણી કરી શકે છે.

'મિનિસ્ટર પ્લેની-પોટેન્શીઅરી' અને 'એન્વૉય-એક્સ્ટ્રા-ઑર્ડિનરી'નો દરજ્જો ધરાવનારા પ્રતિનિધિઓ પોતાનાં રાજ્યોના અંગત પ્રતિનિધિઓ લેખાતા ન હોવાથી સામેના રાજ્યના વડા સાથે જાતે વાટાઘાટ કરવાનો તેમજ ગમે તે વખતે મુલાકાત માગવાનો તેમને અધિકાર નથી. તેમને શિષ્ટાચાર ખાતર જ 'એક્સેલન્સી' કહે છે.

પરંતુ 'મિનિસ્ટર રેસિડેન્ટ' તો શિષ્ટાચાર ખાતર પણ 'એક્સેલેન્સી' કહેવાતા નથી. એટલો તફાવત બાદ કરતાં તેમની અને 'મિનિસ્ટર પ્લેની-પોટેન્શીઅરી' વચ્ચે કશો ફરક નથી.

શાર્જ-દા'ફેર (charge d'Affairs) તો માત્ર, એક વિદેશકચેરી તરફથી બીજી વિદેશકચેરી ખાતેના પ્રતિનિધિ જ હોય છે અને તેઓ બીજા રાજદ્વારી પ્રતિનિધિઓ જેવાં સન્માનો ભોગવતા નથી.

કોઇ પણ રાજ્ય ખાતે પ્રમાણિત કરવામાં આવેલા જુદાજુદા રાજ્યના આવા બધા રાજદ્વારી પ્રતિનિધિઓ મળીને 'ડિપ્લૉમૅટિક કોર' નામનું મંડળ બને છે. આ મંડળના વડાને 'ડૉયન' કહેવામાં આવે છે અને બધામાં જે સૌથી વધારે અનુભવી એલચી, અથવા સૌથી વધારે અનુભવી 'કુલમુખત્યાર પ્રધાન' હોય તે 'ડૉયન' બને છે. આ ડિપ્લૉમૅટિક કોર જોકે કોઈ કાયદા વડે સ્થાપિત થએલું મંડળ નથી, છતાં એ ઘણું મહત્ત્વનું મંડળ છે; કારણ કે તે રાજદ્વારી પ્રતિનિધિઓના ખાસ અધિકારો અને સન્માનો સંબંધે દેખરેખ રાખે છે.

ખાસ રાજદ્વારી અધિકારો

રાજદ્વારી પ્રતિનિધિઓ તેમનાં ઔપચારિક સન્માનો ઉપરાંત બીજા પણ કેટલાક ખાસ અધિકારો ભોગવે છે. રાજ્યોના વડાઓની માફક તેમને પણ પવિત્ર (સેક્રોસેન્ક્ટ) લેખવામાં આવે છે અને તેમની અંગત સલામતીના સંબંધમાં તેઓને ખાસ સંરક્ષણ આપવામાં આવે છે. જે રાજ્યમાં તેમની નિમણૂક થઇ હોય તે રાજ્યના કોઇ પણ પ્રકારના ફોજદારી ન્યાયક્ષેત્રમાંથી તેઓ મુક્ત ગણાય છે. આ ખાસ અધિકારો આપવા પાછળ એવી ગર્ભિત માન્યતા રહેલી છે કે તેઓ તે રાજ્યની આંતરિક વ્યવસ્થા સાથે સુસંગતરીતે વર્તશે. જો તે અન્યથા વર્તે તો તે રાજ્ય એને પાછો બોલાવી લેવા માટે દબાણ કરી શકે અથવા તેને પાછો સ્વદેશમાં મોકલી શકે. વળી એક અપવાદ એવો પણ કરવામાં આવ્યો છે કે જો રાજદ્વારી પ્રતિનિધિ હિંસક કૃત્ય કરે અથવા પોતે જ્યાં નિમાયો હોય તે રાજ્ય સામે કાવતરું કરે તો એવાં કૃત્યોની પુનરાવૃત્તિ થતી અટકાવવા માટે તે રાજદ્વારી પ્રતિનિધિને ગિરફતાર કરી શકાય; પરન્તુ અમુક મુદત બાદ તે પ્રતિનિધિને સહીસલામત રીતે સ્વદેશ પહોંચાડવો પડે.

વળી રાજદ્વારી પ્રતિનિધિઓ જ્યાં હોય તે રાજ્યના કરવેરામાંથી પણ મુક્ત ગણાય છે. આ અધિકાર તેમના પરિવાર (રેટિન્યૂ)-ને પણ લાગૂ પડે છે. એ પરિવારનાં માણસોના ચાર પ્રકાર પાડવામાં આવ્યા છે: પહેલા વર્ગમાં કાઉન્સેલર્સ, ઍટૅશીઝ અને સેક્રેટરીઓ, લિગેશનનો ચાન્સેલર અને તેના મદદનીશો, તથા કાનૂની સલાહકાર વગેરેનો સમાવેશ થાય છે; બીજા વર્ગમાં તે પ્રતિનિધિના પ્રાઈવેટ સેક્રેટરી, તેના અંગત નોકરો, તેનાં બાળકોના શિક્ષક તથા ગવર્નેસ વગેરેનો સમાવેશ થાય છે; ત્રીજા વર્ગમાં તેની પત્ની અને બાળકો તેમજ તેના કુટુમ્બમાં અને તેના (અનુ૦ પૃ. ૪૨૭મે)

આ નીચે ભારતે પરદેશોમાં મોકલેલા તથા પરદેશોના ભારતમાં રહેતા એવા, જુદાજુદા પ્રકારના રાજદ્વારી પ્રતિનિધિઓની યાદી આપી છે. તેમાં એલચીઓ વગેરે પ્રકાર દરેકના નામ સામે આપ્યા છે. વચ્ચે ઘાટાં બીબાંમાં દેશનું નામ છે; અને તેને ડાબે પડખે તે દેશમાંના આપણા એલચીનું નામ, તથા જમણે પડખે આપણે ત્યાંના તેના એલચીનું નામ આપેલાં છે.

વિદેશોમાં ભારતના પ્રતિનિધિઓ		ભારતમાં વિદેશોના પ્રતિનિધિઓ
શ્રી વી. કે. કૃષ્ણમેનન (હાઈ કમિશ્નર)	**બ્રિટન**	લેફ્ટેનન્ટ જનરલ સર આર્કિબાલ્ડ નાઈ (હાઇ કમિ.)
શ્રી મોહનસિંહ મહેતા (હાઇ કમિશ્નર)	**પાકિસ્તાન**	ખાનબહાદુર મહંમદ ઇસ્માઈલ (હાઇ કમિશ્નર)
શ્રી આર. આર. સકસેના (હાઈ કમિશ્નર)	**કૅનેડા**	મિ. વૉરિવિક ફીલ્ડિંગ ચિપમૅન (હાઇ કમિશ્નર)
શ્રી કે. પી. કે. મેનન (હાઈ કમિશ્નર)	**લંકા (સિલોન)**	શ્રી સી. કુમારસ્વામી (હાઈ કમિશ્નર)
કુમાર શ્રી દુલીપસિંહજી (હાઈ કમિશ્નર)	**ઑસ્ટ્રેલિયા**	શ્રી એચ. આર. ગોલન (હાઈ કમિશ્નર)
સરદાર કે. એમ. પાનીક્કર (ઍમ્બૅસૅડર)	**ચીન**	જનરલ યુએન ચુંગ-સીન (ઍમ્બૅસૅડર એક્સ્ટ્રા.)
ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ (ઍમ્બૅ.)	**રશિયા**	મૉ. કિરીલ વાસીલિવિચ નોવિકોવ ,,
શ્રી બી. કે. કપૂર (શાર્જ દ'ફેર)	**ઇરાન**	મૉ. મૂસા નૌરી ઇસ્ફન્દીયારી (ઍમ્બૅસૅડર)
શ્રી ચન્દ્રેશવપ્રસાદ નારાયણસિંહ (ઍમ્બૅ.)	**નેપાળ**	મે. જ. વિજય સમશેર જંગબહાદુર રાણા (,,)
ડૉ. એમ. એ. રઉફ (ઍમ્બૅ.)	**બ્રહ્મદેશ**	મહા થ્રાય સિથુ ઉ કયીન (ઍમ્બૅ. એક્સ્ટ્રા.)
વિંગ કમાન્ડર રૂપચંદ (ઍમ્બૅ.)	**અફઘાનિસ્તાન**	સરદાર ડૉ. નજીબુલ્લાખાન (ઍમ્બૅ. એક્સ્ટ્રા)
શ્રી સી. એસ. ઝા (ઍમ્બૅ.)	**તુર્કી**	મૉ. આલી તુર્કગેલ્ડી (ઍમ્બૅ. એક્સ્ટ્રા.)
શ્રી બિનયરંજન સેન (ઍમ્બૅ.)	**સંયુક્ત રાષ્ટ્ર (અમેરિકા)**	મિ. ચેસ્ટર બોલ્સ (ઍમ્બૅ. એક્સ્ટ્રા.)
વિંગ કમાન્ડર સરદાર એચ. એસ. મલીક (ઍમ્બૅ.)	**ફ્રાન્સ**	મૉ. આસ્ટ્રૉરાગ (ઍમ્બૅ. એક્સ્ટ્રા.)
શ્રી પી. એ. મેનન (ઍમ્બૅ.)	**બેલ્જિયમ**	મૉ. સ્ટીફન હૅશોટ (ઍમ્બૅ. એક્સ્ટ્રા.)
શ્રી જે. એ. શાહ (શાર્જ.)	**બ્રાઝિલ**	સિનૉર કેઇઓ દ મેલો ફ્રાંકો (ઍમ્બૅ. એક્સ્ટ્રા.)
શ્રી ભગવત દયાળ (ઍમ્બૅ.)	**હિન્દેશિયા**	ડૉ. સુદર્શનો (ઍમ્બૅ. એક્સ્ટ્રા.)
શ્રી આર. ગોવર્ધન (શાર્જ.)	**ચેકોસ્લોવાકિયા**	મૉ. ડી. પૉકોર્ની (શાર્જ.)
શ્રી બી. આર. સેન (ઍમ્બૅ.)	**ઇટલી**	સિનૉર સિડની પ્રીના રિકોટ્ટી (ઍમ્બૅ. એક્સ્ટ્રા)
શ્રી બી. આર. સેન (ઍમ્બૅ.)	**મિસર (ઇજિપ્ત)**	મિ. ઇસ્માઈલ કામિલ બે (ઍમ્બૅ. એક્સ્ટ્રા.)
શ્રી બી. આર. સેન (ઍમ્બૅ.)	**યુગોસ્લાવિયા**	મૉ. જોઝ વિલ્ફાન (ઍમ્બૅ. એક્સ્ટ્રા.)
શ્રી બી. એન. ચક્રવર્તી (ઍમ્બૅ.)	**નેધરલૅન્ડ્ઝ**	મૉ. એ. એમ. એલ. વિન્કેલમેન (ઍમ્બૅ. એક્સ્ટ્રા.)
શ્રી મહંમદ યુનુસ (શાર્જ.)	**ઇરાક**	જનાબ મહંમદ સલીમ અલ-રધી (એન્વૉય એક્સ્ટ્રા.)
શ્રી એન. રાઘવન્ (ઍમ્બૅસૅડર)	**ઑસ્ટ્રિયા**	ડૉ. કર્ટ એચ. એન્ડેરી (શાર્જ.)
શ્રી બી. આર. સેન (મિનિસ્ટર)	**સીરિયા**	ડૉ. નજીબ અર્મનાઝી (એન્વૉય એક્સ્ટ્રા.)
શ્રી ભગવત દયાળ (એન્વૉય એક્સ્ટ્રા)	**થાઇલૅન્ડ**	મિ. લુઆંગ ફિનીટ અકસન (એન્વૉય એક્સ્ટ્રા.)
શ્રી એમ. જે. દેસાઈ (મિનિસ્ટર)	**ડેન્માર્ક**	મૉ. હૅરી એમિલ પુલટૉયબર્ગ ફ્રેન્ડઝન (એન્વૉય એક્સ્ટ્રા)
શ્રી એમ. જે. દેસાઇ (મિનિસ્ટર)	**ફિન્લૅન્ડ**	મૉ. હુગો વાલ્વાને (એન્વૉય એક્સ્ટ્રા.)
વિંગ કમાન્ડર સરદાર એચ. એસ. મલિક (મિનિસ્ટર)	**નૉર્વે**	મૉ. જેન્સ શિવે (એન્વૉય એક્સ્ટ્રા.)
શ્રી એમ. જે. દેસાઈ (એન્વૉય એક્સ્ટ્રાઑર્ડિનરી)	**સ્વીડન**	ડૉ. ગુનાર જારિંગ (એન્વૉય એક્સ્ટ્રા.) હતા
શ્રી એન. રાઘવન્ (મિનિસ્ટર)	**સ્વિટ્ઝરલૅન્ડ**	ડૉ. આર્મિન ડેનિકર (એન્વૉય એક્સ્ટ્રા.)
શ્રી એન. રાઘવન્ (,,)	**વૅટિકન**	મોસ્ટ રેવરન્ડ લિયો પીટર કિર્કેલ્સ (એપોસલિક ઇન્ટર.)
શ્રી આર. જી. રાજવાડે (શાર્જ.)	**આર્જેન્ટાઈના**	ડૉ. કર્નલ ડી. રફાએલ લાસ્કાલીઆ (ઍમ્બૅ. એક્સ્ટ્રા.)
. . . . . .	**ચિલી**	ડૉ. જુઆન મરીન (શાર્જ.)
સરદાર સંતસિંહ (એન્વૉય એક્સ્ટ્રા.)	**ઇથિયોપિયા**	અત્તો ઈમાન્યૂઅલ અબ્રહામ (એન્વૉય એક્સ્ટ્રા.)
શ્રી કેવલસિંહ (,,)	**પોર્ટુગલ**	ડૉ. વાસ્કો વી. ગારીન (મિનિસ્ટર એક્સ્ટ્રા.)
શ્રી બી. આર. સેન (મિનિસ્ટર)	**જૉર્ડન**	મૉ. ફરહાન બે અલ શુબયલાત (એન્વૉય એક્સ્ટ્રા.)
મેજર જનરલ પ્રેમ કૃષ્ણ (એન્વૉય એક્સ્ટ્રા.)	**પશ્ચિમ જર્મની**	. . . . . .
શ્રી પી. એ. મેનન (મિનિસ્ટર)	**લક્સમ્બર્ગ**	. . . . . .
શ્રી કે. કે. ચિત્તુર (હેડ ઑવ મિશન)	**જાપાન**	. . . . . .

પચ્ચીસ વર્ષ પહેલાં

અંક ૩૬ મો
માગશર ૧૯૮૩

પહેલાજ પાના પર, શ્રી રામનારાયણ પાઠકનો જે લેખ 'ક્રાન્તિ'થી આ અંકનો ઉઘાડ થતો હતો તેમાંનો ઉપયોગી ભાગ આજે પણ મનનીય છે:

'આપણા દેવો પૈકી રુદ્ર સંહારનો દેવ છે અને છતાં સુખકર છે, શિવ છે, મંગલ છે; યોગ ને કલાનો તે આદ્ય ગુરુ છે.

રુદ્રની ભાવના વૈદિક અગ્નિપૂજામાંથી વિકાસ પામી છે. અગ્નિનું સ્વરૂપ મંગલ છે. તે માણસને અનેક રીતે ઉપકારક છે. તેનું અન્ન રાંધી આપે છે, તેનું ઘર અજવાળી આપે છે, ટાઢથી તેનું રક્ષણ કરે છે. પરંતુ એ અગ્નિ કશાકના પણ સંહાર વિના પ્રગટ થઈ શકતો નથી. ઘરમાં અગ્નિ કરવો હોય તો તેને માટે લાકડાનો કે કોલસાનો નાશ થવા દેવો પડે.



એ રીતે એ મંગલ સ્વરૂપને પ્રગટ કરવાને માટે પણ સંહારની, વિનાશની જરૂર છે.

ક્રાન્તિનું પણ એવું છે.

ઘણા માણસો ક્રાન્તિથી ડરે છે. ક્રાન્તિમાં સંહાર થાય છે એ ખરું; પરંતુ કોઈ પણ નવું મંગલ સ્વરૂપ ઘડવાને કંઈક વસ્તુનો સંહાર તો થવા દેવો પડે. વિનાશ વિના સર્જન નથી.

દરેક નવી વ્યવસ્થા કરતાં જૂની વ્યવસ્થા તૂટે જ. અભરાઈ પર વાસણો જુદી રીતે ગોઠવવાં હોય તો બધાં નીચે ઉતારી એકવાર અવ્યવસ્થા કરવી જ પડે. નવી યોજના પ્રમાણે ઘર ચણવું હોય તો જૂનું ઘર પાડી નાખવું પડે ને થોડા દિવસ ઘર વિનાના થઈ રહેવું પડે.

આપણા સમાજમાં એવું ઘણું છે જેને માટે હવે ક્રાન્તિની જ જરૂર છે. સમાજ સડી ગયો છે. બાળક જન્મે છે ત્યારથી જે જુઠાણાં શરૂ થાય છે તે મૂઆ પછી પણ કાયમ રહે છે. એ સર્વનો ગમે તે ભોગે નાશ થવો જોઇએ. એ નાશ કરવાને માટે જે વ્યય કરવો પડે એ જ આપણો યજ્ઞ છે.'

આ અંકમાં મુખ્ય ચરિત્ર તરીકે આપેલા, આર્ય સંસ્કૃતિના મહાન સંસ્થાન-સ્થાપક ગુરુ અગસ્ત્ય ઋષિનું દર્શન તો અહીં ઉતારવા જેવું છે. એ લેખમાંથી પ્રસ્તુત તારવણી:

'ઈશુ ભગવાનનો સંદેશો આજ વરસો થયાં જગતનું અંતર અજવાળી રહ્યો છે. હજરત મુહમ્મદ પયગમ્બરનો બીજચન્દ્ર તુર્કસ્તાનથી હિંદ સુધી ઉદય પામ્યો છે. એ જ રીતે આર્યસંસ્કૃતિના ભેખધારીઓ ભગવાં કે પીળાં વસ્ત્રો પહેરીને હાથમાં ત્રિશૂલ કે બોધિવૃક્ષની ડાળી લઈ સાત સમુદ્રો ને અભેદ્ય પર્વતો વીંધીને સંસ્કૃતિની પ્રતિષ્ઠા માટે ઘૂમ્યા છે, તથા તૃષાતુર જીવોને જીવન-અમૃત પાયું છે.

વેદ ને પુરાણકાળ વચ્ચે થએલા એવા એક સંસ્કૃતિના પરિવ્રાજક ગુરુ અગસ્ત્યે ઉત્તર આર્યાવર્તની પ્રબળ ને પાવનકારી સંસ્કૃતિનું વહેણ દક્ષિણમાં વહેવડાવી, ત્યાંથી ઠેઠ દરિયાપારના દ્વિપોમાં પણ આર્યોનાં ધર્મ, સંસ્કૃતિ ને રાજ્યોનાં થાણાં બેસાડ્યાં, ને તે યે એક પણ લડાઈ વગર. કારણ કે જે સંસ્કૃતિનાં બીજ એ રોપતા જતા હતા તે માત્ર આર્યોની નહોતી, પણ મનુષ્યજાતિઓને સર્વસામાન્ય એવી જીવનભાવનાઓની રચાઇ હતી.


ગંગાકાંઠે વિદ્યાધરી વારાણસીમાં એક સવારે એક કુંભમાંથી—કળશમાંથી તેજસ્વી આત્માવાળા એક બાળકનો દેહ મળી આવ્યો. એનાં માતપિતા કોણ એ વાતની કોઇને ભાળ લાગી નહિ, એટલે લોકોએ તેને 'કુંભયોનિ' કે 'કલશજ' કહ્યો. એ વેળા કોને જ્ઞાન હશે કે એ બાળક બૃહદાર્યાવર્તનો સંસ્થાપક અને શૈવ સંપ્રદાયનો પ્રચારક પરમ નરમુનિ થવા સરજાયો હશે? એનું નામ આર્યભટ્ટારક ગુરુ અગસ્ત્ય. (મદ્રાસી વિદ્વાન શ્રીનિવાસ આયંગર લખે છે કે તે ઈ. સ.ના ચોથા સૈકા પૂર્વે થયા હોવા જોઇએ.)

કોઈ ઋષિવર ને રાજકન્યાના સંતાન હોય હોય તેમ એમના મોં ઉપર મુનિપણા અને રાજ્યત્વનાં ગૌરવ અને પ્રતાપની સ્પષ્ટ રેખાઓ તરવરતી. એમનો આત્મા જેટલો સાહસિક ને વિશાળ દૃષ્ટિવાળો હતો તેટલી જ સૂક્ષ્મ ને અદ્ભુત એમની સૌન્દર્યદૃષ્ટિ હતી. અને તેથી જ એમણે આર્યાવર્તમાંથી આગળ વધી, વિન્ધ્ય અને નર્મદા ઓળંગી, વિદર્ભ દેશની એ સમયની અદ્ભુત રમણી રાજકુમારી લોપામુદ્રાનું પાણિગ્રહણ કર્યું.

અને છતાં એમના અંતઃકરણને હજી તૃપ્તિ નહોતી. એક મંગલ મુહૂર્તે એમણે દક્ષિણનો સાદ સાંભળ્યો, અને દક્ષિણની દિશાદિશાઓમાં તથા તેની યે પાર આર્યોનો ધર્મધ્વજ લઇ ઘૂમવા જવા કૃતનિશ્ચય થયા.

પણ એ તો હતું એ સમયનું દક્ષિણ. આખો પ્રદેશ ગીચ વનોથી વીંટાએલો અને અસુરોથી ભરચક હતો. પરંતુ અગસ્ત્ય તો મોટા શિષ્યસંઘો જમાવતા ધર્મયાત્રાએ નીકળ્યા હતા; જંગલનાં જંગલ ઉખેડી કાઢી જમીનને સપાટ બનાવતા, આશ્રમો બાંધતા તે આગળ ધપ્યા. નાસિક આગળ એમણે અગસ્ત્યાશ્રમ સ્થાપ્યો. ત્યાંથી દંડકારણ્યમાં પેઠા. વાતાપીપુરા (બદામી) પાસે વાતાપી નામના મહાન અસુરને માર્યો. એ બદામી હાલ પણ 'દક્ષિણ કાશી' તરીકે ઓળખાય છે.

ત્યાંથી આગળ વધી અગસ્ત્ય આખો દ્રાવીડ દેશ ફરી વળ્યા,—સર કર્યો કહીએ તો ચાલે. તેમણે જંગલો કપાવી નાખ્યાં, અ-



સુરોનો નાશ કર્યો, પ્રદેશને ખેતી અને વસવાટને યોગ્ય કરી રાજ્યો સ્થાપ્યાં, અને જે રાજ્યો તથા લોકો સંસ્કૃતિને રંગે રંગાવા ઉત્સુક હતાં તેમને આર્ય ધર્મની દીક્ષા દીધી.

પરંતુ એ સંસ્થાન-સ્થાપક આર્યવીરની પ્રવૃત્તિઓની સીમા એટલે જ નથી આવી રહેતી. એના કલાપ્રેમી આત્માએ પ્રજામાં સૌન્દર્યનાં બીજ પણ નાખ્યાં. એણે સુંદર મૂર્તિઓ ઘડાવી,શિલ્પયુક્ત મંદિરો બંધાવ્યાં અને શિવપ્રતિષ્ઠા કરાવી. એમણે દક્ષિણવાસીઓમાં વેદશાસ્ત્રનો પ્રચાર કર્યો, દ્રાવીડમાં તામીલ મૂળાક્ષરોના મરોડ બેસાડી આપ્યા અને એ ભાષાનું નવું વ્યાકરણ રચ્યું.

વળી એમણે દીર્ઘદષ્ટિથી જોયું કે આર્ય સંસ્કૃતિને સ્થાયી રૂપ આપવું હોય તો આ સંસ્થાનો ચિરકાળ સુધી જળવાઇ રહે એવી વંશપરંપરા સ્થપાવી જોઇએ. આ દષ્ટિએ પોતે રાજપુરોહિત ને ધર્મ પ્રચારક બનવાની સાથેસાથે ઠેરઠેર રાજકુંવરીઓ પણ પરણતા જઈને 'અગસ્ત્ય-ગોત્ર'નું વંશવૃક્ષ સમૃદ્ધ કરતા જતા હતા.

આખો દક્ષિણ ઘૂમી વળીને અગસ્ત્યની નજર દૂર સમુદ્રદ્વિપો તરફ દોડી. સામે હિંદી મહાસાગરના ઘૂઘવતા મોજા ઊછળતા હતા. પણ નાના કુંભમાં જન્મ પામેલો એ મહાન આત્મા સમુદ્રની એ સઘળી મોજમાળાઓ પીવા સમર્થ હતો.

એણે જળદેવને વશ કરી સમુદ્રોની મોટી સફરો ખેડીને 'પીત સાગર'નું પદ ધારણ કર્યું. દક્ષિણદેશને પૂર્વ કિનારેથી ઊપડી, અગસ્ત્ય સાગરપારના કમ્બુદેશ (હાલના કૅમ્બોડિયા કે કમ્બુજ)માં ઊતર્યા. ત્યાં આર્ય ધર્મનો પ્રચાર કરી ત્યાંના મહિસિદ્ધ કુટુમ્બની યશોમતી નામે રાજકન્યાને પરણ્યા. તેનાથી એમને નરેન્દ્રવર્મા નામે પુત્ર થયો.

અહીંથી આગળ વધી એમણે બર્હિણ દ્વિપ (બોર્નિયો),કુશદ્વિપ,વરાહદ્વિપ,સાંખ્યદ્વિપ, મલય દ્વિપ (મલાયા) ને યવ દ્વિપ (જાવા) સુધી આર્ય સંસ્કૃતિનો વિજયધ્વજ ફરકાવ્યો.

અત્યાર સુધી મળી આવેલાં પ્રમાણો પરથી જણાય છે કે જાવા એ અગસ્ત્ય ઋષિનું છેલ્લું થાણું હશે. ત્યાંની સંસ્થાનસ્થાપના માટે ઠેઠ કલિંગ દેશથી એમણે કેટલાંક કુટુંબો અને રાજકુમારોને જાવા તેડાવેલાં.

જાવાની ભાષામાં એમણે મહાભારતનું ભાષાન્તર પણ કરાવેલું છે. જાવામાં તે 'ભગવાન વલયંગ' ઉપરાંત 'શિવગુરુ' કે 'ભટ્ટારક-ગુરુ'ના નામથી પણ પુજાય છે.

જાવાથી અગસ્ત્ય કદી પાછા ફર્યા નથી. આપણે ત્યાં 'અગસ્ત્યના વાયદા' એ કહેવત ચાલુ થઇ છે એ પણ એનો પુરાવો છે.એ તો હિંદમાંથી નીકળ્યા તે નીકળ્યા. જ્યાં ગયા ત્યાં લગ્ન કરતા ગયા, વંશવેલો મૂકતા ગયા, સંસ્થાનો સ્થાપતા ગયા ને સંસ્કૃતિ તથા ધર્મના પ્રચારાર્થે શિષ્યમંડળ મૂકી તથા નવું ઊભું કરી આગળ વધતા ગયા. સંસ્કૃતિ પ્રચારનું ભીષણ ધર્મકાર્ય માથે લઇ નીકળનારને તો સ્વદેશ પાછા ફરવાનું સ્વપ્ન પણ ક્યાંથી હોય? એમને તો જ્યાં થાણું નંખાય તે એમનો 'સ્વદેશ.'

દક્ષિણમાં અગસ્ત્ય મુનિની અનેક મૂર્તિઓ મળે છે.એ સઘળી જુદીજુદી જાતની છે, છતાં એનાં મુખ્ય લક્ષણો તો એક સરખાં જ છેઃ બેઠા બાંધાનો ઘાટ, પહોળું પુદ્ગલ, મોટી દુંદ, વિશાળ વક્ષઃસ્થળ ઉપર યોગપટ્ટો, ટૂંકી કેડ, લાંબી દાઢી, એક હાથમાં કમંડલ ને બીજામાં બેરખો, માથે જટા બાવડે બાજુબંધ ને પાછળ ત્રિશૂળ. આવા સ્વરૂપની ને બુદ્ધ ભગવાનના જેવી શાન્ત, સૌમ્ય, ગંભીર ને સ્થિત ધ્યાનની મુખમુદ્રાઓવાળી એ મૂર્તિઓનું દર્શન કરતાં સહેજે કાલિદાસનું અમર વાક્ય યાદ આવી જાય છેઃ 'નિર્વાત નિષ્કંપ ઈવ પ્રદીપમ:' (દીપકના જેટલી સ્થિર અને શાન્ત.) યોગની આ મહાન વિભૂતિની મૂર્તિમાંથી જાણે બ્રાહ્મણધર્મનો પ્રાણ નીતરતો લાગે છે.

પ્રોટોકોલ (અનુસંધાન પૃ. ૪૨૪થી ચાલુ)

આશ્રય હેઠળ રહેતાં નજીકનાં સગાંઓનો સમાવેશ થાય છે; અને ચોથા વર્ગમાં, જેમને 'કુરીઅર' (સંદેશવાહક) કહેવામાં આવે છે તેમનો સમાવેશ થાય છે. પત્રવ્યવહારની ગુપ્તતા અને સુરક્ષા માટે ઘણાંખરાં લિગેશનોમાં આ કુરીઅર રાખવામાં આવે છે.

આ રાજદ્વારી પ્રતિનિધિઓ ઉપરાંત કેટલાક 'કૉન્સલ્સ'ની પણ નિમણૂક કરવામાં આવે છે. તે પોતાના રાજ્યના એજન્ટ તરીકે—મુખ્યત્વે તેના વ્યાપાર અને વહાણવટાના હિતાર્થે કામ કરે છે. તેઓ રાજદ્વારી પ્રતિનિધિઓ ગણાતા નથી તેમ તેમના ખાસ અધિકારો પણ ભોગવતા નથી. તેમના અધિકારો જુદા નક્કી થાય છે.

'કૉન્સલ'ની નિમણૂક તેમની સરકારના 'કમિશન' નામના એક ખત વડે થાય છે અને તેમના બે પ્રકાર છેઃ (૧) વ્યવસાયી કૉન્સલો અને (૨) માનાર્હ (ઑનરરી) કૉન્સલો. વ્યવસાયી કૉન્સલોનો દરજ્જો માનાર્હ કૉન્સલો કરતાં ઉચ્ચતર ગણાય છે અને તેઓ વધારે અધિકારો ભોગવે છે. આન્તરરાષ્ટ્રીય કાયદા હેઠળ કૉન્સલોના અંગરક્ષણ માટે અને તેમના નિવાસસ્થાનના રક્ષણ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે અને પોતાની ફરજ દરમ્યાન કરેલાં કૃત્યોના સંબંધમાં ફોજદારી અને દિવાની અદાલતના અધિકારક્ષેત્રમાંથી તેમને પણ બાકાત ગણવામાં આવે છે.

રાજદ્વારી પ્રતિનિધિઓનાં સન્માનો, તેમને માટેના શિષ્ટાચારો, તેમના ખાસ અધિકારો, તેમની અબાધ્યતાઓ વગેરે સહિતનું આ આખું તન્ત્ર આન્તરરાષ્ટ્રીય કાર્યપદ્ધતિ ને શિરસ્તાઓને આધારે રચાયું છે અને એ બધાં ઘટકો મળીને 'પ્રોટોકોલ'નું તંત્ર બને છે.



માધુકરી

તું ઊંચે ઊડે તો ભલે ઊડે, તારા પગ ધરતી પર રાખ રે જી.
ઘેર ઘટા વડલાની છાઈ,
ધરતી પર ઊતરે વડવાઈ,
વનવંટોળે ઘેર્યાં તો ય એનાં ઊભાં અડીખમ ધામ રે જી.
ધરતીનો રસ અખૂટભાઈ,
માટીનો માનવ તું ભાઈ,
માટી સામે મોં ફેરવ મા, ઘાટ તું ગરવા આપ રે જી.

—નંદકુમાર પાઠક

[માસમાસનાં પંખી ૭૧]

કાદમ્બ



क्वचित् खगानां प्रियमानसानाम्
कादम्बसंसर्गवतीव पंक्ति :

સીતાને છોડાવી રામ અયોધ્યા ભણી આકાશયાન કરતા હતા. માર્ગમાં પ્રયાગ આવ્યું. ત્યાં ભાગીરથી અને કાલિન્દીનો સંગમ જોઈ રામના હૃદયનું કવિત્વ બોલી ઊઠયું કે,

पश्यानवद्याङ्गि । विभाति गंगा।
भिन्नप्रवाहा यमुनातरंगै:

'હે કલ્યાણિ, જો! યમુનાના શ્યામ તરંગે કલુષિત પ્રવાહવાળી ગંગા કેવી શોભે છે! જાણે કાદંબના સંસર્ગે રાજહંસપંક્તિ!'

જેને જોઇને કવિકુલગુરુ કાલિદાસે રઘુવંશમાં આ પંક્તિઓ લખી એ **શ્યામતનુ** કાદમ્બ અને શ્વેતરંગી **રાજહંસને નદીકિનારે** એકઠાં વિચરતાં જોવાં એ **પરમ રમણીય** દૃશ્ય છે. કાદમ્બ આપણા પરિચિત બતકનું પૂર્વ જ ગણાય. શિયાળામાં તે છેક સાઇબીરિયા અને મધ્ય એશિયા તરફથી આપણે ત્યાં ઊતરી આવે છે. દેખાવે તે બતક જેવું જ. શરીરે દોઢેક ગજ લાંબું. રંગ મેલો છીંકણી; માથું, ગરદન અને પીઠ ધૂળિયા બદામી; હડપચી, છાતી ને પેટ ફિક્કાં બદામી; બાકીનો નીચેનો ભાગ સફેદ; આંખો છીંકણી રંગે; ચાંચ અને પગ ક્વચિત પીળાશ પડતાં, ક્વચિત મજીઠ જેવાં; કોઈનાં આછાં ફિક્કાં, ગુલાબી લાલ. એશિયામાં સાઇબીરિયા, તુર્કસ્તાન, ઇરાન વગેરે એનાં સ્થાન. અમદાવાદની આસપાસ જોરાજીવાલ, અસલાલી, સાબલીરોડ વગેરે સ્થળે એ જોવામાં આવે છે. નદી કે વિશાળ જલાશયનું વાસી. અત્યંત સાવધાન પંખી. ચપળ પણ એવું જ. આખો દિવસ નદીકિનારે રેતમાં રહે ને રાત પડયે ખેતરોમાં ચરવા જાય. કેવળ વનસ્પતિ એનો આહાર. કમળનાં બિસતંતુ, લીલા ચણા, ઘઉં, ડાંગર વગેરે ખૂબ ખાય. ચાલ ધીરી, લચકતી, ગૌરવવાળી. ઊડે ત્યારે > આકારમાં. વસંતઋતુ બેઠે પાછાં જાય છે. ('વનેચર')

સ્વ. ન્યાયમૂર્તિ હરિલાલ જેકિસનદાસ કણિયા

અંગ્રેજો પાસેથી રાજસત્તાનાં સૂત્રો હિંદી પ્રજાના હાથમાં આવ્યાં ત્યારે સમસ્ત હિંદના ન્યાયખાતાના વરિષ્ટ ન્યાયમૂર્તિ તરીકેનું જવાબદારીભર્યું સ્થાન એક ગુજરાતીને મળ્યું એ આપણે માટે ગૌરવની વાત છે. સ્વતંત્ર હિંદની સુપ્રીમ કોર્ટના એ વરિષ્ટ ન્યાયમૂર્તિ સર હરિલાલ જેકિસનદાસ કણિયાનું ગઈ છઠ્ઠી નવેમ્બરે નવી દિલ્હીમાં હૃદયાઘાતથી અવસાન થયું.

આજથી એકસઠ વરસ પહેલાં, ઈ. ૧૮૯૦ની ત્રીજી નવેમ્બરે, સુરતના એક સંસ્કારી ધર્મનિષ્ટ ને વિદ્યાસંપન્ન કુટુંબમાં એમનો જન્મ થએલો. યોગ, વેદાંત આદિ દર્શનશાસ્ત્રોના અભ્યાસી એમના પિતા જેકિસનદાસ જેઠાલાલ કણિયા ભાવનગરની સામળદાસ કૉલેજમાં ૨૦ વર્ષ સુધી સંસ્કૃતના પ્રાધ્યાપકપદે રહી થોડો સમય તેના આચાર્ય પણ થયા હતા. ગુજરાતના વિદ્યાભ્યાસંગી મધ્યમ વર્ગમાં ધર્મનિષ્ઠા અને ભક્તિસંસ્કાર પ્રસારનાર શ્રેયઃસાધક અધિકારી વર્ગના આચાર્ય શ્રીમન્નૃસિંહાચાર્યજીના તે અગ્રણી શિષ્ય હતા; અને એ જ સંસ્કારના પોષાએલા સ્વ. હરિલાલ પણ, નૂતન યુગના સંપર્કમાં આવીને આવા અગ્રણી પદે પહોંચ્યા છતાં, ધર્મશ્રદ્ધાન્વિત રહ્યા હતા.

ભાવનગરમાં થએલો એમનો અભ્યાસ જેટલો તેજસ્વી તેટલા જ ટેનિસ-ક્રિકેટ આદિ રમતગમતોમાં પણ એ પારંગત ખેલાડી હતા. ગ્રૅજ્યુએટ થઇને મુંબાઈ યુનિવર્સિટીની બંને એલએલ. બી.માં પ્રથમ આવી તે ઍડ્વોકેટ જેવી એ સમયની ઘણી અઘરી પરીક્ષામાં પણ પાસ થયા,—કે જેમાં ૧૯૧૪-૧૬માં પાસ થનાર એ એકલા જ હતા.



૧૯૧૫માં મુંબાઈ હાઇકોર્ટમાં મિ. ઝીણાના હાથ નીચે વકીલાત શરૂ કરી તે એ ધંધામાં ઝળકી ઊઠયા અને માત્ર ૩૦ વર્ષની વયે ૧૯૨૦માં ન્યાયાધીશપદે ગયા. વચ્ચે મુંબાઇ લૉ-રિપોર્ટ્સનું તંત્રીપદ પણ સંભાળેલું. ૧૯૨૯માં તે મુંબાઈ હાઇકોર્ટના ન્યાયાધીશ થયા જ્યાંથી ઉત્તરોત્તર ચડીને તે ભારતના સર્વોચ્ચ ન્યાયાધીશ થયા.

સ્વ. દેશબંધુ ગુપ્તા

આશરે ઈ. ૧૯૧૭-૧૮માં દિલ્હીની સેન્ટ સ્ટીફન્સ કૉલેજમાં ભણવા આવેલા એ સામાન્ય વિદ્યાર્થીએ ૩૩ વર્ષમાં પોતાના પરિશ્રમ, મધુર સ્વભાવ, સેવાતત્પરતા, દેશભક્તિની ધગશ અને આપભોગથી એ શહેરમાં એટલું આદરપાત્ર સ્થાન મેળવ્યું કે સ્વ. ડૉ. અનસારી ને શ્રી અસફઅલી પછી દિલ્હીના એ અગ્રણી નેતા મનાતા; ને ગઈ ૨૧મી નવેમ્બરે કલકત્તા નજીક નાશ પામેલા વિમાનમાં થએલા એમના અવસાનથી દિલ્હી અનાથ જેવું બન્યું છે.

દિલ્હીના સ્થાનિક નેતા ઉપરાંત ઉત્તરના અગ્રણી પત્રકાર અને અખિલ હિંદ તંત્રી પરિષદના પ્રમુખ એ લાલા દેશબંધુ ગુપ્તાનો જન્મ ૧૯૦૧ની ૧૪મી જૂને થએલો. ૧૯૨૦માં અસહકારની ચળવળ શરૂ થતાં જ કૉલેજ છોડી એ એમાં જોડાયા અને ૧૯૨૧માં તો દિલ્હી પ્રાન્ત કૉંગ્રેસ કમિટીના પ્રચારમંત્રી થયા. બસ, ત્યારથી કામગીરી લીધી તે લીધી. સામાન્ય



સ્વ. લાલા દેશબંધુ ગુપ્તા

સમયમાં તે કૉંગ્રેસ કચેરીનામંત્રી-પ્રમુખ કે એવા કોઇ મોટા હોદ્દા પર દેખાયનહિ. પણ જેવી લડતની હાકલ પડે કે મોખરે આવીને ખડા થઈ જાય. દિલ્હીની બધી લડતોનું સંચાલન એમણે જ કરેલું અને એ વખતે પ્રમુખ, મંત્રી વગેરે સૌ એમનું જ કહ્યું કરતા. ૧૯૩૦, ૩૨, ૪૦ અને ૪૨ની બધી જ લડતોમાં બધું મળીને છ વરસ ઉપરાંત તો એમણે જેલમાં ગાળ્યાંહતાં. પંજાબ ધારાસભાના એ ૧૯૩૭થી ૪૬સુધી સભ્ય રહેલા; અને સ્વાતંત્ર્ય પછીની પાર્લામેન્ટના પણ સભ્ય હતા.

ઉત્તર પ્રાંતોના અગ્રણી ઉર્દૂ દૈનિક 'તેજ'ના તે મૅનેજિંગ ડિરેક્ટર અને પ્રેસ ટ્રસ્ટ ઑવ ઇંડિયાના ડિરેક્ટર પણ હતા. અખિલ હિંદ તંત્રી-પરિષદના પ્રમુખસ્થાનેથી એમણે કરેલી કામગીરી ઉપરાંત અખબારી કાયદા સામે જે જેહાદ ઉપાડેલી એથી એમનું નામ હમણાં વિશેષ જાણીતું થયું હતું, અને એ પરિષદની કામગીરીને અંગે નાગપુરથી કલકત્તા જતાં વિમાની હોનારતમાં એમનું અકાળ અવસાન થયું.

સ્વ. અવનીન્દ્રનાથ ટાગોર

ભારતીય કલાલક્ષ્મી પરદેશી કળાના આક્રમણથી રૂંધાઇને પડી હતી અને એનો સ્રોત અટકી ગયો હતો ત્યારે, આજથી ચારેક દાયકા પર, એ ઉપેક્ષિત લક્ષ્મીનું સાચું નૂર પારખી, એને સત્કારી, એનો સ્રોત ફરી વહેતો કરવા માટે ભગીરથ પ્રયત્ન કરનાર, અને આજની ભારતીય કલાના આદ્ય પ્રણેતા ડૉ. અવનીન્દ્રનાથ ટાગોરનું આ ૫મી ડિસેમ્બરે રાત્રે દસ વાગ્યે કલકત્તામાં ૮૧ વર્ષની વયે અવસાન થયું. દેશપરદેશમાં હિંદી કલાનો ધ્વજ ફરકાવનાર એ અવનીબાબુ સ્વ. કવિવર રવીન્દ્રનાથના ભત્રીજા થતા હતા, અને પ્રતિભાશાળી ચિત્રકાર હોવા ઉપરાંત લાક્ષણિક શૈલીના લેખક ને અભિનયપટુ નટ પણ હતા.



સ્વ. અવનીબાબુના હસ્તાક્ષરવાળો શ્રી રાવળે કરેલો સ્કેચ

આધુનિક કલાના એ અગ્રગામી ઋષિને પશ્ચિમી કલાથી અંજાએલા કાળમાં ભારતીય પરંપરાની સાચી પરખ કરાવવામાં વિરોધ અને પરિશ્રમ બંને વેઠવાં પડેલાં. શરૂમાં તો તેઓ પણ પશ્ચિમી ઢબે જ ચિત્રો કરતા. ભારતીય સંસ્કારના સાચા પરખંદા અને એવા જ એક ઋષિ સમ અંગ્રેજ, કલકત્તા કલાશાળાના આચાર્ય શ્રી ઇ. બી. હૅવેલના સમાગમમાં આવતાં તેમણે ૪૫ વર્ષની વયે એ પરદેશી અંચળો ફગાવી દઇ માતૃભૂમિના જીર્ણ કલામંદિરનો ઉદ્ધાર કર્યો, અને હિંદી કલાપરંપરાના તાર પર મંડાએલી નવી ચિત્રપ્રણાલી શરૂ કરી. શ્રી નંદલાલ વસુ જેવા આજના આરૂઢ ભારતીય કલાકારથી માંડીને લગભગ ૨૦૦૦થી વધુ પૂજારીઓને એમની એ શિષ્ય અને પ્રશિષ્ય પરંપરામાં એ કલામંદિરની દીક્ષા મળી ચૂકી હશે.

એમણે બંગાળીમાં આત્મકથાનાં ત્રણ પુસ્તકો લખ્યાં છે. એમની પ્રતિભાશાળી કળાની ચિત્રસામગ્રી તથા અવનવા ફોટોગ્રાફો સાથે એ આત્મકથા આપવાની 'કુમાર'ની તૈયારીઓ ક્યારની ચાલુ છે.

હેલિયમે દસ્તાવેજ બચાવ્યા

આજથી ૧૭૫ વરસ પર અમેરિકાએ સ્વાતંત્ર્ય મેળવ્યું ત્યારે ત્યાં બે ખરીતા લખાએલા. એક ઇ. ૧૭૭૬માં લખાએલું 'સ્વાતંત્ર્યનું જાહેર-નામું' (ડેકલેરેશન ઑવ ઇન્ડિપેન્ડેન્સ), અને બીજું ૧૭૮૭ની ચોથી જુલાઇએ લખાએલું 'બંધારણ.'

પ્રાણીઓની કાગળના જેવી પાતળી ચામડીના બનેલા પાર્ચમેન્ટના મજબૂત પટ પર લખાએલા હોવા છતાં એ બંને કીમતી દસ્તાવેજો, આ પોણા બસો વરસમાં કાળની અસરથી નાશ પામતા જાય છે; અને 'સ્વાતંત્ર્યના જાહેરનામા' પર તો અક્ષરે યે પૂરા ઊકલતા નથી એટલી શાહી ઊડી ગઇ છે. જાહેર પ્રજાને જોવા માટે એ બંને ખરીતા પાટનગર વૉશિંગ્ટનની કૉંગ્રેસ લાયબ્રેરીમાં કાચના કેઈસમાં રાખવામાં આવ્યા છતાં તે હવે બટકી જવા લાગ્યા છે. આનું કારણ શું?

કારણ ઑક્સિજનની અસર. ઑક્સિજન જ્યારે કોઇ પણ વસ્તુ સાથે મળે છે ત્યારે તે તેમાં પલટો આણે છે. લોઢું કટાય છે, ફળ સડી જાય છે, પાંદડાં માટી થઇ જાય છે, રંગ સુકાઈ-તરડાઈને ભૂકો થઈ જાય છે,—એ બધું ઑક્સિજનને લીધે.

અમેરિકાની સરકારને આની ચિંતા થઇ ને તેણે એ પ્રશ્ન વૈજ્ઞાનિકો આગળ મૂકયો. વૈજ્ઞાનિકોએ ઉપાય શોધી કાઢ્યો. કાચનાં એ કેઇસમાંથી ઑક્સિજન કાઢી લઇને હેલિયમ વાયુ અંદર દાખલ કર્યો અને પછી તેને સીલ કરી દીધાં. હેલિયમ એ કોઈ પણ રંગ વિનાનો ઘણો હલકો વાયુ છે અને તે કોઈપણ પદાર્થ સાથે સંસર્ગમાં આવતાં છતાં કશી અસર કરતો નથી. હવે તે દસ્તાવેજો સલામત બની ગયા છે.

અણભીંજ કાપડ

વૈજ્ઞાનિકોએ, વણાયેલા નિલોન કાપડ પર મિશ્ર પ્લાસ્ટિકનું પડ પાથરીને પાણીથી ભીંજાય નહિ એવું કાપડ બનાવ્યું છે. 'ફાઈબર થીન' નામે ઓળખાતું આ કાપડ, રેઈનકોટ, તંબૂઓ, ઍંજિન પર ઢાંકવાના ગલેફ અને બીજી હળવી વસ્તુઓમાં વપરાશે. ભીંજાય નહિ એવું હોવા ઉપરાંત તેલ, ક્ષાર, તેજાબો અને મિલમાં ઊડતાં રજકણો વગેરેને પણ તે સહેલાઇથી પોતાની ઉપર લાગવા દેતું નથી.

કેમ ખાવું?

ખોરાક ભૂખના પ્રમાણમાં હોવો જોઇએ. વધારે ખાવાથી લોહી ચડતું નથી, કે વધારે તાકાત પણ આવતી નથી. ઊલટું વધારાના ખોરાકથી તાકાત સ્ફૂર્તિ અને આયુષ્ય ઘટે છે. જે ખોરાક પુષ્ટિ આપી શકે તે જ ખોરાક દીર્ઘાયુ આપી શકશે.

અનાજમાં મંડજ તત્ત્વ-મેંદો-રહેલો છે. તેનો એવો સ્વભાવ છે કે પોતે પચ્યા પહેલાં સાથેના ખોરાકને પચવા દે નહિ. મંડજને પચાવવાની શક્તિ મોઢાના અગ્નીમાં છે. મોંના રસમાં મંડજવાળો પદાર્થ (અનાજ, કંદ વગેરે) ખૂબ ચવાય નહિ અને પુષ્કળ અગ્ની ભેળવીને મોઢામાં જ પચાવાય નહિ તો તે હોજરીમાં જઇ નત્રજ પદાર્થના પચાવમાં પણ નડતરરૂપ થાય. તેથી તેવો પદાર્થ એકલો જ ખાવો અને મોઢામાં જ પચાવી તેની સાકર કરી નાખવી. ગમે તે ચીજ ગમે તે ચીજની સાથે ખાઇ શકાય એમ ન માનવું. જે ચીજોને પચતાં સરખો જ વખત લાગતો હોય તે જ સાથે ખાઇ શકાય. ફળ અને અનાજ એક જ બેઠકે ન ખાવાં. રાંધેલું અને કાચું સાથે ન ખાવું.

એક સાથે બે જાતના ખોરાક મિશ્રિત કરીને ન ખાવા. માણસ સિવાય કુદરતનાં તમામ પ્રાણીઓ આમ જ કરે છે. લાડુનો કકડો, દાળનો સબડકો, શાકનું ફોરલું, ભજિયાનો ટુકડો, રાયતાનો લબરકો અને અથાણાનો ચટાકો એકસાથે ખાવાની રીત ખોટામાં ખોટી છે.

ચાવતી વખતે કઢી, દાળ કે બીજા કોઈ પ્રવાહી પદાર્થ લેવા નહિ. પણ મોંના અગ્નીથી જ ભોજનને પ્રવાહી થવા દેવું. જેટલું અગ્ની તેમાં ભળશે તેના પ્રમાણમાં જ હોજરીમાં પાચક રસ નીકળશે. હોજરીનો રસ જેટલો નીકળશે તેના પ્રમાણમાં જ સ્વાદુપિંડના ને પિત્ત વગેરે બીજા પાચક રસો નીકળશે. અને એ રસો નીકળશે તેના પ્રમાણમાં જ આંતરડાંના પાચક રસો નીકળશે. જે અધીરો માણસ ઓછું અગ્ની ભળવા દે છે તે બીજા બધા ય પાચક રસોમાં ખોટ ખાય છે. તેથી બધા પાચક રસોના પાયારૂપ મોંનું અગ્ની કોળિયામાં જેમ બને તેમ વધારે ભેળવાય તે ધ્યાનમાં રાખવું જોઇએ.

ભોજન કરતાં વચ્ચે તરસ લાગે જ, તો કોઈ રસ-ફળ ખાવું. પણ એ તરસ શા કારણે લાગી તે શોધી કાઢવું. તીખી તમતમતી કે ગરમ રસોઈથી તરસ લાગે છે. તે ઓછી કરવી.

દૂધ, દહીંનું ઘોળવું અગર ફળનો રસ પ્રવાહી હોવા છતાં માત્ર પાણી નથી. એ સત્ત્વથી ભરેલો ખોરાક છે. તેથી તે ગટગટાવી જવાં નહિ, પણ ચમચી ચમચી પીવાં. ફળ-શાકનાં મુલાયમ છાલાં-છોતરાં અને અનાજ-કઠોળનું થૂલું કોરમું કાઢી ન નાખવાં પણ ખાવામાં લેવાં. તેમાં ઉપયોગી ક્ષારો હોય છે.

ધીમેધીમે ચાવીને ખાવું, પ્રસન્નતાથી ખાવું, ભૂખ હોય તો જ ખાવું વગેરે બાબતોથી કોઇ અજ્ઞાત નથી. માત્ર અમલ કરવા જેટલી ધીરજ નથી રહેતી એટલું જ. —ચમનરાય વૈષ્ણવ (તંદુરસ્તી)

શેલાં પીતાંબર ને સાળુ

'શેલું' એ શબ્દ હાલ બનારસી કસબી વણાટની સાડી, તેમજ એને બહુ જ મળતી એ જ પ્રકારની અમદાવાદી વણાટની સાડી માટે વપરાય છે. આ બંને વણાટઉદ્યોગ તો ઘણા જ જૂના છે. અમદાવાદનો ઉદ્યોગ કદાચ ચારેક સૈકા જેટલો-શહેર વસ્યું ત્યારનો હશે. આ જાતનાં વસ્ત્રને 'અમ્બર' (અંબર) અથવા 'બસમો' પણ કહેવામાં આવે છે. અમદાવાદી શેલાં માટે 'પટણી' શબ્દ પણ સાંભળ્યો છે. પાટણમાં આ જાતનું વણાટકામ થતું હોવાનું જાણવામાં નથી. પણ 'પટણી'નો અર્થ 'શહેરી' બનાવટ એવો કદાચ હોય. બનારસી અને અમદાવાદી કસબી વણાટનાં ટૂંકાં વસ્ત્રો પુરુષો કમરે ભેટ તરીકે બાંધતા તે પણ 'શેલાં' કહેવાતા. મરાઠીમાં પુરુષનું તે 'શેલા' અને સ્ત્રીનો તે 'શાલૂ' એવાં નામ બનારસી વણાટનાં વસ્ત્રો માટે આજે વપરાય છે.

ગુજરાતની જૈન વિધવા સ્ત્રીઓ જે કોર વગરનાં કીરમજી લૂગડાં પહેરે છે તેનું પ્રચલિત નામ 'સિંદુરિયું' છે. 'ચંદ્રકળા' માત્ર કાળા કે ભૂરા રંગની જ હોય એવું નથી. લાલ, લીલી, કીરમજી, જાંબુડી બધા રંગની હોઈ શકે છે. એમાં ફક્ત ચોકડીની ભાત કોઇક વખત હોય છે. સામાન્ય રીતે ચંદ્રકળા ભાત વગરની હોય છે.

જ્યારે અબોટિયાં પહેરી જમવાનો રિવાજ હતો ત્યારે ગુજરાતી સ્ત્રીઓ જ્ઞાતિભોજનમાં બનારસી પીતાંબરને સાડી તરીકે પહેરતી. બનારસી રેશમનું ભાત વગરનું પોત, અને વણેલી રેશમી અથવા કસબી કોર એ વસ્ત્ર પીતાંબર કહેવાતું; પણ શ્રીકૃષ્ણના પીતાંબર માફક એનો રંગ પીળો જ હોય એવું નહોતું. સૌથી સામાન્ય રંગ કીરમજી પડતો લાલ હતો. તે પછી જાંબુડી, લીલો વગેરે આવતા.

'કેસરછાંટ્યા ધોળા સાળુ, ફરતી કસબી કોર' એ વસ્ત્રને 'છાંટણું' કહેવામાં આવતું. હોળી વખતે ઘરની કન્યાઓ ને નવી વહુઓ માટે એ કરાવવાનો રિવાજ આજથી ત્રીસ-પાંત્રીસ વર્ષ પર પણ ચાલુ હતો.

એકના એક વસ્ત્રને ઉત્તર અને મધ્ય ગુજરાતમાં 'કમખો', દક્ષિણ ગુજરાતમાં 'કાંચળી' ને કાઠિયાવાડમાં 'કાપડું' કહેવામાં આવે છે.

(બુદ્ધિપ્રકાશ) —સરોજિની મહેતા

જેલી

મોટાં પાકેલાં પાંચ શેર જામફળ ધોઈને (બની શકે તો લાલ રંગનાં) લેવાં. સગડી ઉપર મોટા તપેલામાં પાણી ઉકાળવા મૂકવું. ઉપર કલાઈવાળી પિત્તળની મોટી ચાળણી મૂકી, તે ઉપર જામફળ વરાળથી બાફવા માટે મૂકી, ઉપર મોટું માપસરનું છીબું ઢાંકી દેવું. જામફળ બરાબર બફાઇને નરમ થાય એટલે ઉતારી લેવાં; અને ઠંડાં પડયે, બીજા તપેલા ઉપર સ્વચ્છ કપડું બાંધી, જામફળનો છૂંદો કરી તે કપડાં ઉપર છણવાં. નીચે તપેલામાં બિયાં વગરનો ગર ભેગો થશે. જેટલો ગર હોય તેટલી જ ખાંડ લેવી. બન્નેનું મિશ્રણ કરી ફરીવાર સગડી ઉપર ચડાવી હલાવ્યા કરવું. વીસેક મિનિટ પછી ઉતારી લેવું. આ જેલીને ઠંડી પાડયા પછી બિલોરી કાચની સ્વચ્છ બરણીમાં ભરી લેવી. રોટલીમાં બોળીને છોકરાં એ હોંશથી ખાશે. પાંઉ ખાનાર તે ઉપર પણ ચોપડીને ખાઈ શકે. (ગુજરાત સમાચાર)

એક્સ-રે મોટરકાર

લંડનના આંતરરાષ્ટ્રીય મોટર પ્રદર્શનમાં હમણાં એક એક્સ-રે મોટર મુકાઈ હતી. શરૂમાં, પાસે જઇને જોનારને તો તે સામાન્ય કક્ષાની કાળા રંગની મોટર જ દેખાઈ હતી; પરંતુ પાંચેક સેકન્ડ પછી પ્રેક્ષકના આશ્ચર્ય વચ્ચે એ મોટરમાં આમૂલ પરિવર્તન જણાતું હતું અને માનવીના હાડપિંજરની પેઠે તેનો પણ આંતરિક યાંત્રિક દેહ દેખાવા લાગતો હતો! તેની બનાવટ પાછળનો ઉદ્દેશ, જેમ તબીબ તેના દરદીનો એક્સ-રે ફોટો જોઇને તેની સ્થિતિ જાણી શકે છે તેમ, આ મોટર ખરીદનાર ગ્રાહક પણ મોટરની અંદરની એ યાંત્રિક રચનાનું નિરીક્ષણ કરી શકે એ છે. તેની કિંમત ૧૫,૦૦૦ પૌંડ છે.

આ અંકમાં આપેલા લવાજમ-કાર્ડમાં કોથળી પરનો તમારો ગ્રાહકનંબર ભરી મોકલવો ન ભૂલશો

આ અંકને પહેલે પાને આપેલી રોજિંદા વ્યાયામની કસરતો

શરીરને સ્વસ્થ ને સ્ફૂર્તિદાયક રાખે તેવો વ્યાયામ આપતી જે કસરતો આ અંક ઊઘડતાં આપી છે તે, ઇંગ્લંડના 'ઑબ્ઝર્વર' નામે સામયિકના દાકતરી સલાહકાર ડૉ. ક્રિસ્ટૉફર વૂડાર્ડે એ પત્રના વાચકોના લાભાર્થે, રમતગમતો માટેની પૂર્વતૈયારી માટે સૂચવી છે. મર્દાની રમતો તથા તેની હરીફાઇઓ ખેલનારાઓ તેની પૂર્વતૈયારી તરીકે શરીરને કસી નથી લેતા તો રમત દરમ્યાનના કોઇ ઓચિંતા આલ અથવા પરિશ્રમના બોજાથી કોઈ નાની ઈજા અથવા સ્નાયુઓના દુખાવાના તે ભોગ થઈ પડે છે. ડૉ. વૂડાર્ડ લખે છે કે "આ કસરતોથી રોજ સવારે શરીરને 'ગરમ કરી લેવાથી' એક તો બધા સ્નાયુઓમાં રુધિરાભિસરણ સુધરીને તે સ્નાયુને પૂરતો લોહીનો ખોરાક પૂરો પાડે છે, અને બીજું એ કે આ વ્યાયામથી સ્નાયુઓ બરાબર ગુંદાઈને રમત દરમ્યાન જરૂરી વિકાસ-સંકોચ પામી લયબદ્ધ કામગીરી આપે છે. સીઝનમાં પહેલવહેલા ક્રિકેટ હૉકી કે ફૂટબૉલ ખેલવા ઊતરો છો ત્યારે શરૂના દિવસોમાં શરીરે કેવા ગોટલા બાઝે છે ને થાકના દુખાવા શરૂ થાય છે! એ દુ:ખ આમ વેંઢારી લેવું એ નરી બાઘાઈ છે—બલ્કે મુર્ખાઈ છે; કેમકે કોઇ વાર એમાં સ્નાયુને નુકસાન કે કોઇ અંગને કરમોડ લાગી જાય.

એ નિવારવા માટે અભ્યાસ ને સંશોધન વડે શાસ્ત્રીય સિદ્ધાંત પર યોજેલી આ સાદી કસરતો, ઓછામાં ઓછા સમયમાં વધુમાં વધુ ફાયદો મળે અને પ્રત્યેક સ્નાયુ પલોટાઈ જાય એ રીતે રચવામાં આવી છે. આ કસરતો દરરોજ 'નિયમિતપણે' અને 'નિયત સમયે' કરવી જોઈએ. ખેલાડીઓ રમતમાં ઊતરતાં પહેલાં કરી લે તો ઉત્તમ.

બધી કસરતો બહુ જ સ્વસ્થતાથી અને લયબદ્ધ રીતે કરવી. કદી અણઘટતો પરિશ્રમ ન લેતા, કે કસરત દરમ્યાન આંચકા ન મારતા. કોઇ ક્રિયા સંપૂર્ણ રૂપે સાધી ન શકો તો તંગ બનીને પરાણે ન કરશો. ધીમેધીમે ખંતપૂર્વક રોજ થોડુંથોડું વધીને તે સિદ્ધ કરી શકશો.

આ બાર કસરતો રોજ ૨૦ મિનિટમાં પતી જાય તેમ એકધારી કરી લેવાની ટેવ પાડી દેજો, જેને અંતે સારો પરસેવો નીતરી આવશે. પછી ખરબચડા ટુવાલથી ખૂબ ઘસીને શરીર લૂછી નાખજો. પરસેવો સુકાવા ન દેતા, તેમ શ્રમિત શરીર પર હવાની ઝટકી લાગવા ન દેતા.

એક સાવચેતી : નબળા કે રોગી દેહવાળાઓએ દાકતરને શરીર બતાવ્યા વિના આ કસરતો ન કરવી. કસરતોની વિગતો નીચે છે:

કસરત (૧) પગ જોડીને ઊભા રહો. બની શકે તેટલી લયબદ્ધ રીતે શરીર પહેલાં આગળ ને પછી પાછળ ઝુકાવો, અને એમ કરતાં હાથને ઢીલા ઝૂલવા દો. જેમજેમ તમે પીઠ તથા પેડુના સ્નાયુઓને ખેંચતા જશો તેમતેમ આગળ ને પાછળ વધુ ને વધુ ઝૂકી શકશો.

(૨) પગ પહોળા કરીને અને બંને હાથને માથા પર લંબાવી તેનાં આંગળાંના આંકડા ભરાવીને ઊભા રહો. પછી કમ્મરમાંથી શરીરને ગોળગોળ ઘુમરડીઓ ખવડાવો.

(૩) પગ પહોળા કરીને ઊભા રહો. ઘૂંટણમાંથી પગને ટટ્ટાર રાખી શરીર ઝુકાવીને બંને હાથ જમીનને અડકાડવા પ્રયત્ન કરો (ડાબું ચિત્ર). હવે શરીરને ઊંચકીને ફરી લયમાં ઝુકાવી બંને હાથ વડે બે પગ વચ્ચેની, અને તેની યે પાછળની જમીનને અડકવા પ્રયત્ન કરો. એમાં જેટલે દૂર જઇ શકો તેટલે દૂર જાઓ.

(૪) પગ પહોળા કરીને અને હાથ બંને બાજુ સીધા લંબાવીને ઊભા રહો. પગને ઘૂંટણમાંથી ટટ્ટાર રાખી અને પાનીને જમીન પર ચોંટેલી રાખી તમારા જમણા હાથ વડે ડાબા પગને અડવા પ્રયત્ન કરો, અને એ વખતે તમારો ડાબો હાથ પાછળ ઊંચો ટટ્ટાર રાખો. ફરી મૂળ સ્થિતિમાં આવી એ જ ક્રિયા ડાબા હાથ વડે કરો. આ ક્રિયાઓ જરા યે ઝાટકા માર્યા વિના સરળ લયથી કરો.

(૫) ખુરશી લપસે નહિ તેમ ભીંતે ટેકવીને, ચિત્રમાં છે તેમ બંને હાથે તેની બેઠક પકડી પગ ટટ્ટાર પાછળ લંબાવો. પછી કોણી-માંથી હાથ ટટ્ટાર કરી ઊંચા થાઓ અને એમ જ ટટ્ટાર નીચા દબાઓ. પગ કે ખુરશી કશું લપસવા ન પામે તેની ખાસ કાળજી રાખો.

(૬) ઊંધા સૂઈ હાથ સીધા આગળ લંબાવો. પછી હાથ-પગ બંનેને ટટ્ટાર રાખી એકીસાથે બંનેને જમીનથી અદ્ધર ઊંચકવા પ્રયત્ન કરો. એ જ સ્થિતિમાં રહી શકાય તેટલું રહો. ફરીફરીને આ કસરત કરવી.

(૭) હથેળીઓ જમીન પર જડી, પગ પાછળ ટટ્ટાર લંબાવી, હાથ અક્કડ થાય એટલા ઊંચા થાઓ; અને બને તેટલું શરીરને સીધી લીટીમાં અક્કડ ને અક્કડ રાખી ધીમેધીમે કોણીઓ વાળીને શરીરને ઝુકાવો. પણ તેમ કરતાં ચહેરો કે છાતી જમીનને અડવા ન પામે ને ઘૂંટણ તો હરગીઝ ન અડે. બની શકે તેટલી વાર ફરીફરીને કરો.


(૮) બંને હાથ બે પડખે રાખી જમીન પર ચત્તા સૂઈ જાઓ. હવે હાથનો ટેકો લીધા વિના ધીમેધીમે કમ્મરમાંથી જ ઊભા થઈ, બંને હાથ લંબાવી પગના અંગૂઠા પકડવા પ્રયત્ન કરો. એમ કરતાં પગને ઘૂંટણથી જરાપણ વળવા ન દેતાં ટટ્ટાર રાખો. પછી મૂળ સ્થિતિ-માં સૂવા જતાં પીઠને આંચકો ન લાગે તેની સાવચેતી રાખવી.

(૯) ઉપર માફક જ ચત્તા સૂઈ જાઓ. શ્વાસ અંદર લેતા જાઓ ને હાથને માથા પર થઇ લંબાવી પછવાડે જમીન પર અડાડો. શ્વાસ લેવાતો જાય તેમ માથું જમીન પર ટેકવી કમ્મરમાંથી શરીરને ઊંચકી કમાન થાઓ. એ વખતે માત્ર માથું ને બેઠક બે જ જમીનને અડકેલાં હોવાં જોઈએ. હવે ધીમેધીમે શ્વાસ મૂકતા જઇ પીઠને નીચે ઉતારી જમીન પર અડકાડો. તેની સાથોસાથ હાથને પણ આગળ બે પડખે લાવો. આ દરમ્યાન બંને પગ તો જોડાએલા જ રહે.

(૧૦) ઉપરની માફક ચત્તા સૂઇ, જરા પણ આંચકો માર્યા વિના બંને પગને એક પછી એક જમીનથી બને તેટલા અદ્ધર ઊંચકો. પણ તેમ કરતાં પગ વળે નહિ અને માથું તથા ધડ જમીન સાથે અને બંને હાથ બે પડખે સપાટ ચોંટી રહે તેની ખાતરી રાખો. એક પગ નીચે ઊતરતો જાય તેમ બીજો ઉપર ચડતો જાય.

(૧૧) ઉપર માફક ચત્તા સૂઇ, બંને પગને જમીનથી ૪૫ અંશને ખૂણે ઊંચકો. બંને પગને ગોળગોળ ફેરવતા જાઓ ને દૂર તથા નજીક લાવતા જાઓ. પગ ફરતી વખતે કુંડાળું એક ફૂટના પરિઘનું થાય. આ દરમ્યાન શરીરને ટટ્ટાર અને હાથને જમીન પર જડેલા જ રાખો.

(૧૨) ઉપર માફક ચત્તા સૂઇ, બંને હાથના ટેકાથી આખા ધડ તથા પગને જમીનથી સીધું અદ્ધર ઊંચકી જમીનને કાટખૂણે લાવો. હવે પગ તદ્દન ટટ્ટાર રાખી બંને પગ વારાફરતી તમારા માથા પાછળની જમીનને અડકાડવા પ્રયત્ન કરો. થાકો ત્યાંસુધી ફરીફરીને કરતા રહો.



યામિની રાય અને તેમનો કલાકાર પુત્ર પટલ: ચિત્રોથી ભરચક તેમના ઘર-ચિત્રાલયમાં (ફોટો - રવિશંકર રાવળ)

યામિની રાય (અનુસંધાન પૃ.૪૦૫થી) નાખી લેવાતી. ચીતરવાના પટને માટે પણ મોંઘા કૅન્વાસને બદલે ખરબચડી ખાદી ઉપર નદીના કાંપ અને છાણના મિશ્રણથી ભોંય બાંધી તેના પર ખડીનો હાથ મારી લેવામાં આવતો. કોઇ વાર તો પાતળાં પ્લાઈવૂડ, લીસા ગુણપાટ, દેશી પૂઠાં કે પોસ્ટરોના ખરબચડા કાગળો પણ વપરાય. અલબત્ત, કોઇ વાર આ અખતરા એળે પણ જતા ને એમનાં કેટલાંક સારાં ચિત્રો એમાં નાશ પણ પામ્યાં છે.

હૂબહૂ આલેખનની તાલીમ પામેલો કાબેલ હાથ, ધારી આકૃતિઓ ઉતારતી કેળવાએલી આંખ, અને કોઇ પણ સાધનને રમાડી શકતી ચપળ આંગળીઓના સ્વામી યામિની રાયે આ સાદી સામગ્રી વડે પોતાની મનોગત કવિતાને ભૂમિપુત્રોની ભાષામાં ઉતારવા માંડી, અને ભલભલા કલાસ્વામીઓની કલ્પનામાં પણ ન હોય એવાં રંગાયોજનો અને લાંબા સપાટા લેતી રેખાઓ વડે એ કવિતાનાં લય અને તાલને જનસામાન્યના મનમાં રમતાં કર્યાં. (આ અંકનું મુખચિત્ર)

એમનાં આ ચિત્રોને જોતાં પહેલી છાપ તો સ્વસ્થતાની પડે છે. એની સાથે એક પ્રશાન્ત લય પણ છે. એમની રેખાઓમાં વેગ અને રંગોમાં ભભક છે, પણ તેમાં થનગનાટ કે ઉકળાટ નથી, પરંતુ લયનું માધુર્ય ને નિરાંતની શાંતિ છે. એમના વિષયોનો પટ પણ પુરાણકથાઓમાં બંધાઈ ન રહેતાં જનસામાન્યના જીવનનો મોકળો વિસ્તાર પામે છે. એમાં આપણી કથાઓનાં પાત્રો ઉપરાંત, પૂજન કરતી નારી, ધરતી ખેડતો ખેડૂત, સુતાર કારીગર, વૈષ્ણવ ગાયકો, મુસ્લિમ ફકીરો ને ખ્રિસ્ત જીવનનાં ચિત્રો સુદ્ધાં છે. કૃષ્ણ-બલરામનાં બલિષ્ઠ પાત્રોના તકતી-ચિત્રમાં શોભનલીલાનું કાવ્ય છે, તો એમનાં વૈષ્ણવ ભક્તો જેવામાં કોઈ વ્યક્તિવિશેષની તસ્વીર કરતાં એ એક આખા સમાજની લાક્ષણિક મુદ્રા છે. ઢળતી આંખોને નીચી મૂછવાળા ઇશુ ખ્રિસ્તના સાદા નાના ચહેરામાં ખુદ પશ્ચિમના કોઇ કલાકારે કદાચ નથી ઉતારી એવી માનવજાત માટેની વેદના અને પ્રેમ નીતરતાં લાગે. કોઈએ એમને પૂછ્યું કે તમને ખ્રિસ્ત જીવનનાં ચિત્રો આલેખવાનું કેમ સૂઝ્યું? એમણે કહ્યું 'ધર્મપ્રાણ પ્રજાઓનો આત્મા એક જ છે, એવી મારી પ્રતીતિ છે. મને થયું કે જો એમ હોય તો હું જે ભાવ કૃષ્ણના ચિત્રમાં આણી શકું તે જ ઇશુના ચિત્રમાં આણી શકું કે નહિ? અને તે ચકાસી જોવા મેં ખ્રિસ્તજીવનનાં ચિત્રો કર્યાં.' અને, કલાવિવેચકો કહે છે કે 'ખ્રિસ્ત જીવનની કથાઓ અને પાત્રો એમને અપરિચિત હોવા છતાં એમને જે સફળતા એમાં લાધી તે પરથી તો એમ પણ લાગે છે કે ઈશુ ખ્રિસ્તની અભિવ્યક્તિ, ભલે ખ્રિસ્તીધર્મી ન હોય તોપણ, પૂર્વનું મન પશ્ચિમ કરતાં વધુ સરળતાથી કરી શકે.'

આ શૈલીને અંતિમ માર્ગ તરીકે અપનાવતાં પહેલાં એમને ઓછું મંથન નથી અનુભવવું પડ્યું. એમણે એક વખત ગણાવ્યા હતા તેમ, આ માટે તે સત્તર જુદાજુદા તબક્કાઓમાંથી પસાર થયા હતા! અને તેમને આમાં સંતોષ ને સફળતા મળ્યાં.

પણ આ સફળતાની પાછળ એટલી જ કરુણતા સભર ભરી છે. આ માર્ગે આવ્યા પછી એમને જે કપરી જીવનયાત્રા ખેડવી પડી તેનો ઈશારો એમના જ શબ્દોમાં સાંભળીએ: 'કલાની સાધના માટે મેં જમીન, મકાન, બધું વેચી દીધું હતું. મેં મનમાં શ્રદ્ધા રાખી ચલાવ્યું કે જીવવું તો આ કલાથી જ. હું બહુ ગરીબ બની ગયો ત્યારે એક રૂપિયાની કિંમત મારે મન હજાર રૂપિયા જેટલી હતી. છતાં એ વખતે મને ત્રણસો રૂપિયાની કલાશાળાની નોકરી મળતી હતી તે મેં નકારી. મને એમાં વિશ્વાસ જ ન હતો, તો હું શાનો ત્યાં જાઉં? ખરુ પૂછો તો ત્યાંનું કામ તો સાચી કલાથી વિમુખ થવાનું. દૂર હઠવાનું હોય છે. સાચા કલાકારને માટે ત્યાં દોઢિયાભારનું યે સત્ય નથી.'

એમના આ નવા પ્રસ્થાનથી કેટલાક મોં મચકોડે છે, તો એમાં એમને મળેલી સફળતાની કેટલાક ઈર્ષ્યા પણ કરે છે. જીવનભર વેઠેલી યાતના અને આ ઉપેક્ષાથી એમનામાં નિરાશાવાદીની કટુતા આવેલી લાગે. એક મુલાકાતીને એમણે કહેલું: 'મારા મિત્રો બધા આમ શા માટે મારી સામે મંડાયા છે? મેં તેમનું કશું જ બગાડ્યું



ગામડાનો સુતાર કારીગર

નથી. હું તો મારા ઘરની બહાર પણ નથી નીકળતો. તમે નહિ માનો, પણ છેલ્લાં ૧૫ વરસથી હું કોઈ પ્રદર્શન કે સમારંભમાંયે નથી ગયો. કોઇનાં ચિત્રો વિષે અભિપ્રાય આપવાની હું મારી લાયકાત ગણતો નથી; ખરું પુછાવો તો મને એ ગમતું જ નથી.'


હમણાં સુધી ભારત સરકારના સેન્ટ્રલ એશિયન ઍન્ટિક્વિટીઝ મ્યૂઝિયમના ડાયરેક્ટર અને વિદ્વાન પુરાતત્ત્વવિદ્-કલાવિવેચક શ્રી વાસુદેવશરણ અગ્રવાલ આગળ યામિની રાયે બળતરા કાઢતાં કહેલું: 'હું કોઇને નીચો ગણતો નથી. મારે મન સૌ સરખા છે ને સૌને એકસરખા પ્રેમથી મારાં ચિત્રો બતાવું છું... આપ મારા દુઃખથી અસ્વસ્થ ન થતા. એ દુઃખનું કારણ તો રાગ છે. પણ જેનામાં રાગ નથી તે મરી ગયા જેવો છે. મારી આપવીતી દુઃખભરી છે. બાગ-બજારમાં હું જે ઘરમાં પચ્ચીસ વર્ષ સુધી રહ્યો તેમાંથી મારે નીકળવું પડયું. ચિત્રો કરવાનો મને આ બદલો મળ્યો! છતાં મારી પાસે જ્યારે ધન ન રહ્યું ત્યારે ચાર પૈસાની માટી લાવીને ચિત્રો કરવા લાગ્યો, પણ એ ધૂન મેં ન છોડી. મારો એક પુત્ર ચિત્રકાર હતો. એણે પરિશ્રમપૂર્વક એક ચિત્ર તૈયાર કરી પ્રદર્શનમાં મૂકયું. એનું મૂલ્ય ૧૫ રૂપિયા મળ્યું! એ દુઃખ એનાથી સહન ન થયું ને ગામમાં જઇ એણે ઝેર પીને પોતાના જીવનનો અંત આણી દીધો!.. પણ મારો તો વિશ્વાસ છે કે હું મારા કામથી જીવતો રહી શકીશ. નહિ તો પછી મરી જઇશ... જે દિવસે આ દેશમાં વિદ્યાસાગર જેવા પંડિતનું વેતન ૫૦ રૂપિયા અને ગ્રૅજ્યુએટનું ૨૫૦ થી ૧૨૦૦ રૂપિયા મંજૂર થયું તે દિવસથી આ દેશનું ભાગ્ય ફૂટી ગયું!'


એમની આ અકળામણ સકારણ છે. વર્ષો પર્યંત વેઠેલી કપરી હાડમારીઓ અને પોતાના જ દેશવાસીઓની ઉપેક્ષા એને માટે જવાબદાર છે. એમને વિષે જે બધું સંભળાય છે તે પરથી, શ્રી અગ્રવાલ લખે છે કે 'મેં એમને અહંકારી સ્વભાવની અક્કડ વ્યક્તિ સમજી લીધા હતા. પણ એમને ઘેર જતાં તો ચોસઠ વર્ષના યામિની રાયના વેષમાં એક બાળકનાં દર્શન થયાં. ભાવથી આવેલા શ્રોતા મળતાં એમની વાગ્ધારા છૂટી ને અંતરની આગ આ રીતે પ્રકટ થઇ.

પણ હવે ધીમેધીમે તેમની કલાની કદર થતી આવે છે. કલા-રસિકો એમનાં ચિત્રો ખરીદવા પણ એમના બાલીગંજના નાના સાંકડા ઘરમાં જાય છે. એની કિંમત પણ બહુ ભારે નથી હોતી. કોઇ કોઇ વાર તો એમનાં લોકપ્રિય થએલાં ચિત્રોની નકલો ઉપર નકલો પણ લોકો માગે છે. યુનેસ્કો (આંતરાષ્ટ્રીય શિક્ષણ-સંસ્કાર-સંઘ)ના પ્રદર્શન માટે જે ૩૮ દેશોનાં ચિત્રો ગયાં હતાં તેના ઉપર વિવેચન લખતાં અમેરિકાના અગ્રણી દૈનિક 'ન્યૂ યૉર્ક ટાઇમ્સ' અને લંડનના પીઢ પત્ર 'ટાઇમ્સ' સુદ્ધાંએ લખ્યું હતું કે 'કેવળ યામિની રાયનાં ચિત્રોમાં જ પારીસની નકલ નથી, (મતલબ કે બાકી બીજે અત્યારે 'નવીનતા' અને 'મૉડર્નિસ્ટિક'ને નામે જે ફાલ ફૂટી નીકળ્યો છે તેમાં એ અનુકરણ સિવાય કંઈ નથી.) યામિનીની કળામાં પોતા-પણું છે, અને તે (બીજાઓની પેઠે) કોઈનું ઉછીનું લીધેલું નથી.'

એમણે જૂની પ્રણાલિને અર્વાચીન લય આપી. લોક-કલાઓનાં વહેણની મૂળ ગંગોત્રીના ઝરણમાંથી એમણે જરૂરી પ્રેરણાપાન જ કર્યું. તાલીમસિદ્ધ હાથ, અંતરની અભિવ્યક્તિ કરવાની તમન્ના, અને સર્જકની કલ્પકતા તો એમનામાં હતાં જ, એટલે એમને હાથે એ મૂળ ઝરણની પ્રેરણાથી જે મહાનદ પ્રકટ્યો તેમાં વિષયનું વૈવિધ્ય, બદલાતી રેખાઓની લીલા ને પરસ્પરમાં હલક પુરાવતા સાદા રંગોની રંગાવટ રેલી રહી. અને, પહેલી વર્ષા પછી ભૂમિમાંથી ફૂટતી ધરતીની ફોરમ જેવી, મધુર અને માદક છતાં સ્વસ્થ અને પ્રશાન્ત લાવણીઓમાં ભારતીય જીવનના સંગીતનો લય વિલસી રહ્યો. તેને વિષે લંડનના બ્રિટિશ મ્યૂઝિયમના હિંદી વિભાગના નિયામક જૉન અર્વિન તથા વિષ્ણુ દેએ લખેલા વિવેચનાગ્રંથમાં તો એમણે એટલે સુધી કહ્યું છે કે 'ભારતની ચાળીસ કરોડની વસતિમાં યામિની રાય એ એક જ એવા વિદ્યમાન કલાકાર છે કે જેણે સાચા સર્જકની ખરેખરી વિશુદ્ધ ને મર્મગામી અભિવ્યક્તિ સાધી હોય.'

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ





આ વખતે આવેલાં ચિત્રોમાં વિષયની પસંદગી સારી છે, પણ મળેલી તકનો ઉપયોગ એકેમાં સફળરીતે થયો નથી.

ભાઇ ચન્દ્રકાન્ત આર. શાહ(જોરાવરનગર)નાં 'આરામ' અને 'પાળેલું'માં હાથ આવેલા પક્ષીનો ઉપયોગ કરતાં આવડયો નથી. પંખીને રકાબીમાં મૂકીને તથા કિશોરના હાથમાં પકડાવીને છબિ પાડવાથી કંઈ ઉચિત ચિત્ર બનતું નથી. તેને કોઈ ઝાડની ડાળી પર બેસાડીને સુંદર નૈસર્ગિક ચિત્ર સર્જી શકાત (જુઓ ઉપર).

ભાઈ 'વિમલ'(મુંબાઈ)નાં ત્રણે ચિત્રોના વિષય સારા છે, પણ એકે વિચારપૂર્વક લેવાયું નથી. એ પૈકી અહીં(મથાળે) છાપેલા ચિત્રમાંનાં છુટેલાં બળદગાડાંની અવ્યવસ્થિતતા અને પાછળનાં ઝાડની ભૂમિકાની સામગ્રી વડે મનોરમ ચિત્રસંયોજનવાળાં ઘણાં ચિત્રો યોજી શકાત.

ભાઇ મણિકાન્ત યાજ્ઞિક(મુંબાઇ)નો, જાળ પાથરતા માછીમારનો વિષય સારો છે, પણ કૅમેરાની સ્પીડ ઓછી પડવાથી માછીમારનો હાથ ને જાળ હલેલાં આવ્યાં છે. ચિત્રકોણ પણ બદલવાની જરૂર હતી.

ભાઇ પ્રભાકર દૂધિયા(અમદાવાદ)નું 'વણકર'વાળું ચિત્ર અગાઉ 'કુમાર'ની હરીફાઇમાં ભાઈ નગીનદાસ દૂધિયાના નામથી ઈનામ પામી ગએલું ચિત્ર છે. આ રીતે બીજાનાં ચિત્રો પોતાને નામે મોકલવામાં હીણપત લાગવી જોઇએ.

શ્રીદામ ભટ્ટ

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ કેમ કેળવવો તેની માહિતી આપતો વિભાગ



ટપાલ-ટિકિટ પરની છાપોની એક નવી વિવિધતા આ વખતે એક વાચક મોકલે છે. પોર્ટુગીઝ પૂર્વ આફ્રિકા—મોઝામ્બિક—ની સરકારે પોતાને ત્યાંના દરિયામાં થતી વિધવિધ માછલીઓની આકૃતિઓવાળી ટિકિટો હમણાં બહાર પાડી છે એમાંની ૧૫નો સમૂહ ભાઇ નટુભાઇ વ્યાસે દીવથી મોકલ્યો છે, તે જમણી બાજુ આપ્યો છે. પણ એની ખરી ખૂબી તો એના રંગમાં છે. જેટલી વિ-વિધ ને ચિત્રવિચિત્ર એની આકૃતિઓ આમાં જણાય છે તેટલા જ નાનાવિધ એના રંગો છે, અને તે કુદરતી રંગોમાં આપવા માટે ત્રણથી પાંચપાંચ રંગમાં જે એ છાપેલી છે તેની મનોહારિતા કુતૂહલ ને રસપ્રેરક છે. દરેક માછલીની નીચે તે તે માછલી-નાં નામ અત્યંત બારીક અક્ષરે લૅટિન ભાષામાં લખેલાં છે અને ઉપલા જમણા યા ડાબા ખૂણે ટિકિટની કિંમતો નીચે મુજબ જણાવી છે: મથાળે-થી ક્રમાનુસાર: પાંચ સેન્તાવુશ; દસ સેન્તાવુશ, ૧૫, ૨૦, ૩૦, ૪૦ અને ૫૦ સેન્તાવુશ; એક ઇસ્કુદુ, દોઢ ઇસ્કુદુ, અઢી, ત્રણ, સાડા ત્રણ, ચાર, આઠ, નવ અને દસ ઇસ્કુદુ.



હૉલૅન્ડે બાળશ્રેય અર્થે હમણાં બહાર પાડેલી નવી ટિકિટો પૈકી પાંચનો સમૂહ ચોડેલું એ પ્રસંગનું એક ફર્સ્ટ-ડે કવર ઑક્સફર્ડથી ભાઇ નગીન પારેખે મોકલ્યું છે. હસમુખા ચહેરાવાળાં, દેશની ઊજળી આશા જેવાં એ બાળકોનાં ચિત્રોવાળી ટિકિટો આ નીચે આપી છે. એ બાળકોને પોતાની છબિઓ ટિકિટો પર જોઈ કેટલો આનંદ થતો હશે! અને બાળશ્રેયના ફાળા અર્થે તેઓ પોતે જ પોતાની શાળાઓમાં એ પાછાં વેચતાં હશે.

એ જ હારમાં ડાબી બાજુએ છેલ્લી ટિકિટ જર્મનીમાં હમણાં ભરાએલા રાષ્ટ્રીય ટિકિટ-પ્રદર્શન (નૅશનલ બ્રીફમાર્કેન ઑસ્ટેલુંગ)ના સ્મરણમાં નીકળેલી ટિકિટો પૈકીની એક છે. તે મૂળ કરતાં ત્રણગણી મોટા કદની બતાવી છે. તેના પર વર્તુલાકારમાં ટિકિટોનો સમૂહ દર્શાવીને તે પર NBA પ્રથમા-ક્ષરો, ને નીચે જમણે ખૂણે મોટા અક્ષરે કિંમત આપી છે. એની આકૃતિની નવીનતા ધ્યાન ખેંચે તેવી છે.

સામેની ફીજીની ટિકિટ ગઇ તા. ૧૭મી સપ્ટેમ્બરે ત્યાં બહાર પડેલી હેલ્થ-સ્ટૅમ્પ (આરોગ્ય ટિકિટો)ની માળા પૈકીની છે. તેના પર દરિયાકાંઠે ખેલતા કિશોરોના દૃશ્ય વચ્ચે છઠ્ઠા જ્યૉર્જની છબિ છે. મૂળ કરતાં તે અહીં સવાયા કદની કરી બતાવી છે.







આ માસ (ડિસેમ્બર) ઇતિહાસમાં: દિનવિશેષ વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: નાનાસાહેબ પેશ્વા



સત્તાવનના જે સ્વાતંત્ર્યયુદ્ધે પ્રબળ એવી બ્રિટિશ સલ્તનતનાં મૂળ થોડા કાળ માટે પણ હિંદની ભૂમિમાંથી હચમચાવી નાખ્યાં તેની યોજના, ગુપ્ત સંગઠન, તથા સંચાલન કરનાર અગ્રણીઓમાંના એક નાનાસાહેબ મૂળ તો માધવરાવ નારાયણ ભટ્ટના પુત્ર. એમનો જન્મ માથેરાન પાસે વેણુ ગામમાં ૧૮૨૪ની ૮મી ડિસેમ્બરે થએલો. એમનું મૂળ નામ ધોંડોપંત. અંગ્રેજોએ પેન્શન પર ઉતારેલા બીજા બાજીરાવ પેશ્વાએ એને દત્તક લીધેલા; પણ બાજીરાવના અવસાન પછી, તેનું સ્પષ્ટ વસિયતનામું હોવા છતાં અંગ્રેજોએ નાનાસાહેબના હક્કો ખૂંચવી લીધા ને આમ તેના મનમાં અંગ્રેજોને હિંદમાંથી નામશેષ કરી નાખવાનો સંકલ્પ કરવાનું કારણ આપ્યું. નાનાના હૃદયમાં ભભૂકેલા એ ભડકાએ ચોદિશ આગ ચાંપવા માંડી, અને હિંદુ મુસલમાનોએ એકત્ર થઇને અંગ્રેજોને ભારતમાંથી હાંકી કાઢી, વૃદ્ધ બાદશાહ બહાદુરશાહને દિલ્હીની ગાદીએ બેસાડીને નવેસરથી શાસન-પ્રારંભ કરવા માટે એક દેશવ્યાપી ગુપ્ત સંગઠન ઊભું કરવાનો નિરધાર કર્યો. ૧૮૫૭ના જૂનનું પહેલું અઠવાડિયું વિપ્લવ માટે નક્કી કર્યું. પણ મેરઠમાં ધાર્યાં કરતાં વહેલું બંડ થયું ને યોજના વણસવા લાગી. પણ નાનાએ ધીરજ રાખી અંગ્રેજો સાથે એટલો તો સારો વર્તાવ દાખવ્યો કે તેના પર જ વિશ્વાસ મૂકી અંગ્રેજોએ તેને કાનપુરનો ખજાનો અને દારૂગોળાનો ભંડાર સાચવવા આપ્યો. વગર મહેનતે આ બધું મેળવી નાનાએ ૪થી જૂનની મધરાતે સંકેતાનુસાર બંડ શરૂ કરી કાનપુર દબાવ્યું અને ૧લી જુલાઈએ બિઠુર જઇ ત્યાં વિધિસર પેશ્વાની ગાદીએ બેઠા. પરંતુ જનરલ હૅવલોક પાછો કાનપુર પર આવતાં તેમને જાતે મેદાને પડવું પડયું. પણ અંગ્રેજોના શિસ્તબદ્ધ ને જોરદાર ધસારા સામે તે ટકી શકયા નહિ અને ઉત્તરોત્તર બધી લડાઈઓ ગુમાવતા ગયા.

હવે શિસ્તબદ્ધ અંગ્રેજોને યુદ્ધ આપવું મુશ્કેલ હોઇ નાનાએ ગેરીલા છાપા મારવા માંડયા ને સાધનસામગ્રી તથા માણસોની અછતના કપરા કાળમાં પણ બંડ ચાલુ રાખ્યું. અંતે ૧૮૫૮ની ૧૩મી જૂને હજારો સ્વયંસેવકો લઈ, બાલાસાહેબ, વિલાયતશાહ ને અલીખાં મેવાતી આદિ નેતાઓ સાથે નાનાએ લખનૌ પર છેલ્લો હલ્લો કર્યો. પણ તેમાં અપ્રતિમ બહાદુરી બતાવવાં છતાં આખરે તોપોને કારણે અંગ્રેજો જીતી ગયા. આ જબરી શિકસ્ત ખાધા પછી પણ નાનાએ અવારનવાર હલ્લા કરી બીજા છ માસ સુધી અંગ્રેજોને તોબાહ પોકરાવી. આખરે જ્યારે યુદ્ધ અશક્ય જ થઈ પડયું ત્યારે ૧૮૫૯ના એપ્રિલમાં મદદની આશાએ તે નેપાળ ગયા. પણ ત્યાં તો ઊલટું રાણા જંગબહાદુરે, એના ક્રાંતિકારોને પકડવામાં અંગ્રેજોને સગવડ આપી! તેમાં ઘણા માર્યા ગયા, ઘણા કેદ પકડાયા અને કેટલાક જંગલોમાં ચાલ્યા ગયા. એમાં નાનાસાહેબ પણ ગુમ થયા. આ પછી તેમનું મૃત્યુ ક્યાં અને ક્યારે થયું તે હજી અચોક્કસ છે.

દિનવિશેષ:

તા. ૩ હિંદમાં લૉર્ડ વિલિયમ બેન્ટિકે સતી થવાનો ચાલ નાબૂદ કર્યો, ૧૮૨૦.

તા. ૬ જરથોસ્તીઓ (પારસીઓ ઇરાનથી આવી સંજાણમાં પહેલવહેલા વસ્યા, ૭૧૫.

તા. ૧૦ ભારતીય ઇતિહાસજ્ઞ સર જદુનાથ સરકારનો જન્મ, ૧૮૭૦.

તા. ૧૩ હિમાલયવાસી રશિયન કલાકાર નિકોલસ રોરિકનું અવસાન, ૧૯૪૮.

તા. ૧૫ ઓરિસા તથા છત્તીસગઢનાં દેશી રાજ્યોનું હિંદ સાથે જોડાણ, ૧૯૪૮.

તા. ૧૮ અમેરિકામાંથી ગુલામી નાબૂદ થઈ. ૧૮૬૫.

તા. ૨૨ શાંતિનિકેતનમાં કવિવર ટાગોરની વિશ્વભારતી વિદ્યાપીઠની સ્થાપના, ૧૯૨૧.

તા. ૨૪ હિંદ પરના પહેલા યુરોપી આક્રમક વાસ્કો-ડા-ગામાનું કોચીનમાં મૃત્યુ, ૧૫૨૪.

તા. ૨૮ હિંદી રાષ્ટ્રીય મહાસભા કૉંગ્રેસનું મુંબાઇમાં પહેલું અધિવેશન ભરાયું, ૧૮૮૫.

તા. ૩૦ રૂમાનિયાના રાજા કિંગ માઇકેલનો ગાદીત્યાગ; પ્રજાસત્તાકની સ્થાપના, ૧૯૪૮.

તા. ૩૧ ઈસ્ટ ઇંડિયા કં.ને ઈલીઝાબેથે પૂર્વમાં વેપાર કરવાનો પટો લખી આપ્યો, ૧૬૦૦.

નવેમ્બર (૧૯૫૧)ની તવારીખ

તા. ૧ કાશ્મીરની બંધારણસભાની શરૂઆત; **તા. ૬** પારીસમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ (યૂનો)નું છઠ્ઠું સામાન્ય અધિવેશન (જનરલ ઍસેમ્બલીની બેઠક) શરૂ; ભારતની સર્વોચ્ચ ન્યાય-અદાલત (સુપ્રીમ કોર્ટ)ના વડા ન્યાયમૂર્તિ હરિલાલ કણિયાનું અવસાન; **તા. ૧૦** કાશ્મીરના ફેંસલા માટે ફરી વધુ પ્રયાસ કરવાનું ડૉ. ગ્રેહામને સોંપતો સલામતી સમિતિનો ઠરાવ; **તા. ૧૧** નેપાળના પ્રધાનમંડળનાં રાજીનામાં; **તા. ૧૫** ફુગાવો અટકાવવા માટે રીઝર્વ બૅંકે સત્તાવાર વ્યાજનો દર ૩થી વધારી ૩॥ ટકાનો કર્યો; **તા. ૧૬** નેપાળમાં રાણાશાહીનો અંત અને માતૃકાપ્રસાદ કોઇરાલાના વડા પ્રધાનપદે સંપૂર્ણ લોકશાહી કૉંગ્રેસપક્ષી પ્રધાનમંડળની રચના; **તા. ૨૦** કાશ્મીરમાં લોકશાહી રાજ્યની શરૂઆત; **તા. ૨૬** કોરિયામાં યુદ્ધવિરામના હરોળ વિષે સમજૂતી; **તા. ૨૯** સીરિયા અને સીઆમ એ બંને દેશોમાં લશ્કરે સરકારોને ઉથલાવી નાખી સત્તા પોતાને હાથ લીધી; **તા. ૩૦** નિઃશસ્ત્રીકરણની સમજૂતી કરવા ચાર મહાસત્તાઓની મંત્રણામાં ભાગ લેવાની રશિયાની હા.

પ્રસંગવિશેષ: ઈરાનમાંથી પારસીઓની હિંદમાં હિજરત

લગભગ અઢી સદી સુધી મધ્ય એશિયાના પાર્થિયનોની હકૂમત સહ્યા બાદ તેની સામે ક્રાંતિ કરી, ઈરાનની પ્રજાએ એ વિદેશી શાસકોને હાંકી કાઢી તેની જગ્યાએ પોતાની જ જાત અને પોતાના જરથોસ્તી ધર્મના અરદેશર પહેલાને રાજા બનાવ્યો, જેણે સાસાની સામ્રાજ્ય સ્થાપીને જરથોસ્તી ધર્મનો સુવર્ણયુગ સ્થાપ્યો. પણ સાતમી સદીમાં ઈસ્લામના ફેલાવા સાથે ધર્મઘેલા મુસલમાનોએ એક હાથમાં કુરાન અને બીજા હાથમાં તલવાર લઈ આસપાસના મુલકો સર કરવા માંડયા. તેમાં આ સાસાની સામ્રાજ્ય અને તેનો રાજધર્મ જરથોસ્તી ધર્મ પણ હોમાયાં. અને દમનના ભયથી કેટલાક જરથોસ્તીઓ ધર્મરક્ષા અર્થે પોતાનું વતન છોડી હિંદને આશરે આવ્યા. ઈ. સ. ૭૧૫ના ડિસેમ્બરની છઠ્ઠી તારીખે ભારતમાં સૌપ્રથમ સંજાણ બંદરે ઊતરેલા એ પરદેશીઓનું હિંદે, અગાઉ પોતાનો આશ્રય શોધતા આવેલા બીજા લોકોનું કર્યું હતું તેવું જ સ્વાગત કર્યું. એમના વંશજો તે આજના પારસીઓ. આજ પર્યંત નિર્ભયપણે તેઓ પોતાનો એ ધર્મ સાચવી રહ્યા છે. હિંદની ધારીમાંથી મુસ્લિમો જે ચૂકી ગયા તે એકતા સાધી તેઓએ જે પ્રગતિ કરી છે તેથી તો સૌ વિદિત છે જ.

અંધ નગર આખું ફરે, વેશ્યા કીર્તન ગાય,
સપનામાં સંપત મળે, (એ) ત્રણે અલેખે જાય.
— વિશ્વરથ

સોમનાથની સ્થાપનાના દિવસોમાં સેવા-દળનો એક સૈનિક સાઈકલ પર વેરાવળથી પોતાની ફરજ પર સોમનાથ જતો હતો. એવામાં ખાડીને કાંઠે, સામેથી ગાંડી દોટમાં ધસી આવતી એક ભેંસના માર્ગમાં એક મુગ્ધ ખારવા-કિશોરને જતો જોયો. તેને બિચારાને ખબર ન હતી કે પોતાની પાછળ સાક્ષાત મોત ધસી આવે છે. રાહદારીઓ બૂમાબૂમ કરતા પોતપોતાનું રક્ષણ શોધતા અહીંતહીં ભરાઈ ગયા. પણ સૈનિકે પલવારમાં સાઈકલ ફેંકી દઈ કિશોર તરફ દોટ મૂકી, અને તેને નીચે પછાડી તેના પર પોતાના શરીરનું રક્ષણ કાંઇ દઇને ઊંધો સૂઇ ગયો. ભેંસ નજીક આવી-ને ઉપરથી ઠેકી ચાલી ગઈ. બંને બચી ગયા.

પછીથી તેમની ખબર પૂછતા ને ભેંસના માલિકને ભાંડતા રાહદારીઓ ટોળે વળી સૈનિકની પ્રશંસા કરવા લાગ્યા, પણ એ તો કિશોરને ઊભો કરી કપડાં ખંખેરી મૂંગોમૂંગો સાઇકલ પલાણી એ જ ભાવનાપૂર્વક પોતાની ફરજ બજાવવા ચાલી નીકળ્યો.



પતરાના ડબાનું ઢાંકણું સજ્જડ બંધ થઇ ગયું હોય તો ડબાની આસપાસ મજબૂત દોરી વીંટી તેમાં દાતણ કે પેન્સિલ ભરાવી વળ દો. એથી ડબો સંકોચાઇને ઢાંકણું ઢીલું થઈ જશે.

અનેકાર્થી શબ્દ : **ધારણ**=ધરવું તે; આધારભૂત થવું તે; ટેકો કે આધાર; ધીરજ યા આશ્વાસન; પાટડો કે ભારવટિયો; સંતોલો.

કહેવતોના અર્થ : 'કાગને કહ્યે ઢોબાં ન મરે'—સ્વાર્થી કે નમાલા માણસોની ઈચ્છા કે ગુસ્સો નિષ્ફળ નીવડે છે તે દર્શાવવા માટે વપરાતી આ કહેવતનો અર્થ ચોખ્ખો છે કે પોતાને નીરાંતે માંસ ખાવા મળે એ દાનતથી કાગડો ઢોરનું મોત ઈચ્છે એ કાંઇ ફળીભૂત થતું નથી. એને મળતી બીજી કહેવતો: 'બિલાડીને કહ્યે શીકું ન તૂટે;' રાંડીરાંડના શાપ ન લાગે; સતી શાપે નહિ ને શંખણી ના લાગે નહિ.'

નીલમ, હીરા વગેરે ઝવેરાત સ્પિરિટ અથવા કોલન વૉટરથી ધોયા બાદ તેને સુકાવા દો. પછી કોઇ નરમ ચામડા કે મખમલ વડે હળવે હાથે ઘસવાથી ચમક આવશે.



હોલાંડમાં તાજેતરમાં બાલશ્રેય અર્થે નીકળેલી ટિકિટોના પ્રસંગે રદીકરણ માટે યોજાએલી ખાસ છાપનો સિક્કો.

ગણિત ગમ્મત : કોઈ પણ રકમ લખી તેને ઉલટાવો. પછી મૂળ રકમ અને ઉલટાવેલી રકમની બાદબાકી કરતાં જે રકમ આવે તેના આંકડાનો સરવાળો કરી જુઓ : તે ૯ અથવા ૯નો ગુણક જ આવશે (૨૫)

વેસેલિન ખલાસ થઈ ગયું હોય એવી ખાલી શીશીને સાફ કર્યા વિના (અંદર થોડું વેસેલિન ખરડાયેલું હોય તે રહેવા દઇને) તેમાં ઉપયોગી સ્ક્રૂ, ખીલીઓ, હૂક, ઝીણા નકૂચા વગેરે રાખી મૂકવાથી કટાશે નહિ.

મોડી રાત સુધી રેડિયો વગાડવગાડ કરીને જંપવા ન દેતા પડોશીઓ ઉપર વેર વાળવાનો એક અકસીર ઉપાય સૂઝ્યો છે. સવારે ચાર વાગે તેને ટેલિફોન કરીને ઉઠાડીને કહેવું કે તમારો રેડિયો સાંભળીને બહુ મજા આવેલી. તેનો આભાર માનીએ છીએ.

રૂપાના દાગીનાના ડાબડામાં કપૂર રાખવાથી તે કાળા પડી જતા અટકશે. (૨૫)

ઊજળાં લૂગડાંનો આદર્શ

આજીવિકાનો પ્રશ્ન ભણેલા લોકોને કઠણ પડે છે તેનું એક કારણ એ પણ છે કે આપણે સૌ ઊજળાં લૂગડાંના ધંધા જ શોધીએ છીએ. જો ભણતર જ જાતમહેનતમાં વિઘ્નરૂપ હોય તો તે ઉપયોગી નથી. પણ ભણતરને એવો દોષ દેવાની જરૂર નથી. આપણે ઊજળાં લૂગડાંનો આ આદર્શ જ છોડીએ તો બસ છે.

ઓછી મહેનતે ખૂબ કમાવું અને જુવાનીનાં વર્ષોને સારી પેઠે ભોગવી લેવાં. એ આદર્શથી આપણી મુશ્કેલીઓનો ઉકેલ નહિ આવે; પરંતુ પૂરી મહેનત કરી, સાદા પણ નીરોગી અને દીર્ઘાયુ થઈ શકે એવા જીવનના આદર્શ પ્રત્યે વળવું જોઇએ.

(કિશોરલાલ મશરૂવાળા)

'એવો કયો સવાલ છે કે જેનો જવાબ કોઇ માણસ કદી પણ નકારમાં ન આપી શકે ?'
'ઊંઘી ગયા કે ?'



કલાકણિકા : મથાળે બાકોરાવાળું આ વિચિત્ર પાત્ર, તાપવા માટેની જાપાની સગડી છે ! કલાપ્રિય પ્રજા સગડીને પણ શણગાર્યા વિના ન રહે.

કુમાર

વર્ષ અઠ્ઠાવીસમું

જાન્યુઆરીથી ડિસેમ્બર ૧૯૫૧ · અંક ૩૨૫થી ૩૩૬

મુખ્ય ચિત્રો — પૂર્ણરંગી

દ્વિરંગી, એકરંગી, રેખાંકન, વૂડકટ વગેરે

શિલ્પ-સ્થાપત્ય

ફોટોગ્રાફો

ટપાલની ટિકિટો

કાવ્યો અને મુક્તકો

જીવનચરિત્રો — ચરિત્રરેખા

માસ્તમાસની વ્યક્તિવિશેષ

પરિચયરેખા

વાર્તા અને નાટિકા

વાર્તાઓ

નાટિકા

લેખો

ઇતિહાસ-ભૂગોળ-પુરાતત્ત્વ

નિબન્ધિકા

શરીર-વિજ્ઞાન

વનસ્પતિ

વ્યાયામ

બીજા લેખો

સુભાષિત

પ્રકીર્ણ નાના લેખો


વિભાગીય લેખો

ચિત્રબોધ

સામયિક વિચાર

માસમાસના તહેવારો

અઠ્ઠાવીસમા વર્ષનું વાર્ષિક સાંકળિયું



આગત-પતિકા નાયિકાઃ કાંગડી કલમનું ૧૮મી સદીનું નામીચું સુંદર ચિત્ર (વિગત માટે જુઓ પાછલા પૃષ્ઠામાં)



શબરી (ચિત્રકાર·સોમાલાલ શાહ)

જેણે ભક્તિભાવપૂર્વક પોતે ખાસ ચાખી રાખેલાં સ્વાદિષ્ટ ફળ જ રામને ધરેલાં, (અને ભક્તવત્સલ રામે એ એઠાં ફળ પણ ભાવપૂર્વક આરોગેલાં) એ લોકોક્તિ-ખ્યાતથી શબરીનું નામ પ્રાકૃત જનસમાજમાં જાણીતું છે. વાલ્મીકિ રામાયણમાં અરણ્યકાંડમાં એનો પરિચય એમ આપ્યો છે કે 'પંપા સરોવરને પશ્ચિમ કાંઠે રહેતા માતંગ ઋષિની એ પરિચારિકા ભીલડી હતી. રામ-લક્ષ્મણ ચિત્રકૂટ પર્વત પર હતા એવામાં ઋષિ અવસાન પામ્યા, એટલે રામ-લક્ષ્મણ પોતાના આશ્રમમાં આવે ત્યારે એમનું સ્વાગત કરવાનું શબરીને સોંપતા ગયા. એ આજ્ઞાનુસાર શબરી વાટ જોતી આશ્રમમાં રહી, અને રામ-લક્ષ્મણ આવ્યા ત્યારે એમનું પૂજન વગેરે કરી વનફળથી આતિથ્ય કર્યું. અને રામચન્દ્રે વન જોવાની ઈચ્છા દર્શાવ્યાથી મુનિના સમંત્રક યજ્ઞની જગ્યા, પ્રત્યવસ્થલી નામક વેદી, સપ્તસાગર નામનું તીર્થ વગેરે બતાવ્યાં અને પછી રામને, ઋષ્યમૂક પર્વત ઉપર સુગ્રીવ રહેતો હતો તેને મળવાનું કહી, રામની અનુજ્ઞા લઇ, અગ્નિ પ્રકટાવી તેમાં પ્રવેશ કરીને દેહત્યાગ કરીને સ્વર્ગે ગઈ.' ચિત્રમાં કલાકારે તેના ચહેરા પર ભીલડીના વિશિષ્ટ સૌન્દર્યની સુરખી અને તપની દીપ્તિ આલેખી છે.



ઇંગ્લંડનાં ગૅસ ટર્બાઈન એન્જિનો દુનિયાભરમાં બીનહરીફ ગણાય છે. ત્યાં ફાર્નબરો ખાતે ગૅસ ટેક્નૉલૉજીની એક શાળા છે, જ્યાં વરસમાં ત્રણ વાર એક આંતર-રાષ્ટ્રીય અભ્યાસક્રમ યોજવામાં આવે છે, અને દુનિયાના દેશેદેશના જેટ પ્રોપલ્શનના નિષ્ણાતોને તેમાં તાલીમ માટે તેમજ આધુનિક ઇજનેરીના એ ક્ષેત્રની અદ્યતન પ્રગતિથી પરિચિત થવા માટે મોકલવામાં આવે છે. એ શાળામાં વિવિધ દેશોના એવા ‘વિદ્યાર્થીઓ’ જેટ એન્જિન તપાસતા આ ચિત્રમાં દર્શાવ્યા છે.



યુદ્ધકાળમાં બ્રિટનમાં જે તાકીદનાં પગલાં ભરવામાં આવ્યાં તેમાં વધુમાં વધુ અન્ન ઉત્પાદન કરવા માટેની ઝુંબેશ મોટી હતી. તેના પરિણામ રૂપે આજે ત્યા એક ‘ખેતી સલાહકાર તંત્ર’ નામનું આખું ખાતું ઊભું થયું છે, જે બહુ અનુકરણીય છે. તેમાં ૧૪૦૦ જેટલા નિષ્ણાત ખેતીવાડી અધિકારીઓ કામ કરે છે, જેઓ ગામડેગામડે ખેતરોમાં ફરીને તેમના પાક તપાસે છે, વાવણી, ખાતર વગેરેની સલાહ આપે છે, અને તેમની ફરિયાદોનાં કારણ શોધવા માટે ખાસ ચાલતી પ્રયોગશાળાઓમાં અખતરાઓ ચલાવી તેના ઉકેલ આણી આપે છે. ઉપલા ચિત્રમાં એવો એક જિલ્લા સલાહકાર અધિકારી એક ખેડૂતે આપેલા નિષ્ફળ ગએલા પાકના નમૂના પ્રયોગશાળામાં લાવી તેના વૈજ્ઞાનિકને બતાવી રહ્યો છે.



નવાં પુસ્તકો

ગોષ્ઠિ: શ્રી ઉમાશંકર જોષીના બાત્રીસ નિબંધો-જેમાં અંગત નિબંધો, ચરિત્રાત્મક લેખો, અહેવાલરૂપ લખાણો, પ્રવાસ લેખો, મનનાત્મક લઘુલેખો, હળવા નિબંધો તેમજ જીવનના મૂલગત પ્રશ્નો છેડતા લેખો જેવા રોચક વૈવિધ્યની સાથે ‘નિબંધ: એક કલા-પ્રકાર’ એ નામનો, નિબંધની કલા ઉપર એક સ્વાધ્યાય પણ છે. ૧૯૦ પાનાં. ત્રણ રૂપિયા પ્રકાશકભારતી સાહિત્ય સંઘલિ. અમદાવાદ **દેવયાની :** આનંદરાય ભટ્ટના આગામી કાવ્ય-સંગ્રહમાંનું એક ખંડકાવ્ય—પ્રકાશક આનંદરાય ભટ્ટ-વિસનગર ૦-૪-૦. **કવાયત**-ની જરૂરી માહિતી તથા હુકમોની વિગતવાર ને વ્યવસ્થિતરીતે સમજૂતી આપતા પુસ્તક-ની સુધારેલી બીજી આવૃત્તિ લેખક : મોહનલાલ છ. શાહ. પ્રકાશક : ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, નડિયાદ. ૧-૪-૦.

ગુજરાતવિદ્યાસભા-અમદાવાદનાં

મણિલાલ નભુભાઇ દ્વિવેદીનું જીવન ચરિત્ર : લેખક અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી ૨-૦-૦; ૧૯૨૯-૧૯૩૯નાં **વાર્ષિક વ્યાખ્યાનો:** [૨] ૨-૦-૦; **ગુજરાતનાં નગરોનું ફારસી ભાષા અને સાહિત્યનું ખેડાણ**: લેખક: છોટુભાઈ રણછોડજી નાયક, ૦-૧૨-૦; **કામજન્ય દર્દો**: તેની વ્યવસ્થા અને અટકાયતની આવશ્યક્તા સમજાવતું પુસ્તક-લેખક: હર્ષદરાય ઈશ્વરલાલ ઝાલા. ૦-૮-૦; **સૌરાષ્ટ્રના સુમરા**ને સામાજિક દષ્ટિએ થએલો અભ્યાસ: લેખક : ભગવાનલાલ લ. માંકડ. ૧-૦-૦.



ગણેશમૂર્તિ (શિલ્પી · કાન્તિલાલ પટેલ)

વામન (મિનિયેચર—નાના કદની) શિલ્પ-પ્રતિમાનું નિર્માણ કરવામાં આધુનિક શિલ્પકારો પૈકી જે બહુ જ થોડા સફળતા મેળવી શક્યા છે, તેમાં શ્રી કાન્તિલાલ પટેલનું કામ નવી જ ભાત પાડે છે. આપણી પ્રાચીન શિલ્પપરંપરાથી રૂઢ થએલી લાક્ષણિકતાઓવાળી એમણે ઘડેલી આ મૂર્તિમાં, પરંપરાગત અલંકરણો સાથે પ્રતીતિકર આકૃતિવિધાન અને સજીવતાનું આરોપણ કરીને એમણે પોતાના હસ્તકૌશલની સિદ્ધિ દાખવી છે. છેલ્લા ગાળામાં મૂર્તિઓ ઘડતા આપણા દેશના સલાટોનાં ટાંકણાંમાંથી પ્રાચીન શિલ્પનાં માર્દવ, સુરૂપતા અને કલ્પનાનો આજે લોપ થયો છે ત્યારે આવા નવસર્જક કલાકાર પાસે એક સારા કારીગરજૂથને તાલીમ અપાવવાની જરૂર છે. શ્રી કાન્તિલાલ પટેલે પોતાનું સાધનાક્ષેત્ર આણંદ પાસે વલ્લભવિદ્યાનગરમાં રાખ્યું છે અને તેમની શિલ્પકલા ઉત્તરોત્તર નવા સાહસ-પ્રદેશોમાં વિહરવા લાગી છે. આ તરુણ શિલ્પકાર ગુજરાતની કળામાં નવો પ્રાણ પૂરવાની આશા આપે છે.